શ્રી ઋષભદેવસ્વામિને નમઃ - શ્રી ગોડીજી - જિરાવલ્લા - સર્વોદય પાર્શ્વનાથેભ્યો નમઃ - શ્રી મહાવીરાય નમઃ - શ્રી ગૌતમ - સુધર્માદિ સર્વ ગણધરેભ્યો નમઃ - સદ્ગુરુદેવાય નમઃ।

# ૪૫ આગમનો સંક્ષિપ્ત ભાવાર્થ

સંકલન : અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ. સા.

## આગમ ૧

ચરણાનુયોગપ્રધાન આચારાંગ સૂત્ર - ૧

રચયિતા - પંચમ ગણધર શ્રી સુધર્મા સ્વામી

અન્યનામ : આચાર, વેદ, આકર, આશ્વાસ, આદર્શ, આચીર્ણ, આમોક્ષ વિ. છે.

| | |
|---|---|
| શ્રુતસ્કંધ | ૨ |
| અધ્યયન | ૨૫ |
| ઉદ્દેશક | ૮૫ |
| ચૂલિકા | ૪ |
| પદ | ૧૮,૦૦૦ |

| | |
|---|---|
| ઉપલબ્ધ પાઠ | ૨૫૦૦ શ્લોક પ્રમાણ |
| મૂળપાઠ ગદ્યસૂત્ર સંખ્યા | ૪૦૧ |
| મૂળપાઠ પદ્યસૂત્ર સંખ્યા | ૧૫૪ |

(૧) બ્રહ્મચર્ય શ્રુતસ્કંધમાં સાતમું અધ્યયન (મહાપરિજ્ઞા અધ્યયન લુપ્ત)

| | |
|---|---|
| અધ્યયન | ૯ |
| ઉદ્દેશક | ૫૧ |
| સૂત્રસંખ્યા | ૨૨૨ |
| ગાથા | ૧૧૫ |

(૨) આચારાંગ શ્રુતસ્કંધમાં ૧૬ અધ્યયન

| | |
|---|---|
| ઉદ્દેશક | ૩૪ |
| ચૂલિકા | ૪ |
| સૂત્રસંખ્યા | ૧૭૬ |
| ગાથા | ૩૯ |

(નોંધ : દ્વાદશાંગીની રચના કરતાં પ્રથમ આચારાંગની રચના કરાય છે. દરેક ગણધરોની દ્વાદશાંગીમાં બીજા અંગોના નામ જુદા જુદા હોય છે. પણ પહેલા અંગનું નામ તો આચારાંગ જ રાખવામાં આવે છે.)

### પ્રથમ શ્રુતસ્કંધ

**(૧) અધ્યયન : શસ્ત્રપરિજ્ઞા (જીવ - સંયમ)**

(૧) જીવ - અસ્તિત્ત્વ ઉદ્દેશક

ઉત્થાનિકા.

પૂર્વભવના સ્થાનનું અજ્ઞાન.

પૂર્વભવ અને પરભવ અજ્ઞાન.

પૂર્વભવ અને પરભવ જાણવાનો હેતુ.

આત્મવાદી આદિ.

કર્મબંધ પરિજ્ઞા.

કર્મબંધ પરિજ્ઞાવાળા જ મુનિ હોય છે.

(૨) પૃથ્વીકાય ઉદ્દેશક : અહિંસા : પૃથ્વીકાયના હિંસક, જીવોનું અસ્તિત્ત્વ, હિંસાથી વિરતમુનિ, અવિરત દ્રવ્યલિંગી, પૃથ્વીકાયની હિંસા, તેના હેતુ, તેનું ફળ, ફળના જાણનારા, એમાં અંધ થયેલાનું ઉદાહરણ, મૂર્છિતનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. તથા હિંસાથી નિવૃત્ત થવાનો ઉપદેશ છે.

(૩) અપ્કાય ઉદ્દેશક : આમાં અપ્કાય જીવોનું અસ્તિત્ત્વ, હિંસાથી વિરત થનાર મુનિ, અવિરત દ્રવ્યલિંગી, અપ્કાયની હિંસાના હેતુ, તેનું ફળ અને અપ્કાય આશ્રિત ઘણાં જીવોનું વર્ણન છે. તથા અપ્કાયની હિંસાથી નિવૃત્ત થવાનો ઉપદેશ છે.

(૪) અગ્નિકાય ઉદ્દેશક : એમાં અગ્નિકાય જીવોનું અસ્તિત્ત્વ, એની વેદના આદિનું વર્ણન છે. તથા એમની હિંસાથી નિવૃત્ત થનાર મુનિ, અવિરત દ્રવ્યલિંગી, તેના હેતુ, ફળ આદિનું વર્ણન કરવામાં આવ્યું છે. અને અગ્નિકાયની હિંસાથી નિવૃત્ત થવાનો ઉપદેશ છે.

(૫) વનસ્પતિકાય ઉદ્દેશક : આમાં અણગારના લક્ષણ, સંસારનું સ્વરૂપ વગેરે જણાવીને

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

વનસ્પતિકાયની બાબત જણાવી છે. વનસ્પતિકાયની હિંસાથી વિરતમુનિ, અવિરત દ્રવ્યલિંગી, તેનું ફળ વગેરેનું વર્ણન કરી માનવ શરીર સાથે વનસ્પતિકાયની તુલના કરવામાં આવી છે.

( ૬ ) ત્રસકાય ઉદ્દેશક : એમાં વિવિધ ત્રસજીવો, તેના ભિન્ન-ભિન્ન સુખદુઃખો, તેના લક્ષણો તથા પૃથ્વીકાય વગેરેના આશ્રિત ત્રસકાયિક જીવોનું વર્ણન છે. તેમજ ત્રસકાયિકની હિંસાથી વિરત મુનિ, અવિરત દ્રવ્યલિંગી, ત્રસકાય હિંસાના હેતુ અને ફળ જણાવી અંતે ત્રસકાયની હિંસાથી નિવૃત્ત થવાનો ઉપદેશ છે.

( ૭ ) વાયુકાય ઉદ્દેશક : એમાં વાયુકાયિકની હિંસાથી નિવૃત્ત થનાર સમર્થ વ્યક્તિનું વર્ણન છે તેમજ અહિંસક, સંયમી, વિરત મુનિ, અવિરત દ્રવ્યલિંગી, હિંસાનું ફળ, હિંસાપ્રચુર કર્મફળ વગેરેની વાત છે. તથા સમ્યક્ત્વીનું લક્ષણ બતાવી છેલ્લે છ-કાયજીવોની હિંસાના સર્વથા ત્યાગી મુનિની વાત જણાવી છે.

(પ્રથમ અધ્યયન પૂર્ણ)

**( ૨ ) અધ્યયન : લોકવિજય**

( ૧ ) સ્વજન ઉદ્દેશક : આમાં સંસારનું મૂલ કારણ, વિષયી જીવ, વિવેકહીનતા, અનિત્ય અને અશરણ ભાવનાનું વર્ણન કરી આત્મોપદેશ આપવામાં આવ્યો છે.

( ૨ ) અદઢતા ઉદ્દેશક : આમાં મુક્તિ, દ્રવ્યલિંગી, અ-મમત્વ, અહિંસા અને મુક્તિના માર્ગનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

( ૩ ) મદનિષેધ ઉદ્દેશક : એમાં ગોત્રમદનો નિષેધ, સંયમનો ઉપદેશ, વિષયીની વિપરીત પ્રરૂપણા, સંપત્તિ, મોહ, બાલજીવ વગેરેનું વર્ણન છે.

( ૪ ) ભોગાસક્તિ ઉદ્દેશક : આમાં ભોગથી થનારા રોગો, સંપત્તિમોહ, સ્ત્રીમોહ, કામ-ઈચ્છાની ભયંકરતા, સ્ત્રીથી સાવધાની વગેરે વાત જણાવી અશરણ ભાવના, એકત્વ ભાવના, ભોગથી વિરતિ, સંયમનું પાલન વગેરે વર્ણન છે.

( ૫ ) લોકનિશ્રા ઉદ્દેશક : આમાં આહાર અને તેનું પરિણામ, ન મળવાથી શોક અને મળવાથી હર્ષ, આહાર સંગ્રહનો નિષેધ, ક્રય-વિક્રયની વાત જણાવી કામભોગ, કામી વ્યક્તિ, વિષયગૃદ્ધ, આસક્તિ, સાવદ્યચિકિત્સાનો નિષેધ વગેરે વાત જણાવી છે.

( ૬ ) અ-મમત્વ ઉદ્દેશક : એમાં અહિંસક - હિંસક, અસંયત વક્તા, રતિ-અરતિ, રુક્ષ શુષ્ક આહાર, સુવસુ-દુર્વસુ મુનિ વગેરે જુદા જુદા પ્રકારના વર્ણનો કરી બાલજીવ માટે ઉપદેશ આપવામાં આવ્યો છે.

**( ૩ ) અધ્યયન : શીતોષ્ણીય**

( ૧ ) ભાવસુપ્ત ઉદ્દેશક : આમાં ભાવનિદ્રા, ભાવ જાગરણ, અમુનિ-મુનિ ના વર્ણનથી શરુઆત કરીને સોળ પ્રકારના ભાવો જણાવી લોકસંજ્ઞાના ત્યાગની વાત છે.

( ૨ ) ભાવ ઉદ્દેશક : જન્મ, જરા, મમત્વ વગેરે જુદાજુદા વર્ણનો પછી અહિંસાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

( ૩ ) અક્રિયા ઉદ્દેશક : આમાં અપ્રમાદનો ઉપદેશ, સમભાવ, આત્મગુપ્ત, રૂપવિરક્તિ, અન્ય તીર્થિઓની માન્યતાનું વર્ણન કરી પ્રપંચમુક્ત મુનિની વાત છે.

( ૪ ) કષાયવમન ઉદ્દેશક : એમાં કષાય વમનની વાત જણાવી જે जे एगं जाणइ से सव्वं जाणइ, जे सव्वं जाणइ से एगं जाणइ એ આચારાંગ સૂત્રના ખૂબ પ્રસિદ્ધ સૂત્રના અંતે કષાયજ્ઞાનનું સુંદર વર્ણન છે.

**( ૪ ) અધ્યયન : સમ્યક્ત્વ**

( ૧ ) સમ્યક્ત્વવાદ ઉદ્દેશક : આમાં અહિંસા સત્ય ધર્મ છે, ધર્મની દઢતા, ધર્મનો ઉપદેશ, ભોગીના જન્મ-મરણ, રત્નત્રયની આરાધના અને અપ્રમાદીનું વર્ણન છે.

( ૨ ) ધર્મપ્રવાહી પરીક્ષા : એમાં કર્મબંધ અને કર્મક્ષય હેતુઓમાં સમાનતા, ધર્મમાં અપ્રમાદ, નરકમાં જન્મ-મરણ, શ્રુત કેવલી અને કેવલીની સમાનતાનું કથન, કર્મવેદના વગેરે વાતો છે.

( ૩ ) અનવદ્ય તપ ઉદ્દેશક : આમાં ઉપેક્ષાભાવવાળો વિજ્ઞ છે, અહિંસા, દુઃખપરિજ્ઞા, આજ્ઞા-પંડિત, દુઃખ ક્રોધમૂલક છે વગેરે વાતો છે.

( ૪ ) સંક્ષેપવચન ઉદ્દેશક : આમાં સંયમ - તપશ્ચર્યામાં વૃદ્ધિ, વીરમાર્ગ, તપથી કૃશતા, નિષ્કર્મદર્શી વગેરેની વાતો છે.

**( ૫ ) અધ્યયન : લોકસાર (અવંતિ)**

( ૧ ) એકચર ઉદ્દેશક : આમાં હિંસા (અર્થ-અનર્થ) ની હિંસક ગતિ, વિષયેચ્છા ત્યાગ, મોહ, બાલજીવ, કુશાગ્રબિંદુનું ઉદાહરણ, મોહથી જન્મમરણ, સંશયથી સંસારજ્ઞાન, આસક્તિથી નરક વગેરે વાતો છે.

( ૨ ) વિરતમુનિ ઉદ્દેશક : આમાં નિર્દોષ આહાર, નશ્વર શરીર, રત્નત્રય આરાધના, પરિગ્રહ મહાભય અને અપરિગ્રહની વાતો છે.

( ૩ ) અપરિગ્રહ ઉદ્દેશક : આમાં અપરિગ્રહ, સમતાધર્મ, સંયમના ચાર ભાંગા, આત્મદમન, તપોધન વગેરેની વાતો છે.

( ૪ ) અવ્યક્ત ઉદ્દેશક : એમાં અવ્યક્ત (અ-ગીતાર્થ) એકલવિહારી, હિત-શિક્ષા આપવાથી થતો કોપ, કર્મક્ષય માટેનો પ્રયત્ન વગેરે વાતો છે.

( ૫ ) હ્રદોપમ ઉદ્દેશક : એમાં આચાર્યને જલાશયની ઉપમા આપી છે અને અહિંસાના

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

મનોવિજ્ઞાનની વાતો છે.

(૬) ઉન્માર્ગવર્જન ઉદ્દેશક : આમાં આજ્ઞાધર્મ, તત્ત્વદર્શન, સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતનું જ્ઞાન, ગતિ-આગતિ, મુક્ત આત્માનું સ્વરૂપ વગેરે વર્ણન છે.

**(૬) અધ્યયન : ધૂત**

(૧) સ્વજન વિધૂનન ઉદ્દેશક : આમા મુક્તિમાર્ગનું કથન, સોળ રોગો, ધૂતવાદ વગેરેનું વર્ણન છે.

(૨) કર્મવિધૂનન ઉદ્દેશક : આમાં કુશીલ મહામુનિ, સમ્યક્દષ્ટિ, એકચર્યા વગેરે વાતો છે.

(૩) ઉપકરણ-શરીર વિધૂનન ઉદ્દેશક : એમાં અચેલ પરીષહ, કષાય મુક્તિ, અરતિ વગેરેનું વર્ણન છે.

(૪) ગૌરવત્રિક વિધૂનન ઉદ્દેશક : આમાં કુશિષ્ય, બાલ, પાપશ્રમણની વાતો કરી અંતે સંયમનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

(૫) ઉપસર્ગ-સન્માન વિધૂનન ઉદ્દેશક : એમાં ઉપસર્ગ સહન, ધર્મોપદેશ, કષાય વિજય અને અંતે પારગામી (પાદપોપગમન) મુનિનું વર્ણન છે.

**(૭) અધ્યયન : મહાપરિજ્ઞા**

આ અધ્યયન અનુપલબ્ધ છે. આચારાંગ નિર્યુક્તિમાં આના આઠ ઉદ્દેશકો બતાવ્યા છે, જ્યારે સમવાયાંગ ટીકામાં સાત ઉદ્દેશકો કહ્યા છે. વળી એને આઠમું અધ્યયન માન્યું છે.

**(૮) અધ્યયન : વિમોક્ષ**

(૧) અસમનોજ્ઞ વિમોક્ષ ઉદ્દેશક : એમાં ભિક્ષુનો વ્યવહાર, આશુપ્રજ્ઞ મુનિ વગેરેનું વર્ણન છે.

(૨) અકલ્પનીય વિમોક્ષ ઉદ્દેશક : એમાં ઔદ્દેશિક વિગેરે છ દોષ સહિત આહાર, વસ્ત્ર, પાત્ર, વસતિ ગ્રહણ કરવાનો નિષેધ વગેરે વાતો છે.

(૩) અંગચેષ્ટા ભાષિત ઉદ્દેશક : આમાં દીક્ષા, સમતા, અપરિગ્રહી, દિનચર્યા, એકચર્યા વગેરેની વાતો છે.

(૪) વેહાનસાદિ મરણ ઉદ્દેશક : આમાં ત્રણ વસ્ત્રધારી, એકપાત્રધારીમુનિનો આચાર, જીર્ણવસ્ત્ર ત્યાગ તથા અસહ્ય શીતાદિકના ઉપસર્ગ થવાથી વૈહાનસ મરણ સ્વીકારવાની વાત છે.

(૫) ગ્લાન-ભક્ત-પરિજ્ઞા ઉદ્દેશક : આમાં બે વસ્ત્ર અને એકપાત્ર ધારી શ્રમણનો આચાર અને સેવાના ચાર ભાંગા વગેરે વાતો છે.

(૬) એકત્વ ભાવના ઈંગિત મરણ ઉદ્દેશક : આમાં એકવસ્ત્ર અને એક પાત્રધારી શ્રમણનો આચાર તથા ઈંગિત મરણનું મહત્ત્વ વગેરે વાતો છે.

(૭) પડિમા પાદપોપગમન ઉદ્દેશક : આમાં અચેલ પરીષહ અને લજ્જાપરીષહ ન સહન કરી શકે તો એક કટીવસ્ત્ર લેવાનું વિધાન, અચેલ તપ, પાદપોપગમન મરણની વિધિ વગેરે વાતો છે.

(૮) ભક્ત, ઈંગિત, પાદપોપગમન મરણ ઉદ્દેશક : એમાં નામ પ્રમાણે વિધિની વાતો છે.

**(૯) અધ્યયન : ઉપધાન શ્રુત**

(૧) ચર્યા ઉદ્દેશક : આમાં ભગવાન મહાવીરના વિહારપરીષહની ક્ષમતા તથા તેમના ઉપદેશની વાત સાથે દેવદૂષ્ય વસ્ત્રનો ત્યાગ વગેરે વાતો છે.

(૨) શય્યા ઉદ્દેશક : એમાં ભગવાન મહાવીર સ્વામીએ વિવિધ વસતિઓમાં કરેલા વિહાર વગેરેનું વર્ણન છે.

(૩) પરીષહ ઉદ્દેશક : આમાં ભગવાન મહાવીરનો લાટદેશમાં વજ્રભૂમિ તથા શુભ્ર ભૂમિમાં વિહાર અને તે દરમિયાન થયેલા પરીષહોનું વર્ણન છે.

(૪) આતંકિત ઉદ્દેશક : એમાં ભગવાન મહાવીરની તપશ્ચર્યા, અપ્રમત્ત જીવન વગેરેનું વર્ણન છે.

## દ્વિતીય શ્રુતસ્કંધ

**(૧) પ્રથમ ચૂલિકા**

**(૧) અધ્યયન : પિંડૈષણા**

પહેલા ઉદ્દેશકમાં આહાર માટેના વિધાનો, પરઠવવાની વાત અને વિહાર વગેરેના વિધિ-નિષેધની વાતો છે.

બીજા ઉદ્દેશકમાં સામૂહિક ભોજ, મૃતક ભોજ, ઉત્સવભોજ તેમજ અન્ય બાબતોના વિધિ-નિષેધની વાતો છે.

ત્રીજા ઉદ્દેશકમાં રોગોત્પત્તિની સંભાવનામાં સંખડી ભોજન લેવાનો નિષેધ, સંદિગ્ધ આહારનો નિષેધ, વરસાદ, ધુમ્મસ, ડમરી વગેરે સમયમાં ભિક્ષા માટે પ્રવેશ વિધિ, શૌચ સ્વાધ્યાય ભૂમિ, વિહાર ભૂમિ વગેરે વાતો છે.

ચોથા ઉદ્દેશકમાં નિર્દિષ્ટ કુળોમાં આહાર લેવાનો નિષેધ, ગાયો દોહવાતી હોય ત્યાં શું કરવાનું, માર્ગમાં જીવ-જંતુ હોય કે ઘણી જ ભીડ હોય તો શું કરવાનું વગેરે વાતો છે.

પાંચમાં ઉદ્દેશકમાં અગ્રપિંડ લેવાનો નિષેધ, ભિક્ષા માટે સમમાર્ગથી જવાનું વિધાન, માર્ગમાં અશુભ પુદ્ગલોથી લિપ્ત શરીરને લૂંછવાના વિધિ વગેરે વાતો છે.

છઠા ઉદ્દેશકમાં કૂકડા વગેરે દાણ ચરતા હોય, ઔદ્દેશિક (કાલત્રય) થયેલો હોય


Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરે જુદી જુદી સાત વાતોમાં આહાર લેવાનો નિષેધ છે.

સાતમા ઉદ્દેશકમાં ઊંચા સ્થાન પર, પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વનસ્પતિકાય, ત્રસકાય વગેરે ઉપર મૂકેલો આહાર લેવાનો નિષેધ તથા પાણી લેવાનો વિધિ વગેરે વાતો કરવામાં આવી છે.

આઠમા ઉદ્દેશકમાં કેરી વગેરેનું અપ્રાસુક (સચિત્ત) લેવાનો નિષેધ તથા બીજી ચૌદ જેટલી વસ્તુ અપ્રાસુક કે અપક્વ હોય તો લેવાના નિષધની વાત જણાવી છે.

નવમા ઉદ્દેશકમાં આહારની વિધિ, પાણી પીવાની વિધિ, માંસાહારી ઘરના આહારનો ત્યાગ વગેરે વાતો જણાવી છે.

દસમા ઉદ્દેશકમાં શ્રમણસમૂહ માટે પ્રાપ્ત થયેલા આહારની પરિભોગવિધિ તથા શેરડી વગેરે અલ્પ ખાદ્ય પણ અધિક ત્યાજ્ય પદાર્થોનું વર્ણન છે.

અગિયારમા ઉદ્દેશકમાં ગ્લાન માટે સાત પ્રકારની પિંડૈષણા અને સાત પ્રકારની પાણૈષણાની વિધિઓ બતાવી છે.

**(૨) અધ્યયન : શય્યૈષણા**

પહેલા ઉદ્દેશકમાં ઉપાશ્રય આદિમાં ઉતરવાના વિધિ-નિષેધની સવિસ્તર માહીતિ આપવામાં આવી છે.

બીજા ઉદ્દેશકમાં વિવિધ સ્થાનોમાં ઉતરવા માટે સવિસ્તર માહીતિ આપવામાં આવી છે.

ત્રીજા ઉદ્દેશકમાં શય્યાતર ઘર અને એ સંબંધી વીગતો તથા ચાર સંસ્તારક પડિમાનો નિષેધ આપવામાં આવ્યો છે.

**(૩) અધ્યયન : ઈર્યા**

પહેલા ઉદ્દેશકમાં ચોમાસામાં વિહારના નિષેધ અને વિશેષ વિધાનોનું વર્ણન છે.

બીજા ઉદ્દેશકમાં નાવમાં બેઠા પછી આવતા ઉપસર્ગો અને વિવિધ વિહારમાર્ગોની વાત છે.

ત્રીજા ઉદ્દેશકમાં ગુરુદેવ, આચાર્ય, ઉપાધ્યાય સાથે વિવેકપૂર્વક બોલવાની વાત તથા પથિકોને પ્રશ્નોના ઉત્તર આપવાનો નિષેધ વર્ણિત છે.

**(૪) અધ્યયન : ભાષાજાત**

(૧) વચનવિભક્તિ ઉદ્દેશક : આમાં સોળ પ્રકારના વચનોનો વિવેકપૂર્વક પ્રયોગ તથા ચાર પ્રકારની ભાષા અને એનું ત્રૈકાલિક રૂપ વગેરેનું વર્ણન છે.

(૨) ક્રોધાદિ ઉત્પત્તિ વર્જન ઉદ્દેશક : એમાં રોગી માટે, આહાર સંબંધી, મનુષ્ય-પશુ સંબંધી, ફળ અને ધાન્ય સંબંધી, સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દ આદિ સંબંધી સાવદ્ય-નિરવદ્ય ભાષાપ્રયોગનું વર્ણન છે.

**(૫) અધ્યયન : વસ્ત્રૈષણા**

(૧) વસ્ત્રગ્રહણ વિધિ ઉદ્દેશક : એમાં છ પ્રકારના વસ્ત્ર, ચાર પ્રકારની ચાદર, ચાર વસ્ત્ર પડિમા વગેરેની વિસ્તૃત ચર્ચા સાથે નિર્ગ્રંથ મુનિએ લેવાના વિષે વિધિનિષેધો આપ્યા છે.

(૨) વસ્ત્રધારણ વિધિ ઉદ્દેશક : એમાં ભિક્ષા સમયે, સ્વાધ્યાય સ્થાનમાં, શૌચ સ્થળમાં જતી વખતે બધા વસ્ત્રો સાથે લઈ જવાનું વિધાન તથા અટવીમાં ચોર વગેરેના ઉપદ્રવો વખતે સમભાવ રાખવાની વાતો છે.

**(૬) અધ્યયન : પાત્રૈષણા**

એના એક ઉદ્દેશકમાં ત્રણ પ્રકારના પાત્રનું વિધાન, નિર્ગ્રંથ મુનિ માટે પાત્રવિધાન તથા ચાર પાત્રપડિમા વગેરેનું વર્ણન છે.

**(૭) અધ્યયન : અવગ્રહ પ્રતિમા**

પહેલા ઉદ્દેશકમાં અદત્તાદાનનો સર્વથા નિષેધ, સાથી મુનિઓની વસ્તુઓ આજ્ઞાપૂર્વક લેવાનું વિધાન, સોય, કાતર વગેરે પરત આપવાની વિધિ વગેરે વાતો છે.

બીજા ઉદ્દેશકમાં આમ્રવન, શેરડીવન, લસણવન, સાત અવગ્રહ પડિમા વગેરેનું વર્ણન છે.

**દ્વિતીય ચૂલિકા**

**(૮) અધ્યયન : સ્થાન**

(૧) સ્થાન સપ્તૈકક : એના એક ઉદ્દેશકમાં ચાર પ્રકારની સ્થાન (ધ્યાન યોગ જગ્યા) ની પડિમાનું વર્ણન છે.

**(૯) અધ્યયન : નિષીધિકા**

(૨) નિષીધિકા સપ્તૈકક : એના એક ઉદ્દેશકમાં નિષીધિકા (સ્વાધ્યાય માટેના સ્થાન)નું વર્ણન તથા બેસવાના વિધિની વાત જણાવી છે.

**(૧૦) અધ્યયન : ઉચ્ચાર પ્રશ્રવણ**

(૩) ઉચ્ચાર - પ્રશ્રવણ સપ્તૈકક : આમાં સ્થંડિલભૂમિમાં મલોત્સર્ગ (શૌચ) જવાના વિધિ-નિષેધો બતાવ્યા છે તથા ઓગણીસ જેટલા સ્થાનોમાં મલોત્સર્ગ કરવાના નિષેધો છે.

**(૧૧) અધ્યયન : શબ્દ**

(૪) શબ્દ સપ્તૈકક : આમાં મૃદંગ, વીણા, તાલ, શંખ વગેરે વાદ્ય સાંભળવા જવાનો નિષેધ તથા સંગીત વગેરે સાંભળવાનો નિષેધ અને વાજિંત્ર વાગતા હોય તેવા ૧૪ (ચૌદ) સ્થાનોમાં જવાનો નિષેધ છે.

**(૧૨) અધ્યયન : રૂપ**

(૫) રૂપ સપ્તૈકક : એમાં ગૂંથેલી માળા વગેરે અને કિલ્લો, દરિયાકાંઠો, બગીચો,

Jain Education International 2010_03

For Private & Personal Use Only
www.jainelibrary.org

વિવાહસ્થળ, કલહસ્થળ, વધસ્થળ વગેરે સ્થળોએ અવલોકન કરવાનો નિષેધ છે.

**(૧૩) અધ્યયન : પરક્રિયા**

(૬) પરક્રિયા સપ્તૈકક : આમાં ગૃહસ્થ પાસે પગપ્રમાર્જન, મર્દન, સ્પર્શ, માલીશ તેમજ લેપન કરાવવું, પગ ધોવડાવવા તથા કાંટો, રસી વગેરે કઢાવવા જેવા શરીરના જુદા જુદા ૧૩ (તેર) વિષયોનું વર્ણન તથા ચિકિત્સાની વીગતો જણાવવામાં આવી છે.

**(૧૪) અધ્યયન : અન્યોન્યક્રિયા**

(૧) અન્યોન્ય સપ્તૈકક : એમાં સાધુ પાસે પગ પ્રમાર્જન વગેરે વાતો છે.

**તૃતીય ચૂલિકા**

**(૧૫) અધ્યયન : ભાવના**

આમાં ભગવાન મહાવીર સ્વામીના ચ્યવન, જન્મ, દીક્ષા, મોક્ષ તથા ભગવાનના કુટુંબી જનના ત્રણ ત્રણ નામ તથા પાંચ મહાવ્રતની પાંચ ભાવનાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

**ચતુર્થ ચૂલિકા**

**(૧૬) અધ્યયન : વિમુક્તિ**

એમાં અનિત્ય ભાવના તેમજ મુનિને હાથી, પર્વત, સર્પ- કાંચળી અને સમુદ્ર વગેરે જુદી-જુદી ઉપમાઓ આપી છે તથા અંતકૃત્ મુનિ અને મોક્ષગામી મુનિનું વર્ણન છે.

## આગમ ૨

### દ્રવ્યોનુયોગ પ્રધાન સૂત્રકૃતાંગ સૂત્ર - ૨

અન્યનામ : સૂયગડ, સૂતગડ, સૂત્તકડ.

શ્રુતસ્કંધ ------------------ ૨

અધ્યયન ---- ------------૨૩

ઉદ્દેશક --- ----------------૩૩

પદ ----------------------- ૩૬,૦૦૦

ઉપલબ્ધ પાઠ ------------ ૨૧૦૦ શ્લોક પ્રમાણ

ગદ્યસૂત્ર ----- ------------ ૮૫

પદ્ય -------------------- ૭૧૯

| પ્રથમ શ્રુતસ્કંધ | દ્વિતીય શ્રુતસ્કંધ |
|---|---|
| અધ્યયન ---- ૧૬ | અધ્યયન ---- ૭ |
| ઉદ્દેશક ----- ૨૬ | ઉદ્દેશક ----- ૭ |
| ગદ્યસૂત્ર ------૪ | ગદ્યસૂત્ર ---- ૮૧ |
| પદ્યસૂત્ર ---- ૬૩૧ | પદ્યસૂત્ર ---- ૮૮ |

**પ્રથમ શ્રુતસ્કન્ધ :**

**(૧) અધ્યયન : સમય**

પહેલા ઉદ્દેશકમાં પરિગ્રહના સર્વથા ત્યાગથી મુક્તિ, બંધન તોડવા માટેની પ્રેરણા, હિંસાથી વૈરની વૃદ્ધિ, આત્મા દ્વૈતવાદ, દેહાત્મવાદ, અકારક વાદ, આત્મષષ્ઠવાદ, અફલવાદ અને વાદીઓના નિષ્ફળ જીવનની વાતો જણાવી છે.

બીજા ઉદ્દેશકમાં નિયતિવાદ, અજ્ઞાનવાદ, જ્ઞાનવાદ અને ક્રિયાવાદની વાતો જણાવી છે.

ત્રીજા ઉદ્દેશકમાં આધાકર્મ આહારનો નિષેધ, વિ. મુનિપણાના આચારની સારી સમજણ આપી છે. જગત્કર્તૃત્વવાદ, ત્રૈરાશિકવાદ, અનુષ્ઠાનવાદની વાતો છે.

ચોથા ઉદ્દેશકમાં પરિગ્રહધારી શ્રમણોથી દૂર રહેવું અને અહિંસા, કષાયજય, પાંચ સમિતિ, પાંચ સંવરની વાતો જણાવી છે.



Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**(૨) અધ્યયન : વૈતાલીય**

પહેલા ઉદ્દેશકમાં માનવભવની દુર્લભતા, આયુષ્યની અનિત્યતા જણાવી અંતે મોહવિજયની વાત કરી છે.

બીજા ઉદ્દેશકમાં નિંદાનો નિષેધ, પરિગ્રહનો નિષેધ, મદનો નિષેધ, મમત્વનો નિષેધ જણાવી અંતે મુક્તિમાર્ગની વાત જણાવી છે.

ત્રીજા ઉદ્દેશકમાં સંવર અને નિર્જરાથી મુક્તિ, સ્તુતિપૂજાનો નિષેધ જણાવી અંતે ભગવાનની અને એના અનુયાયીઓની સમાન પ્રરૂપણાની વાત કહી છે.

**(૩) અધ્યયન : ઉપસર્ગ**

પહેલા ઉદ્દેશકમાં પ્રતિકૂળ ઉપસર્ગ,

બીજા ઉદ્દેશકમાં અનુકૂળ ઉપસર્ગ,

ત્રીજા ઉદ્દેશકમાં પરવાદિ વચનોની વિસ્તૃત વાત અને

ચોથા ઉદ્દેશકમાં યથાવસ્થિત અર્થપ્રરૂપણાની વાત કહી છે.

**(૪) અધ્યયન : સ્ત્રીપરિજ્ઞા**

આ અધ્યયનના બંને ઉદ્દેશકોમાં સ્ત્રીપરીષહનું વિસ્તૃત વર્ણન કર્યું છે.

**(૫) અધ્યયન : નરકવિભક્તિ**

પહેલા ઉદ્દેશકમાં નરકની વેદના અને બીજા ઉદ્દેશકમાં પાપી જીવો ચાર ગતિમાં ભ્રમણ કરે છે તે વાત જણાવી છે.

**(૬) અધ્યયન : વીરસ્તુતિ**

તેના એક ઉદ્દેશકમાં ભગવાન મહાવીરના ગુણાનુવાદ અને ઉપમાયુક્ત વિસ્તૃત વર્ણન કર્યું છે.

**(૭) અધ્યયન : સુશીલ પરિભાષા**

તેના એક ઉદ્દેશકમાં હિંસક માણસ જે જીવોની હત્યા કરે છે એ જીવયોનિમાં ઉત્પન્ન થઈને વેદના ભોગવે છે. તે વાત જણાવી છે. અંતે રાગદ્વેષથી નિવૃત્ત થઈ ઉપસર્ગ સહન કરી મોક્ષપ્રાપ્તિની વાત જણાવી છે.

**(૮) અધ્યયન : વીર્ય**

આના એક ઉદ્દેશકમાં વીર્યના બે ભેદો- બાલવીર્ય અને પંડિતવીર્યની વાત જણાવી છે.

**(૯) અધ્યયન : ધર્મ**

આના એક ઉદ્દેશકમાં ધર્મના સ્વરૂપની પૃચ્છા, ઉપદેશ અને અંતે મોક્ષપર્યંત કષાયના ત્યાગની વાત જણાવી છે.

**(૧૦) અધ્યયન : સમાધિ**

આના એક ઉદ્દેશકમાં ધર્મશ્રવણની પ્રેરણા અને અંતે જન્મમરણની આશાને ત્યજનાર તેમજ સમભાવ રાખનાર મુક્ત થાય છે તે વાત જણાવી છે.

**(૧૧) અધ્યયન : માર્ગ**

આના એક ઉદ્દેશકમાં મોક્ષમાર્ગ માટે પ્રશ્ન અને અંતે જીવનપર્યંત શુદ્ધ આહાર લેવાનો ઉપદેશ છે.

**(૧૨) અધ્યયન : સમવસરણ**

આના એક ઉદ્દેશકમાં ચાર વાદ (૧) અજ્ઞાનવાદી, (૨) વિનયવાદી, (૩) અક્રિયવાદી અને (૪) શૂન્યતાવાદીની વાત જણાવી અંતે અનાસક્ત રહેવાનો ઉપદેશ છે.

**(૧૩) અધ્યયન : યથાતથ્ય**

આના એક ઉદ્દેશકમાં શીલ અને અશીલનું રહસ્ય અને અંતે હિંસા અને માયાના ત્યાગની વાત જણાવી છે.

**(૧૪) અધ્યયન : ગ્રંથ**

આના એક ઉદ્દેશકમાં અપરિગ્રહ, બ્રહ્મચર્ય, આજ્ઞાપાલન અને અપ્રમાદનો ઉપદેશ આપી અંતે સૂત્રનું શુદ્ધ ઉચ્ચારણ તેમજ યથાર્થ અર્થ કરવાવાળા તપસ્વીને ભાવસમાધિ પ્રાપ્ત થાય છે તે જણાવ્યું છે.

**(૧૫) અધ્યયન : આદાન**

આના એક ઉદ્દેશકમાં દર્શનાવરણીયના ક્ષયથી ત્રિકાળજ્ઞાન અને અંતે રત્નત્રયીની આરાધનાથી ભવભ્રમણના અટકવાની વાત જણાવી છે.

**(૧૬) અધ્યયન : ગાથા**

આના એક ઉદ્દેશકમાં અણગારના ચાર પર્યાય- (૧) માહણ, (૨) શ્રમણ (૩) ભિક્ષુ અને (૪) નિર્ગ્રન્થ ની વ્યાખ્યાઓ કરી છે.

## દ્વિતીય શ્રુતસ્કંધ

**(૧) અધ્યયન : પુંડરીક**

આના એક ઉદ્દેશકમાં પુષ્કરિણી (વાવ) માં અનેક કમળોના મધ્યમાં પદ્મવર પુંડરીક (કમળ) ના દ્દષ્ટાંતથી કર્મ-જીવ-વિષય-ધર્મ વગેરે સમજાવીને અંતે શ્રમણના ૧૪ (ચૌદ) પર્યાયો બતાવ્યા છે.

**(૨) અધ્યયન : ક્રિયાસ્થાન**

આના એક ઉદ્દેશકમાં બે પ્રકારના સ્થાન (૧) ધર્મસ્થાન અને અધર્મસ્થાન તેમજ (૨) ઉપશાંત સ્થાન અને અનુપશાંત સ્થાન, ૧૩ (તેર) ક્રિયાસ્થાનની વાત જણાવી


Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

અંતે ૧૨ (બાર) ક્રિયાસ્થાન સેવનારાઓનું ભવભ્રમણ અને તેરમું ક્રિયા સ્થાન સેવનારની સિદ્ધિગતિની વાત જણાવી છે.

**(૩) અધ્યયન : આહાર પરિજ્ઞા**

આના એક ઉદ્દેશકમાં ચાર પ્રકારના બીજ - વનસ્પતિઓની ઉત્પત્તિઓનું કારણ અને અંતે સર્વ પ્રાણભૂત જીવ અને સત્ત્વના જ્ઞાતા મુનિ ગુણોના ધારક બને છે એ વાત જણાવી છે.

**(૪) અધ્યયન : પ્રત્યાખ્યાન**

આના એક ઉદ્દેશકમાં અપ્રત્યાખ્યાની આત્મા દ્વારા હંમેશાં પાપકર્મોનું ઉપાર્જન થાય છે તે જણાવી અંતે છ-કાય જીવોની હિંસાથી વિરક્ત મુનિ એકાંત પંડિત છે એમ જણાવે છે.

**(૫) અધ્યયન : આચારસૂત**

આના એક ઉદ્દેશકમાં અનાચારનું સેવન ન કરવાનો ઉપદેશ આપી અંતે મોક્ષપર્યંત ધર્મની આરાધનાની વાત કહી છે.

**(૬) અધ્યયન : આર્દ્રકીય**

આના એક ઉદ્દેશકમાં ગોશાલક અને આર્દ્રકુમારના સંવરની વાત જણાવી છે.

**(૭) અધ્યયન : નાલંદીય**

આના એક ઉદ્દેશકમાં રાજગૃહી નગરીનું ઉપનગર નાલંદા છે તેમાં ગાથાપતિના ધાર્મિક જીવનનું વર્ણન કરી પાર્શ્વાપત્ય પેંઢાલપુત્ર તથા ગૌતમ નો સવાંદ છે. અંતે ભગવાન મહાવીર સ્વામી પાસે પેંઢાલપુત્ર પંચ મહાવ્રત સ્વીકાર કરે છે. તે સાથે આ અંગ પૂર્ણ થાય છે.

## આગમ - ૩

### દ્રવ્યાનુયોગ પ્રધાન સ્થાનાંગ સૂત્ર - ૩

અન્યનામ : ઠાણ - સ્થાન.

| | |
|---|---|
| શ્રુતસ્કંધ | ૧ |
| સ્થાન | ૧૦ |
| ઉદ્દેશક | ૨૧ |
| પદ | ૧૨,૦૦૦ |
| ઉપલબ્ધ પાઠ | ૩૭૭૦ શ્લોક |
| ગદ્યસૂત્ર | ૭૮૩ |
| પદ્યસૂત્ર | ૧૬૯ |

(ઠાણાંગ - સમવાયાંગના જ્ઞાતા શ્રુતસ્થવિર કહેવાય છે.)

### શ્રુતસ્કન્ધ

**(૧) પ્રથમ સ્થાન**

પ્રથમ ઉદ્દેશકમાં આત્મા, દંડ, ક્રિયા, લોક વગેરે અલગ અલગ પદાર્થોનું એક એક દષ્ટિકોણથી વર્ણન કરી અંતે પુદ્ગલનું વર્ણન કર્યું છે.

**(૨) દ્વિતીય સ્થાન**

પહેલા ઉદ્દેશકમાં લોકમાં બે પ્રકારના પદાર્થો છે તેનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. એના મુખ્ય મુદ્દા : જીવ-અજીવ છે, એમાં જીવના સયોનિ - અયોનિ અને અજીવમાં ધર્મ-અધર્મ વગેરેનું વર્ણન, ક્રિયાવિચારમાં બે પ્રકારની ક્રિયા, જ્ઞાનના બે ભેદો, સંયમના બે પ્રકારો અને અંતે દિશાવિચારની વાત જણાવી છે.

બીજા ઉદ્દેશકમાં ચોવીસ દંડકોમાં વેદના વગેરે ૧૯ (ઓગણીસ) વસ્તુઓનું વર્ણન કરી, લોકમાં બે પ્રકારના આત્માની વાત જણાવી છે. અંતે ભક્તપતિ આદિ કલ્પોત્પન્ન અને કલ્પજાત એમ બે પ્રકાર બતાવ્યા છે.

ત્રીજા ઉદ્દેશકમાં શબ્દના બે પ્રકારોથી શરુ કરી વિવિધ વસ્તુઓનું વિસ્તૃત વર્ણન કરી અંતે ગ્રૈવેયક દેવોની ઉંચાઈની વાત જણાવી છે.

ચોથા ઉદ્દેશકમાં પચાસ સમય-બાધક નામ જણાવી અંતે બે ગુણ હોય એમ રુક્ષ પુદ્ગલો અનંત છે તેનું વર્ણન કરેલું છે.



Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**(૩) તૃતીય સ્થાન**

પહેલા ઉદ્દેશકમાં ત્રણ પ્રકારના ઈન્દ્ર અને ત્રણ પ્રકારે વિવિધ વસ્તુઓનું વિસ્તૃત વર્ણન કરી અંતે ચંદ્ર-સૂર્ય-જંબૂદ્વીપની પ્રજ્ઞપ્તિની વાત જણાવી છે.

બીજા ઉદ્દેશકની શરૂઆતમાં ત્રણ પ્રકારના ભાવલોક અને વિવિધ વસ્તુઓનું વિસ્તૃત વર્ણન કરી અંતે દુ:ખના સંબંધમાં ત્રણ પ્રશ્નોના ઉત્તર આપી, દુ:ખની વેદનાના સંબંધમાં અન્ય તીર્થિકોનું મંતવ્ય અને એનું નિરાકરણ છે.

ત્રીજા ઉદ્દેશકમાં ત્રણ કારણોથી માયાયુક્ત આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, ખરાબ વિચારોનો નાશ, વિશુદ્ધિ વગેરે ન કરનારનું વર્ણન કર્યા પછી વિવિધ વસ્તુઓનું વિસ્તૃત વર્ણન કરી અંતે ત્રણ પ્રકારની કથા, ત્રણ પ્રકારનો નિશ્ચય વગેરે વર્ણન છે.

ચોથા ઉદ્દેશકમાં પ્રતિમાધારી ત્રણ ઉપાશ્રયો વગેરેનું વર્ણન કર્યા બાદ જુદી જુદી વસ્તુઓનું વિસ્તૃત વર્ણન કરી અંતે ત્રણ પ્રદેશી સંઘની વાત જણાવી છે.

**(૪) ચતુર્થ સ્થાન**

પહેલા ઉદ્દેશકની શરૂઆતમાં ચાર અન્તક્રિયાથી સિદ્ધિગતિ પ્રાપ્ત થવાના ઉપાય બતાવ્યા છે, જેવા કે : ઉન્નતપ્રણત, ઉન્નતપરિણત, પ્રણતપરિણત, ઉન્નત મન, પ્રણત મન વગેરે. ત્યારબાદ ઋજુ-વક્ર વર્ણન કર્યા પછી શુદ્ધ-અશુદ્ધ પરિણત મનનું વર્ણન, સત્ય-અસત્યનું વર્ણન અને અંતે ચંદ્ર પરગામિ ચાર અંગ, બાહ્ય પ્રજ્ઞપ્તિનું વર્ણન છે.

બીજા ઉદ્દેશકમાં કષાયનિગ્રહથી શરુઆત કરી વિવિધ વસ્તુઓનું વિસ્તારપૂર્વક વર્ણન અને અંતે ચાર પ્રકારનો સંયમ, ચાર પ્રકારનો ત્યાગ, ચાર પ્રકારની અકિંચનતાનું વર્ણન છે.

ત્રીજા ઉદ્દેશકમાં ચાર પ્રકારના ક્રોધ, ક્રોધની ગતિનું વર્ણન, ચાર પ્રકારનું ગણિત, નરક વગેરે અધોલોકમાં અંધકાર કરનારા ચાર અને સૂર્ય, ચંદ્ર વગેરે તિર્યક્ તેમજ ઊર્ધ્વલોકમાં ઉદ્યોત કરનારા ચારનું વર્ણન છે.

ચોથા ઉદ્દેશકમાં ચાર પ્રકારના પ્રવાસીની વાત જણાવી નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવતાના ચાર આહારનું વર્ણન કરી વિવિધ પદાર્થોના વર્ણન પછી અંતે પુદ્ગલોનું વર્ણન છે.

**(૫) પંચમ સ્થાન**

પહેલા ઉદ્દેશકમાં પાંચ મહાવ્રત, પાંચ અણુવ્રતની વાત જણાવી વિવિધ વસ્તુઓનું વર્ણન કરી અંતે પદ્મપ્રભ વગેરે ૧૪ (ચૌદ) પરમાત્માના એક જ નક્ષત્રમાં પાંચ કલ્યાણકોની વાત જણાવી છે.

બીજા ઉદ્દેશકમાં એક માસમાં બે-ત્રણ વાર પાંચ નદીઓ ઓળંગવાનો નિષેધ જણાવી અપવાદમાં એ નદીઓને ઓળંગવાનું વિધાન પણ બતાવ્યું છે. તથા પ્રથમ વર્ષા થવાથી વિહાર કરવાના નિષેધમાં અપવાદરૂપ વિધાન જણાવ્યું છે. અંતે આચાર્ય અને ઉપાધ્યાયના ગણવિષયક પાંચ અતિશયની અને પાંચ કારણની વાત જણાવી છે.

ત્રીજા ઉદ્દેશકમાં પાંચ પ્રકારના અસ્તિકાય, ગતિ, ઈન્દ્રિયોના વિષય, મુંડન વગેરેની વાત જણાવી વિવિધ વર્ણનો કરી અંતે પાંચ સ્થાનોમાં પાંચ કર્મોના પુદ્ગલોનું ચયન, ઉપચયન, બંધ, ઉદીરણા, વેદના, નિર્જરા તથા પુદ્ગલની વાત જણાવી છે.

**(૬) ષષ્ઠ સ્થાન**

આના એક ઉદ્દેશકમાં ગણમાં રહેવા યોગ્ય છ પ્રકારના અણગારની વાત જણાવી વચ્ચે પૃથ્વી આદિ છ કાયિકોના ગતિ-આગતિ, છ દિશાઓમાં જીવોના ગતિ-આગતિ વગેરે વિસ્તૃત વર્ણન કરી અંતે છ સ્થાનોમાં પાપકર્મની વેદના, નિર્જરા, છ પ્રાદેશિક સ્કંધ, પુદ્ગલ વગેરેની વાત જણાવી છે.

**(૭) સપ્તમ સ્થાન**

આના એક ઉદ્દેશકમાં સાધુને ગણમાંથી કાઢી મૂકવાના સાત કારણોનું વર્ણન કરી વચ્ચે વચ્ચે સંઘ વ્યવસ્થા, સ્વર મંડલ, પૂનમ વગેરેનું વર્ણન કરી અંતે સાત પ્રાદેશિક સ્કંધ પુદ્ગલોની વાત જણાવી છે.

**(૮) અષ્ટમ સ્થાન**

આના એક ઉદ્દેશકમાં એકાકી વિહાર પ્રતિમાના યોગ્ય આઠ પ્રકારના અણગારની વાત જણાવી, આઠ પ્રકારની યોનિઓ બતાવીને એ આઠ સ્થાનોનું વિસ્તૃત વર્ણન કરી અંતે આઠ પ્રાદેશિક સ્કંધ અને પુદ્ગલોની વાત જણાવી છે.

**(૯) નવમ સ્થાન**

આના એક ઉદ્દેશકમાં સંભોગી નિર્ગ્રંથીને વિસંભોગી કરવામાં નવ કારણ, બ્રહ્મચર્ય, નવ અધ્યયન, વગેરે નવ-નવ સ્થાનોનું વિસ્તૃત વર્ણન કરી અંતે નવ પ્રાદેશિક સ્કંધ અને પુદ્ગલોનું વર્ણન છે.

**(૧૦) દશમ સ્થાન**

આના એક ઉદ્દેશકમાં દસ પ્રકારની લોકસ્થિતિ, દસ પ્રકારના શબ્દ વગેરે વાત જણાવી દસ-દસ સ્થાનોનું વિસ્તૃત વર્ણન કરી છેલ્લે દસ પ્રાદેશિક સંધ, દસ પ્રદેશાવગાઢ પુદ્ગલ, દસ સમયની સ્થિતિવાળા પુદ્ગલ, દસ ગુણકાલ પુદ્ગલથી માંડીને દસ ગુણલૂખા પુદ્ગલોના વર્ણન સાથે આ આગમગ્રંથની સમાપ્તિ થાય છે.

Jain Education International 2010_03

For Private & Personal Use Only

www.jainelibrary.org

## આગમ - ૪

દ્રવ્યાનુયોગ પ્રધાન સમવાયાંગ સૂત્ર - ૪

અન્યનામ :- સમાય.

| | |
|---|---|
| શ્રુતસ્કંધ | ૧ |
| અધ્યયન | ૧ |
| ઉદ્દેશક | ૧ |
| પદ | ૧,૪૪,૦૦૦ |

| | | |
|---|---|---|
| ઉપલબ્ધ પાઠ | ૧૬૬૭ | શ્લોક પ્રમાણ |
| ગદ્યસૂત્ર | ૧૬૦ | |
| પદ્યસૂત્ર | ૬૦ | |

૧) **સમવાયમાં** આત્મા - અનાત્મા, દંડ-અદંડ, ક્રિયા-અક્રિયા, લોક-અલોક, ધર્મ-અધર્મ, પુણ્ય-પાપ, બંધ-મોક્ષ, આશ્રવ-સંવર, વેદના-નિર્જરા અને અંતે કેટલાક ભવ્ય જીવો એક ભવ પછી મુક્તિ પામે છે તેનું વર્ણન છે.

૨) **સમવાયમાં** બે દંડ, બે રાશિ, બે બંધન વગેરેનું વર્ણન કરી અંતે બે ભવમાંથી મુક્તિની વાત કરી છે.

૩) **સમવાયમાં** ત્રણ દંડ, ત્રણ ગુપ્તિ, ત્રણ શલ્ય, ત્રણ ગારવ,ત્રણ વિરાધના વગેરેનું વર્ણન કરી ત્રણ ભવથી મુક્તિનું વર્ણન છે.

૪) **સમવાયમાં** ચાર કષાય તેમજ ધ્યાન, ક્રિયા, સંજ્ઞા, બંધ, યોજનનું પરિમાણ વગેરેનું વર્ણન કરી અંતે ચાર ભવથી મુક્તિની વાત કરી છે.

૫) **સમવાયમાં** પાંચ ક્રિયા, મહાવ્રત, કામગુણ, આશ્રવદ્વાર, સંવરદ્વાર, નિર્જરાસ્થાન, સમિતિ, અસ્તિકાય વગેરેનું વર્ણન કરી અંતે પાંચ ભવથી મુક્તિની વાત જણાવી છે.

૬) **સમવાયમાં** છ લેશ્યા, છ જીવનિકાય, બાહ્ય તપ, આભ્યંતર તપ, છાદ્મસ્થિક સમુદ્ઘાત અને અર્થાવગ્રહનું વર્ણન અને પછી બીજા છ-છ પ્રકારનું વર્ણન કરી અંતે છ ભવની મુક્તિવાળાની વાત જણાવી છે.

૭) **સમવાયમાં** ભયસ્થાન, સમુદ્ઘાત, મહાવીર ભગવાનની ઊંચાઈ વગેરેનું વર્ણન કરી અંતે સાત ભવથી મુક્તિની વાત કરી છે.

૮) **સમવાયમાં** મદસ્થાન, આઠ પ્રવચનમાતા વગેરેનું વિસ્તૃત વર્ણન કરી આઠ ભવથી મુક્તિની વાત જણાવી છે.

૯) **સમવાયમાં** બ્રહ્મચર્ય ગુપ્તિ, બ્રહ્મચર્ય અગુપ્તિ, ભગવાન પાર્શ્વનાથની ઊંચાઈ વગેરેનું વિસ્તૃત વર્ણન કરી અંતે નવ ભવથી મુક્તિની વાત કરી છે.

૧૦) **સમવાયમાં** શ્રમણધર્મ, ચિત્તસમાધિસ્થાન વગેરેનું વિસ્તૃત વર્ણન કરી દસ ભવથી મુક્તિની વાત જણાવી છે.

૧૧) **સમવાયમાં** ઉપાસક પડિમા, ભગવાન મહાવીરના અગિયાર ગણધરો અને અંતે અગિયાર ભવથી મુક્તિની વાત છે.

૧૨) **સમવાયમાં** ભિક્ષુપ્રતિમા, વંદનના આવર્ત, જઘન્ય દિવસ-રાત્રિના અહોમુહૂર્ત અને અંતે બાર ભવથી મુક્તિની વાત જણાવી છે.

૧૩) **સમવાયમાં** ક્રિયાસ્થાન, સૂર્યમંડલનું પરિમાણ અને અંતે તેર ભવથી મુક્તિની વાત જણાવી છે.

૧૪) **સમવાયમાં** ભૂતગ્રામ, પૂર્વગુણસ્થાન, ચક્રવર્તીના રત્ન, ભગવાન મહાવીરની ઉત્કૃષ્ટ સંપદા અને અંતે ચૌદ ભવથી મુક્તિની વાત કરી છે.

૧૫) **સમવાયમાં** પરમાધાર્મિક દેવ, ભગવાન નેમિનાથની ઊંચાઈ, વિદ્યાપ્રવાદપૂર્વનું વસ્તુ, સંજ્ઞી મનુષ્યમાં યોગ અને અંતે પંદર ભવથી મુક્તિની વાત છે.

૧૬) **સમવાયમાં** સૂત્રકૃતાંગના સોળ અધ્યયનની ગાથાઓ, કષાયના ભેદ, મેરુ પર્વતના નામ અને અંતે સોળ ભવથી મોક્ષે જનારની વાત છે.

૧૭) **સમવાયમાં** સત્તર પ્રકારના અસંયમ-સંયમ અને અંતે સત્તર ભવથી મુક્તિની વાત જણાવી છે.

૧૮) **સમવાયમાં** બ્રહ્મચર્ય, ભગવાન નેમિનાથની ઉત્કૃષ્ટ સંપદા, બ્રાહ્મી લિપિના અઢાર પ્રકાર અને અંતે અઢાર ભવથી મુક્તિની વાત કરી છે.

૧૯) **સમવાયમાં** જ્ઞાતા ધર્મકથા, પ્રથમ શ્રુતસ્કંધના અધ્યયન અને અંતે ઓગણીસમા ભવથી મુક્તિની વાત જણાવી છે.

૨૦) **સમવાયમાં** અસમાધિસ્થાન, ભગવાન મુનિસુવ્રત સ્વામીની ઊંચાઈ અને અંતે વીસ ભવથી મુક્તિની વાત જણાવી છે.

૨૧) **સમવાયમાં** સબલ દોષ અને અંતે એકવીસમા ભવે મુક્તિ થવાની વાત છે.

૨૨) **સમવાયમાં** પરીષહ, દૃષ્ટિવાદની વિગતો, પુદ્ગલના પ્રકાર અને અંતે બાવીસ ભવથી મુક્તિની વાત કરી છે.

૨૩) **સમવાયમાં** સૂત્રકૃતાંગના બે શ્રુતસ્કંધોના અધ્યયન અને અંતે તેવીસ ભવથી મુક્તિ જવાની વાત જણાવી છે.

૨૪) **સમવાયમાં** ચોવીસ તીર્થંકર તેમજ ગંગા, સિંધુ, રક્તા, રક્તવતી વગેરે નદીઓના પ્રવાહ, વિસ્તાર અને અંતે ચોવીસ ભવે સિદ્ધ થનારની વાત છે.



Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

૨૫) **સમવાયમાં** પાંચ મહાવ્રતની ભાવના, ભગવાન મલ્લિનાથની ઊંચાઈ અને અંતે પચીસમા ભવથી મુક્ત થનારની વાત જણાવી છે.

૨૬) **સમવાયમાં** દશ શ્રુતસ્કંધ, બૃહત્કલ્પ અને વ્યવહારના ઉદ્દેશકોની સંપદા અને અંતે છવીસ ભવથી મુક્તિએ જનારની વાત છે.

૨૭) **સમવાયમાં** અણગાર ગુણો વગેરેનું વર્ણન કરી અંતે સત્તાવીસ ભવથી મુક્તિની વાત જણાવી છે.

૨૮) **સમવાયમાં** આચાર પ્રકલ્પ, મૌનની પ્રકૃતિઓ વગેરેનું વર્ણન કરી અંતે અઠાવીસ ભવે મુક્તિએ જનારની વાત કરી છે.

૨૯) **સમવાયમાં** પાપશ્રુત, જુદા-જુદા માસના દિવસ-રાત, ચંદ્ર, દિવસના મુહૂર્ત વગેરેનું વર્ણન કરી અંતે ઓગણત્રીસ ભવથી મુક્ત થનારની વાત છે.

૩૦) **સમવાયમાં** મોહનીયના સ્થાન, ત્રીસ મુહૂર્તોનાં નામ વગેરે વર્ણન કરી ત્રીસ ભવથી મુક્ત થનારની વાત કરી છે.

૩૧) **સમવાયમાં** સિદ્ધોના ગુણ વગેરેનું વર્ણન કરી અંતે એકત્રીસ ભવથી મુક્ત થનારની વાત જણાવી છે.

૩૨) **સમવાયમાં** યોગસંગ્રહ, દેવેન્દ્ર વગેરેનું વર્ણન કરી અંતે બત્રીસ ભવથી મુક્ત થનારની વાત કરી છે.

૩૩) **સમવાયમાં** અશાતના વગેરેનું વર્ણન કરી અંતે સર્વાર્થસિદ્ધિ વિમાનના દેવોના શ્વાસોચ્છ્વાસ, કાળ, આહાર, ઈચ્છા અંતે તેત્રીસ ભવથી મુક્તિ થનારની વાત જણાવી છે.

૩૪) **સમવાયમાં** તીર્થંકરના અતિશયો, ચક્રવર્તીના વિજયક્ષેત્રો વગેરેનું વર્ણન છે.

૩૫) **સમવાયમાં** સત્યવચનાતિ સય, ભગવાન કુંથુનાથ અને અરનાથની ઊંચાઈ વગેરેનું વર્ણન છે.

૩૬) **સમવાયમાં** ઉત્તરાધ્યયનના અધ્યયન, મહાવીર ભગવાનની સંપદા વગેરે વર્ણન છે.

૩૭) **સમવાયમાં** ભગવાન કુંથુનાથ અને અરનાથ ના ગણધર વગેરેનું વર્ણન છે.

૩૮) **સમવાયમાં** ભગવાન પાર્શ્વનાથની ઉત્કૃષ્ટ શ્રમણી સંપદા વગેરે વર્ણન છે.

૩૯) **સમવાયમાં** નેમિનાથના અવધિજ્ઞાની મુનિ અને સમયક્ષેત્રના કુલ-પર્વત વગેરેનું વર્ણન છે.

૪૦) **સમવાયમાં** ભગવાન અરિષ્ટનેમિની શ્રમણી સંપદા, ભગવાન શાંતિનાથની ઊંચાઈ વગેરે વર્ણિત છે.

૪૧) **સમવાયમાં** ભગવાન નેમિનાથની શ્રમણી સંપદા વગેરેનું વર્ણન છે.

૪૨) **સમવાયમાં** ભગવાન મહાવીર સ્વામીનો શ્રમણ પર્યાય, નામ-કર્મની ઉત્તરપ્રક્રિયાઓ વગેરે વર્ણિત છે.

૪૩) **સમવાયમાં** કર્મવિપાકના અધ્યયન વગેરે વર્ણિત છે.

૪૪) **સમવાયમાં** ઋષિ ભાષિત્તના અધ્યયન વગેરેનું વર્ણન છે.

૪૫) **સમવાયમાં** ભગવાન અરનાથની ઊંચાઈ વગેરે વર્ણન છે.

૪૫) **સમવાયમાં** દષ્ટિવાદના માતૃકાપદ, બ્રાહ્મીલિપિના માતૃકાક્ષર વગેરેનું વર્ણન છે.

૪૭) **સમવાયમાં** સ્થવિર અગ્નિભૂતિના સહવાસ વગેરે વર્ણિત છે.

૪૮) **સમવાયમાં** ચક્રવર્તીના પ્રમુખ નગરો, ભગવાન ધર્મનાથના ગણધર વગેરેનું વર્ણન છે.

૪૯) **સમવાયમાં** ત્રિ-ઈન્દ્રિયોની સ્થિતિ વગેરે વર્ણિત છે.

૫૦) **સમવાયમાં** ભગવાન મુનિ સુવ્રતસ્વામીની શ્રમણી સંપદા વગેરેનું વર્ણન છે.

૫૧) **સમવાયમાં** આચારાંગ પ્રથમ શ્રુતસ્કંધ, અધ્યયનોના ઉદ્દેશક વગેરેનું વર્ણન છે.

૫૨) **સમવાયમાં** મોહનીય કર્મના નામ વગેરે વર્ણિત છે.

૫૩) **સમવાયમાં** દેવ, કુરુક્ષેત્રના જીવાનું આયામ તથા પાતાળ ક્લેશોની વાતો છે.

૫૪) **સમવાયમાં** ભરતક્ષેત્રમાં ઉત્સર્પિણી - અવસર્પિણીમાં થયેલા ઉત્તમ પુરુષો, અનંતનાથના ગણધર વગેરે વર્ણિત છે.

૫૫) **સમવાયમાં** ભગવાન મલ્લિનાથનું આયુષ્ય ભગવાન મહાવીરનું અંતિમ પ્રવચન વગેરે વર્ણિત છે.

૫૬) **સમવાયમાં** ભગવાન વિમલનાથના ગણ અને ગણધરનું વર્ણન છે.

૫૭) **સમવાયમાં** આચારાંગ (ચૂલિકા છોડીને) સૂત્રકૃતાંગ અને સ્થાનાંગના અધ્યયન વગેરેનું વર્ણન છે.

૫૮) **સમવાયમાં** પહેલા, બીજા અને પાંચમાં નરકના વાસનું વર્ણન છે.

૫૯) **સમવાયમાં** ચાંદ્ર સંવત્સરના દિવસ-રાત, ભગવાન સંભવનાથનો ગૃહવાસ વગેરે વર્ણિત છે.

૬૦) **સમવાયમાં** એક મંડળમાં સૂર્યને રહેવાનો સમય, ભગવાન વિમલનાથની ઊંચાઈ વગેરેનું વર્ણન છે.

૬૧) **સમવાયમાં** યુગ, ઋતુ, માસ વગેરેનું વર્ણન છે.

૬૨) **સમવાયમાં** ભગવાન વાસુપૂજ્યના ગણ અને ગણધર, પાંચવર્ષીય યુગની પૂર્ણિમા અને અમાવાસ્યા, શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ, ભાગ-હાનિ વગેરેનું વર્ણન છે.

૬૩) **સમવાયમાં** ભગવાન ઋષભદેવનો ગૃહવાસકાળ વગેરે વર્ણિત છે.

૬૪) **સમવાયમાં** અસુરકુમારોના ભુવન, ચક્રવર્તીના મુક્તાહારની સેરો વગેરેનું વર્ણન છે.

૬૫) **સમવાયમાં** જંબૂદ્વીપના સૂર્યમંડળ વગેરે વર્ણિત છે.

૬૬) **સમવાયમાં** દક્ષિણઅર્ધ મનુષ્ય ક્ષેત્રના સૂર્ય-ચંદ્ર વગેરેનું વર્ણન છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**૬૭) સમવાયમાં** પંચવર્ષીય યુગના નક્ષત્રવાસ વગેરે વર્ણિત છે.
**૬૮) સમવાયમાં** ભગવાન વિમલનાથની શ્રમણી સંપદા વગેરેનું વર્ણન છે.
**૬૯) સમવાયમાં** મોહનીય સિવાયની સાત કર્મોની ઉત્તર પ્રકૃતિઓ વર્ણિત છે.
**૭૦) સમવાયમાં** ભગવાન મહાવીરના વર્ષાવાસના દિવસ-રાત, મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વગેરેનું વર્ણન છે.
**૭૧) સમવાયમાં** વીર્યપ્રવાહના પ્રાભૃત, ભગવાન અજિતનાથ અને સગર ચક્રવર્તીનો ગૃહસ્થકાળ વગેરે વર્ણિત છે.
**૭૨) સમવાયમાં** સ્વર્ણકુમારના ભવન, ભગવાન મહાવીરનું આયુ વગેરે વર્ણિત છે.
**૭૩) સમવાયમાં** હરિવર્ષની જીવા વગેરેનું વર્ણન છે.
**૭૪) સમવાયમાં** સ્થવિર અગ્નિભૂતિનું આયુ વગેરે વર્ણિત છે.
**૭૫) સમવાયમાં** ભગવાન સુવિધિનાથના સામાન્ય કેવલી, ભગવાન શીતલનાથ અને ભગવાન શાંતિનાથના ગૃહવાસકાળ વગેરેનું વર્ણન છે.
**૭૬) સમવાયમાં** વિદ્યુતકુમાર, દ્વીપકુમાર, દિશા, ઉદધિ, સ્તનિત, અગ્નિ વગેરે કુમારોના ભવનોનું વર્ણન છે.
**૭૭) સમવાયમાં** ભરત ચક્રવર્તીની કુમાર અવસ્થા વગેરે વર્ણિત છે.
**૭૮) સમવાયમાં** સ્થવિર અકંપિતના આયુ વગેરેનું વર્ણન છે.
**૭૯) સમવાયમાં** જંબૂદ્વીપમા પ્રત્યેક દ્વારનું અંતર વગેરેનું વર્ણન છે.
**૮૦) સમવાયમાં** ભગવાન શ્રેયાંસનાથની ઊંચાઈ વગેરે વર્ણિત છે.
**૮૧) સમવાયમાં** નવ નવમીકા ભિક્ષુપ્રતિમાના દિવસ વગેરેનું વર્ણન છે.
**૮૨) સમવાયમાં** જંબૂદ્વીપના સૂર્યના મંડળ વગેરે વર્ણિત છે.
**૮૩) સમવાયમાં** ભગવાન મહાવીરના ગર્ભહરણદિન વગેરેનું વર્ણન છે.
**૮૪) સમવાયમાં** ભગવાન ઋષભદેવ, ભગવાન શ્રેયાંસનાથ, ભરત, બાહુબલી, બ્રાહ્મી સુંદરીના સર્વ આયુનું વર્ણન અને અંતે સર્વ વિમાનોનું વર્ણન છે.
**૮૫) સમવાયમાં** ચૂલિકાસહિત આચારાંગના ઉદ્દેશક વગેરે વર્ણિત છે.
**૮૬) સમવાયમાં** ભગવાન સુવિધિનાથના ગણ-ગણધર, ભગવાન સુપાર્શ્વનાથના વાદી મુનિ વગેરેનું વર્ણન છે.
**૮૭) સમવાયમાં** મેરુપર્વતના પૂર્વભાગનો અંત અને ગોસ્તંભ આવાસ પર્વતના પશ્ચિમ ભાગનો અંત- આ બે વચ્ચેનું અંતર વગેરે વર્ણિત છે.
**૮૮) સમવાયમાં** એક ચંદ્ર-સૂર્યના ગ્રહ, દષ્ટિવાદના સૂત્ર વગેરેનું વર્ણન છે.
**૮૯) સમવાયમાં** ભગવાન ઋષભદેવ અને ભગવાન મહાવીરના નિર્વાણકાળ વગેરે વર્ણિત છે.
**૯૦) સમવાયમાં** ભગવાન શીતલનાથની ઊંચાઈ વગેરે વર્ણિત છે.
**૯૧) સમવાયમાં** વૈયાવૃત્ત પ્રતિમા, કાલોદધિ સમુદ્ર ની પરિધિ વગેરેનું વર્ણન છે.
**૯૨) સમવાયમાં** સર્વપ્રતિમા, સ્થવિર ઈન્દ્રભૂતિની આયુ વગેરેનું વર્ણન છે.
**૯૩) સમવાયમાં** ભગવાન ચંદ્રપ્રભુના ગણ અને ગણધર વગેરેનું વર્ણન છે.
**૯૪) સમવાયમાં** ભગવાન અજિતનાથના અવધિજ્ઞાની મુનિઓ, નિષધ પર્વતની જીવાનું આયામ વગેરે વર્ણિત છે.
**૯૫) સમવાયમાં** ભગવાન સુપાર્શ્વનાથના ગણ અને ગણધર સ્થવિર મૌર્યપુત્રની સર્વ આયુ વગેરેનું વર્ણન છે.
**૯૬) સમવાયમાં** ચક્રવર્તીના ગામ, વાયુકુમારના ભવન, દંડ ધનુષનું અંગુલ પ્રમાણ વગેરે વર્ણિત છે.
**૯૭) સમવાયમાં** આઠ કર્મોની ઉત્તર પ્રકૃતિઓ વગેરેનું વર્ણન છે.
**૯૮) સમવાયમાં** નંદનવનના ઉપરના ભાગથી પાંડુકવનના અધોભાગનું અંતર વર્ણિત છે.
**૯૯) સમવાયમાં** મેરુપર્વતની ઊંચાઈ વગેરે વર્ણન છે.
**૧૦૦) સમવાયમાં** ભગવાન સુવિધિનાથની ઊંચાઈ, ભગવાન પાર્શ્વનાથનું આયુ વગેરે વર્ણિત છે.

**દોઢસોમા સમવાયમાં** ભગવાન ચંદ્રપ્રભુની ઊંચાઈ, આરજ, અચ્યુતકલ્પના વિમાન વગેરેનું વર્ણન છે.

**બસોમા સમવાયમાં** સુપાર્શ્વનાથની ઊંચાઈ વગેરે વર્ણિત છે.

**અઢીસોમા સમવાયમાં** ભગવાન પદ્મપ્રભુની ઊંચાઈ, અસુરકુમારોના પ્રાસાદોની ઊંચાઈ વગેરે વર્ણિત છે.

**ત્રણસોમા સમવાયમાં** ભગવાન સુમતિનાથની ઊંચાઈ, ભગવાન મહાવીર સ્વામીના ચૌદ પૂર્વીય મુનિ વગેરેનું વર્ણન છે.

**સાડી ત્રણસોમા સમવાયમાં** ભગવાન પાર્શ્વનાથના ચૌદ પૂર્વધારી મુનિ, ભગવાન અભિનંદનની ઊંચાઈ વગેરે વર્ણન છે.

**ચારસોમા સમવાયમાં** ભગવાન સંભવનાથની ઊંચાઈ વગેરેનું વર્ણન કરી અંતે ભગવાન મહાવીરના ઉત્કૃષ્ટવાદી મુનિનું વર્ણન છે.

**સાડી ચારસોમા સમવાયમાં** ભગવાન અજિતનાથની અને સગર ચક્રવર્તીની ઊંચાઈ વગેરેનું વર્ણન છે.

**પાંચસોમા સમવાયમાં** ભગવાન ઋષભદેવની, ભરત ચક્રવર્તીની તથા વિવિધ પર્વતોની ઊંચાઈ વગેરેનું વર્ણન છે.



Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**છસોમા સમવાયમાં** ભગવાન પાર્શ્વનાથના આદિમુનિ, ભગવાન વાસુપૂજ્યની સાથે થયેલા દીક્ષિત મુનિઓ વગેરેનું વર્ણન છે.

**સાતસોમા સમવાયમાં** ભગવાન મહાવીરના કેવલજ્ઞાની શિષ્યો અને ભગવાન અરિષ્ટનેમિનો કેવલી-પર્યાય વગેરે વર્ણિત છે.

**આઠસોમા સમવાયમાં** ભગવાન અરિષ્ટનેમિના ઉત્કૃષ્ટવાદી મુનિઓ તથા વિવિધ વિમાનોની ઊંચાઈનું વર્ણન છે.

**નવસોમા સમવાયમાં** વિવિધ વિમાનોની ઊંચાઈ વગેરે વર્ણન છે.

**હજારમા સમવાયમાં** સર્વ ગ્રૈવેયક વિમાનોની ઊંચાઈ વગેરેનું વર્ણન કરી અંતે પદ્મદ્રહ, પુંડરીક દ્રહના આયામની વાત કરી છે.

**અગિયારસોમા સમવાયમાં** ભગવાન પાર્શ્વનાથના વૈક્રિય લબ્ધિવાળા શિષ્યોનું વર્ણન છે.

**બે હજારમા સમવાયમાં** મહાપદ્મદ્રહ, મહાપુંડરીકદ્રહના આયામોનું વર્ણન છે.

**ત્રણ હજારમા સમવાયમાં** રત્નપ્રભાના વજ્રકાંડના ચરમાન્તથી લોહિતાક્ષ કાંડના ચરમાન્ત સુધીના અંતરનું વર્ણન છે.

**ચાર હજારમા સમવાયમાં** તિગિચ્છદ્રહના અને કેશરીદ્રહના આયામોનું વર્ણન છે.

**પાંચ હજારમા સમવાયમાં** ધરણીતલમાં મેરુના મધ્યભાગથી અંતિમ ભાગ સુધીનું અંતર વર્ણિત છે.

**છ હજારમા સમવાયમાં** સહસ્રસાર -કલ્પના વિમાનોનું વર્ણન છે.

**સાત હજારમા સમવાયમાં** ઉપરના તલથી પુલકકાંડના નીચેના સ્થળના અંતરનું વર્ણન છે.

**આઠ હજારમા સમવાયમાં** હરિવર્ષ અને રમ્યક વર્ષના વિસ્તારનું વર્ણન છે.

**નવ હજારમા સમવાયમાં** દક્ષિણ અર્ધ ભરતની જીવાનું આયામ વર્ણિત છે.

**દસ હજારમા સમવાયમાં** મેરુપર્વતના વિષ્કંભનું વર્ણન છે.

**એક લાખ થી આઠ લાખના સમવાયમાં** જંબૂદ્વીપના આયામ અને વિષ્કંભથી માંડીને અંતે મહેન્દ્રકલ્પના વિમાનોનું વર્ણન છે.

**કોટિ સમવાયમાં** ભગવાન અજિતનાથના અવધિજ્ઞાની, પુરુષસિંહ વાસુદેવનું આયુ વગેરેનું વર્ણન છે.

**કોટાકોટિ સમવાયમાં** ભગવાન મહાવીરના પોટિલ ભવના શ્રમણ-પર્યાય, ભગવાન ઋષભદેવથી ભગવાન મહાવીરનું અંતર તથા તેર સૂત્રોમાં દ્વાદશ અંગોનો પરિચય, બે રાશિ, ચોવીસ દંડકમાં પર્યાપ્ત-અપર્યાપ્ત સર્વ નરકાવાસ, સર્વ ભવનાવાસ, સર્વ વિમાનાવાસ વગેરેનું વિસ્તૃત વર્ણન કરી, ચોવીસ તીર્થંકરો, બાર ચક્રવર્તીઓ, નવ બલદેવો, નવ વાસુદેવો, નવ પ્રતિવાસુદેવો વગેરેના માતાપિતા વગેરેની ગતિ-આગતિ, પૂર્વભવના ધર્માચાર્યો અને અંતે નવ વાસુદેવોની નિદાન ભૂમિઓ અને નિદાનના કારણો જણાવી ઉપસંહારમાં સમવાયાંગમાં વર્ણિત વિષયો સંક્ષિપ્તમાં જણાવ્યા છે.

આ રીતે સમવાયાંગ પૂર્ણ થાય છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

## આગમ - ૫

### સર્વાનુયોગમય ભગવતી સૂત્ર - ૫

અન્યનામ :- વિવાહ પણ્ણત્તિ, વિબાધ પ્રજ્ઞપ્તિ, વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ - ''પણ્ણત્તિ''

શ્રુતસ્કંધ ------------------- ૧

શતક , અવાન્તર શતક --------- ૧૩૮

ઉદ્દેશક ----------------- ૧,૬૨૭

પ્રશ્નોત્તર --------------- ૩૬,૦૦૦

પદ -------------- ૨,૮૮,૦૦૦

ગદ્યસૂત્ર ----- ----------- ૫,૨૯૩

પદ્યસૂત્ર ----------------- ૭૨

[ભગવતી સૂત્ર - શતક, ઉદ્દેશક અને સૂત્રસંખ્યા -સૂચક તાલિકા]

| શતક | ઉદ્દેશક | સૂત્ર સંખ્યા |
|---|---|---|
| ૧ | ૧૦ | ૩૨૬ |
| ૨ | ૧૦ | ૭૬ |
| ૩ | ૧૦ | ૧૫૬ |
| ૪ | ૧૦ | ૬ |
| ૫ | ૧૦ | ૧૮૬ |
| ૬ | ૧૦ | ૧૬૦ |
| ૭ | ૧૦ | ૧૪૬ |
| ૮ | ૧૦ | ૪૬૦ |
| ૯ | ૩૪ | ૧૬૯ |
| ૧૦ | ૩૪ | ૭૨ |
| ૧૧ | ૧૨ | ૧૩૪ |
| ૧૨ | ૧૦ | ૧૭૩ |
| ૧૩ | ૧૦ | ૧૪૭ |
| ૧૪ | ૧૦ | ૯૭ |
| ૧૫ | - | ૪૯ |
| ૧૬ | ૧૪ | ૯૮ |
| ૧૭ | ૧૪ | ૭૦ |
| ૧૮ | ૧૦ | ૧૩૩ |
| ૧૯ | ૧૦ | ૯૯ |
| ૨૦ | ૧૦ | ૧૦૧ |
| ૨૧ | ૮ વર્ગ | ૧૫ |
| ૨૨ | ૬ વર્ગ | ૬ |
| ૨૩ | ૫ વર્ગ | ૫ |
| ૨૪ | ૨૪ | ૩૩૯ |
| ૨૫ | ૧૨ | ૫૮૧ |
| ૨૬ | ૧૨ | ૪૩ |
| ૨૭ | ૧૧ | ૧૧ |
| ૨૮ | ૧૧ | ૧૪ |
| ૨૯ | ૧૧ | ૧૫ |
| ૩૦ | ૧૧ | ૫૦ |
| ૩૧ | ૨૮ | ૪૧ |
| ૩૨ | ૨૮ | ૩૩ |

(નીચેનાના અવાન્તર શતકો છે)

| શતક | અ.શ. | ઉદ્દેશક | સૂત્ર સંખ્યા |
|---|---|---|---|
| ૩૩ | ૧૨ | ૧૨૪ | ૧૩૯ |
| ૩૪ | ૧૨ | ૧૨૪ | ૧૫૪ |
| ૩૫ | ૧૨ | ૧૨૪ | ૧૨૪ |
| ૩૬ | ૧૨ | ૧૨૪ | ૧૨૪ |
| ૩૭ | ૧૨ | ૧૨૪ | ૧૨૪ |
| ૩૮ | ૧૨ | ૧૨૪ | ૧૨૪ |
| ૩૯ | ૧૨ | ૧૨૪ | ૧૨૪ |
| ૪૦ | ૨૧ | ૧૮૭ | ૧૮૭ |
| ૪૧ | - | ૧૯૬ | ૨૨૨ |



Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

ગણધર યંત્ર (જૈનાગમ - નિર્દેશિકા અનુસાર)

| ક્રમ | ગણધર નામ | ગામ | નક્ષત્ર | પિતા | માતા | ગોત્ર | ગૃહવાસ વર્ષ | છદ્મસ્થ | કેવલ | સર્વાયુ | મોક્ષગમન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઈન્દ્રભૂતિ | ગુબ્બર | જયેષ્ઠા | વસુભૂતિ | પૃથ્વી | ગૌતમ | ૫૦ | ૩૦ | ૧૨ | ૯૨ | મહાવીર ભગવાનના પછી |
| ૨ | અગ્નિભૂતિ | ગુબ્બર | કૃત્તિકા | વસુભૂતિ | પૃથ્વી | ગૌતમ | ૪૬ | ૧૨ | ૧૬ | ૭૪ | મહાવીર ભગવાનના પહેલાં |
| ૩ | વાયુભૂતિ | ગુબ્બર | સ્વાતિ | વસુભૂતિ | પૃથ્વી | ગૌતમ | ૪૨ | ૧૦ | ૧૮ | ૭૦ | મહાવીર ભગવાનના પહેલાં |
| ૪ | વ્યક્ત | કોલ્લાક સંનિવેશ | શ્રવણ | ધનમિત્ર | વારુણી | ભારદ્વાજ | ૫૦ | ૧૨ | ૧૮ | ૮૦ | મહાવીર ભગવાનના પહેલાં |
| ૫ | સુધર્મા | કોલ્લાક સંનિવેશ | હસ્તોત્તરા | ધમ્મિલ | ભદ્દિલા | અગ્નિવૈશ્યાયન | ૫૦ | ૪૨ | ૮ | ૧૦૦ | મહાવર ભગવાનના પછી |
| ૬ | મંડિત | મોરાક સંનિવેશ | મઘા | ધનદેવ | વિજયા | વશિષ્ઠ | ૫૩ | ૧૪ | ૧૬ | ૮૩ | મહાવીર ભગવાનના પહેલાં |
| ૭ | મૌર્યપુત્ર | મોરાક સંનિવેશ | રોહિણી | મૌર્ય | વિજયા | કાશ્યપ | ૬૫ | ૧૫ | ૧૬ | ૯૬ | મહાવીર ભગવાનના પહેલાં |
| ૮ | અકંપિત | મથિલા | ઉત્તરાષાઢા | દેવ | જયંતી | ગૌતમ | ૪૮ | ૯ | ૨૧ | ૭૮ | મહાવીર ભગવાનના પહેલાં |
| ૯ | અચલભ્રાતા | કોશલા | મૃગશીર્ષ | વસુ | નંદા | હારીત | ૪૬ | ૧૨ | ૧૪ | ૭૨ | મહાવીર ભગવાનના પહેલાં |
| ૧૦ | મેતાર્ય | વત્સભૂમિ તુંગિક | અશ્વિની | દત્ત | વરુણદેવા | કૌડિન્ય | ૩૬ | ૧૦ | ૧૬ | ૬૨ | મહાવીર ભગવાનના પહેલાં |
| ૧૧ | પ્રભાસ | રાજગૃહ | પુષ્ય | બલ | અતિભદ્રા | કૌડિન્ય | ૧૬ | ૮ | ૧૬ | ૪૦ | મહાવીર ભગવાનના પહેલાં |

અગિયાર ગણધરોનું નિર્વાણસ્થાન :- રાજગૃહી

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**પહેલું શતક :**

આમાં નમસ્કારમંત્ર, બ્રાહ્મી લિપિ તથા શ્રુતને નમસ્કાર, દસ ઉદ્દેશકોના નામ, ભગવાન મહાવીર અને ગૌતમ ગણધરનો સંક્ષિપ્ત પરિચય વગેરે છે.

**૧.૧** ચલન ઉદ્દેશક : આમાં ચલમાન, ચલિત વગેરે ૯ પ્રશ્નોના ઉત્તર, ૨૪ દંડકોમાં સ્થિતિ, શ્વાસોચ્છ્વાસ, આહાર અને કર્મ, પુદ્ગલ અને બંધ વગેરે જણાવી અંતે વ્યંતર, જ્યોતિષી વગેરે દેવોના રમણીસ્થાનો અને સ્થિતિની પ્રશ્નોત્તરી વગેરે છે.

**૧.૨** દુ:ખ ઉદ્દેશક : એમાં જીવે સ્વયં કરેલા દુ:ખોનું વેદન અને એનું કારણ જણાવી અંતે અસંજ્ઞીઓના આયુષ્યની પ્રશ્નોત્તરી છે.

**૧.૩** કાંક્ષાપ્રદોષ ઉદ્દેશક : આમાં ક્રિયાનિષ્પાદ્ય કાંક્ષામોહનીય કર્મના પ્રશ્નથી માંડીને અંતે શ્રમણ નિર્ગ્રંથોના કાંક્ષામોહનીય કર્મના વેદનની પ્રશ્નોત્તરી કરવામાં આવી છે.

**૧.૪** કર્મપ્રકૃતિ ઉદ્દેશક : આમાં આઠ કર્મપ્રકૃતિની પ્રશ્નોત્તરીથી શરૂઆત કરીને અંતે પ્રશ્નના ઉત્તરમાં ત્રણ કાળના ત્રણ ત્રણ વિકલ્પો જણાવી અંતે કેવળી પૂર્ણ સર્વજ્ઞ છે એમ જણાવ્યું છે.

**૧.૫** પૃથ્વી ઉદ્દેશક : ૨૪ દંડકોના આવાસમાં સાત પૃથ્વીથી શરુઆત કરીને અંતે કષાયના ભાંગાઓમાંની વિવિધતાની પ્રશ્નોત્તરી છે.

**૧.૬** યાવંત ઉદ્દેશક : આમાં સૂર્ય, લોક-અલોક, દ્વીપ, સમુદ્ર, ક્રિયાવિચાર, લોકસ્થિતિ વગેરેની પ્રશ્નોત્તરી છે.

**૧.૭** નૈરયિક ઉદ્દેશક : એમાં ૨૪ દંડકોમાં ઉત્પાત ચતુર્ભંગી, વિગ્રહ-અવિગ્રહ ગતિ, ગર્ભવિચાર વગેરે પ્રશ્નોત્તરી છે.

**૧.૮** બાલ ઉદ્દેશક : એમાં એકાન્ત બાલજીવની ચાર ગતિમાં ઉત્પત્તિ, ક્રિયાવિચાર, વીર્યવિચાર વગેરેની પ્રશ્નોત્તરી છે.

**૧.૯** ગુરુત્વ ઉદ્દેશક : એમાં જીવનું ગુરુત્વ અને એનાં કારણ, નિર્ગ્રંથનું જીવન અન્ય તીર્થિકોની માન્યતા, ક્રિયાવિચાર, આહારવિચાર વગેરેની પ્રશ્નોત્તરી પછી અંતે બાલપંડિતની પ્રશ્નોત્તરી છે.

**૧.૧૦** ચલન ઉદ્દેશક : આમાં ચલમાન, ચલિત વગેરે પછી અંતે ૨૪ દંડકોમાં ઉપપાત વિરહની પ્રશ્નોત્તરી છે.

**બીજુ શતક :**

**૨.૧** ઉચ્છ્વાસ-સ્કંદક ઉદ્દેશક : આમાં પૃથ્વીકાયથી વનસ્પતિકાય સુધીનાના શ્વાસોચ્છ્વાસના પૌદ્ગલિક રૂપની પ્રશ્નોત્તરી કરીને અંતે ભગવાન મહાવીર દ્વારા પરિવ્રાજક સ્કંદકના સંશયોનું સમાધાન અને એનું પ્રવ્રજ્યાગ્રહણ વગેરે વર્ણન છે.

**૨.૨** સમુદ્ઘાત ઉદ્દેશક : એમાં ૨૪ દંડકોમાં સમુદ્ઘાત, અણગારદ્વારા કેવળી સમુદ્ઘાતની પ્રશ્નોત્તરી છે.

**૨.૩** પૃથ્વી ઉદ્દેશક : એમાં સાત પૃથ્વીઓ અને સર્વ પ્રાણીઓની સર્વત્ર ઉત્પત્તિનું વર્ણન છે.

**૨.૪** ઈન્દ્રિય ઉદ્દેશક : એમાં ઈન્દ્રિયોનું વર્ણન છે.

**૨.૫** અન્યતીર્થિક ઉદ્દેશક : આમાં ગર્ભવિચાર, તુંગિકા નગર, કાશ્યપ સ્થવિરના ઉત્તરો, પાણીકુંડ વગેરેનું વર્ણન છે.

**૨.૬** ભાષા ઉદ્દેશક : એમાં અવધારિણી ભાષાની વાત છે.

**૨.૭** દેવ ઉદ્દેશક : એમાં ચાર પ્રકારના દેવ અને તેમના સ્થાન વગેરેનું વર્ણન છે.

**૨.૮** ચમરચંચા ઉદ્દેશક : આમાં ચમરેન્દ્રની ચમરચંચા નગરીમાં સુધર્મા સ્વામીની સભા વગેરેનું વર્ણન છે.

**૨.૯** સમયક્ષેત્ર ઉદ્દેશક : એમાં સમયક્ષેત્રનું પરિમાણ આપવામાં આવ્યું છે.

**૨.૧૦** અસ્તિકાય ઉદ્દેશક : આમાં પંચાસ્તિકાયથી આરંભીને ધર્માસ્તિકાય અને લોકાકાશનું વર્ણન છે.

**ત્રીજું શતક :**

**૩.૧** ચમરવિકુર્વણા ઉદ્દેશક : આમાં ગાથા છંદમાં દસે દસ ઉદ્દેશકોનો વિષય, મૂકાનગરીમાં ભગવાન મહાવીરનું પદાર્પણ, ચમરેન્દ્રની વિકુર્વણા અને અંતે સનત્કુમારનો મહાવિદેહમાં જન્મ અને નિર્વાણ વગેરે વર્ણન છે.

**૩.૨** ચમરોત્પાત ઉદ્દેશક : એમાં રાજગૃહમાં ભગવાન મહાવીર અને ભગવાન ગૌતમ ગણધર, ચમરેન્દ્ર દ્વારા નાટ્યપ્રદર્શન અને અંતે ચમરેન્દ્રની ચિંતાની વાત છે.

**૩.૩** ક્રિયા ઉદ્દેશક : આમાં ક્રિયા સંબંધી પંડિત પુત્રની જિજ્ઞાસા, પાંચ પ્રકારની ક્રિયા વગેરેની પ્રશ્નોત્તરી છે.

**૩.૪** યાન ઉદ્દેશક : આમાં દેવરૂપ યાનની ચોભંગી, વાયુકાય, મેઘ, લેશ્યાના દ્રવ્ય, અણગાર વિકુર્વણા, વૈભારગિરિ ઉલ્લંઘન વગેરેની પ્રશ્નોત્તરી છે.

**૩.૫** સ્ત્રી ઉદ્દેશક : આમાં અણગારની સ્ત્રીરૂપમાં વિકુર્વણા વગેરે છે.

**૩.૬** નગર ઉદ્દેશક : એમાં રાજગૃહ નિવાસી મિથ્યાદષ્ટિ અણગારની વૈક્રિય દષ્ટિથી વારાણસીની વિકુર્વણા અને વિભંગ જ્ઞાનથી વિપરીત દર્શન વગેરેની પ્રશ્નોત્તરી છે.

**૩.૭** લોકપાલ ઉદ્દેશક : આમાં શક્રેન્દ્રના ચાર લોકપાલ વિષયક પ્રશ્નો છે.

**૩.૮** દેવાધિપતિ ઉદ્દેશક : આમાં અસુરકુમાર આદિ દસ કુમારોના દસ અધિપતિ વગેરે પ્રશ્નોત્તરી છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

૩.૯ ઈન્દ્રિય ઉદ્દેશક : એમાં પાંચ ઈન્દ્રિયવિષયક પ્રશ્નોત્તરી છે.

૩.૧૦ પરિષદ ઉદ્દેશક : આમાં ચમરેન્દ્રની ત્રણ સભાઓથી માંડીને અચ્યુતેન્દ્ર સુધીના ની ત્રણ-ત્રણ સભાનું વર્ણન છે.

**ચોથું શતક :**

૪.૧-૪ લોકપાલ-વિમાન ઉદ્દેશક : એમાં ઈશાનેન્દ્રના ચાર લોકપાલ વિષયક વર્ણન છે.

૪.૫-૮ લોકપાલ - રાજધાની ઉદ્દેશક : એમાં ચાર લોકપાલોની રાજધાનીઓનું વર્ણન છે.

૪.૯ નૈરયિક ઉદ્દેશક : આમાં નારકીય જીવો નરકમાં તેજ ભવે બીજી વાર ઉત્પન્ન ન થાય છે તે વિષે પ્રશ્નોત્તરી છે.

૪.૧૦ લેશ્યા ઉદ્દેશક : એમાં નીલ લેશ્યાનું વર્ણન છે.

**પાંચમું શતક :**

૫.૧ સૂર્ય ઉદ્દેશક : એમાં ત્રણ ઋતુ, અયન, લવણ સમુદ્ર, ઘાતકી ખંડ, કાલોદધિ સમુદ્ર, પુષ્કરાર્ધ દ્વીપ વગેરેમાં સૂર્યોદય આદિ વિષયક પ્રશ્નોત્તરી છે.

૫.૨ વાયુ ઉદ્દેશક : એમાં સમુદ્ર, દ્વીપ વગેરેમાં ચાર પ્રકારના વાયુ વિષે પ્રશ્નોત્તરી છે.

૫.૩ જાલગ્રંથિકા ઉદ્દેશક : એમાં જાલગ્રંથિકાનું ઉદાહરણ વગેરે વિષે પ્રશ્નોત્તરી છે.

૫.૪ શબ્દ ઉદ્દેશક : આમાં શબ્દો, હરિણગમૈષી દેવ, અતિમુક્તક આર્ય, કેવળી અને છદ્મસ્થ, ચૌદ પૂર્વધારી વગેરે વિષે પ્રશ્નોત્તરી છે.

૫.૫ છદ્મસ્થ ઉદ્દેશક : એમાં છદ્મસ્થને સંયમથી સિદ્ધિ, કુલકર વગેરે વિષે પ્રશ્નોત્તરી છે.

૫.૬ આયુ ઉદ્દેશક : આમાં અલ્પાયુ, દીર્ઘાયુ, અશુભ-શુભ દીર્ઘાયુ વગેરેના ત્રણ કારણ, ક્રિયાવિચાર, આધાકર્મ આહાર, મૃષાવાદથી કર્મબંધન વગેરે પ્રશ્નોત્તરી છે.

૫.૭ પુદ્ગલકંપન ઉદ્દેશક : એમાં પરમાણુ પુદ્ગલના કંપન વગેરે વિષે પ્રશ્નોત્તરી છે.

૫.૮ નિર્ગ્રંથી પુત્ર ઉદ્દેશક : આમાં ભગવાનના શિષ્ય નારદપુત્ર અને નિર્ગ્રંથીપુત્ર વચ્ચે પ્રશ્નોત્તરી છે.

૫.૯ રાજગૃહ ઉદ્દેશક : આમાં રાજગૃહ નગરનું વર્ણન, પ્રકાશ-અંધકાર તેમજ સમયજ્ઞાન અને દેવલોક વિષયક પ્રશ્નોત્તરી છે.

૫.૧૦ ચંદ્ર ઉદ્દેશક : આમાં ચંદ્રવિષયક પ્રશ્નોત્તરી છે.

**છઠ્ઠું શતક :**

૬.૧ વેદના ઉદ્દેશક : આમાં વેદના અને નિર્જરાની સમાનતા વગેરે વિષે પ્રશ્નોત્તરી છે.

૬.૨ આહાર ઉદ્દેશક : એમાં રાજગૃહ નગર, આહારનું વર્ણન છે.

૬.૩ મહા આશ્રવ ઉદ્દેશક : આમાં મહા આશ્રવવાળાને મહાબંધ, કર્મોની સ્થિતિ, કર્મોના બંધક વગેરેની પ્રશ્નોત્તરી છે.

૬.૪ સપ્રદેશક ઉદ્દેશક : આમાં સપ્રદેશ - અપ્રદેશનું ચિંતન વગેરે પ્રશ્નોત્તરી છે.

૬.૫ તમસ્કાય ઉદ્દેશક : આમાં તમસ્કાય સંબંધી વર્ણન, કૃષ્ણરાજિ, લોકાંતિક દેવ વગેરે વિષે પ્રશ્નોત્તરી છે.

૬.૬ ભવ્ય ઉદ્દેશક : આમાં નરકની સાત પૃથ્વીઓથી માંડીને પાંચ અનુત્તર વિમાન સુધીનું વર્ણન છે.

૬.૭ શાલી ઉદ્દેશક : એમાં ધાન્યની સ્થિતિ, ગણનીયકાળ અને છેલ્લે પ્રથમ આરાનું વર્ણન છે.

૬.૮ પૃથ્વી ઉદ્દેશક : આમાં આઠ પૃથ્વી વગેરે વિષયક પ્રશ્નોત્તરી છે.

૬.૯ કર્મ ઉદ્દેશક : આમાં જ્ઞાનાવરણીયના સમયે બંધાતી પ્રકૃતિઓ, મહર્ધિક દેવ અને તેની વિકુર્વણા વગેરે વર્ણન છે.

૬.૧૦ અન્યયૂથિક ઉદ્દેશક : આમાં અન્યયૂથિકનું વર્ણન, સમાધાન વગેરે વર્ણન છે.

**સાતમું શતક :**

૭.૧ આહાર ઉદ્દેશક : એમાં લોકસંખ્યાન, ક્રિયાવિચાર, પ્રત્યાખ્યાન, સાધુને આહાર આપવાનું ફળ વગેરે વર્ણન છે.

૭.૨ વિરતિ ઉદ્દેશક : એમાં પ્રત્યાખ્યાન, સંયત - અસંયત વગેરે તેમજ શાશ્વત - અશાશ્વત જીવ વગેરે વિષે પ્રશ્નોત્તરી છે.

૭.૩ સ્થાવર ઉદ્દેશક : આમાં વનસ્પતિકાય, અલ્પાહારી અને મહાહારી, લેશ્યા અને કર્મ વિષે પ્રશ્નોત્તરી છે.

૭.૪ જીવ ઉદ્દેશક : આમાં છ પ્રકારના સંસારસ્થિત જીવોનું વર્ણન છે.

૭.૫ પક્ષી ઉદ્દેશક : આમાં ત્રણ પ્રકારે યોનિસંગ્રહનું વર્ણન છે.

૭.૬ આયુ ઉદ્દેશક : એમાં ૨૪ દંડકોમાં જીવ આ ભવે આયુબંધ કરે છે તે, કાલચક્ર વગેરેનું વર્ણન છે.

૭.૭ અણગાર ઉદ્દેશક : આમાં સંવૃત અણગારની ઈરિયાવહી ક્રિયા અને કામભોગનું વિસ્તૃત વર્ણન છે.

૭.૮ છદ્મસ્થ ઉદ્દેશક : એમાં છદ્મસ્થને માત્ર સંયમ વગેરેથી મુક્તિ નથી તેમજ સુખદુઃખ, સંજ્ઞા, વેદના, ક્રિયાવિચાર વગેરેનું વર્ણન છે.

૭.૯ અસંવૃત ઉદ્દેશક : આમાં બાહ્યપુદ્ગલોનું ગ્રહણ વગેરે તેમજ મહાશિલા કંટક સંગ્રામ અને રથમૂશળ સંગ્રામ વગેરેનું વર્ણન છે.

૭.૧૦ અન્યતીર્થિક ઉદ્દેશક : આમાં કાલોદાયી વગેરે અન્ય તીર્થિકોએ કરેલી પ્રશ્નોત્તરી છે.

**આઠમું શતક :**

૮.૧ પુદ્ગલ ઉદ્દેશક : આમાં ત્રણ પ્રકારના પુદ્ગલ વગેરેનું વર્ણન છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**૮.૨** આશિવિષ ઉદ્દેશક : આમાં બે પ્રકારના આશિવિષ તથા છદ્મસ્થ, સર્વજ્ઞ અને જ્ઞાન વગેરેનું વર્ણન છે.

**૮.૩** વૃક્ષ ઉદ્દેશક : એમાં ત્રણ પ્રકારના વૃક્ષ, આઠ પૃથ્વી વગેરે વિષયક વર્ણન છે.

**૮.૪** ક્રિયા ઉદ્દેશક : આમાં પાંચ પ્રકારની ક્રિયાનું વર્ણન છે.

**૮.૫** આજીવિક ઉદ્દેશક : આમાં ૧૨ આજીવન શ્રમણોપાસક વગેરેનું વર્ણન છે.

**૮.૬** પ્રાસુક-આહારાદિ ઉદ્દેશક : આમાં ઉત્તમ શ્રમણને શુદ્ધ આહાર આપવાથી એકાંત નિર્જરા, આરાધક નિર્ગ્રંથ, ક્રિયાવિચાર વગેરેનું વર્ણન છે.

**૮.૭** અદત્તાદાન ઉદ્દેશક : આમાં અન્ય તીર્થિકો અને સ્થવિરોનો સંવાદ અને સ્થવિરો દ્વારા પાંચ પ્રકારના ગતિ-પ્રપાત અધ્યયનની રચના વગેરે વર્ણન છે.

**૮.૮** પ્રત્યનીક ઉદ્દેશક : આમાં ત્રણ પ્રકારના ગુરુપ્રત્યનીક અને વ્યવહાર, કર્મબંધ, કર્મપ્રકૃતિઓ, પરિષહ, સૂર્યદર્શન વગેરે વર્ણન છે.

**૮.૯** પ્રયોગબંધ ઉદ્દેશક : આમાં બે પ્રકારના બંધ વગેરેનું વર્ણન છે.

**૮.૧૦** આરાધના ઉદ્દેશક : એમાં ત્રણ પ્રકારની આરાધના, આઠ કર્મપ્રકૃતિઓ, જીવવિચાર વગેરેનું વર્ણન કરી છેલ્લે સિદ્ધને પુદ્ગલી કહેવાય કે પુદ્ગલ કહેવાય તેનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**નવમું શતક :**

**૯.૧** જંબૂ ઉદ્દેશક : આમાં જંબૂદ્વીપનું સ્થાન વગેરે છે.

**૯.૨** જ્યોતિષી દેવ ઉદ્દેશક : એમાં અઢી દ્વીપમાં પ્રકાશતા સૂર્ય-ચંદ્રનું વર્ણન છે.

**૯.૩-૩૦** અંતર્દ્વીપ ઉદ્દેશક : એમાં અંતર્દ્વીપનું વર્ણન છે.

**૯.૩૧** અસોચ્ચા ઉદ્દેશક : આમાં જ્ઞાની સંબંધી અને કેવળી સંબંધી પ્રશ્નોત્તરી છે.

**૯.૩૨** ગાંગેય ઉદ્દેશક : આમાં પાર્શ્વાપત્ય ગાંગેય વગેરેનું વર્ણન છે.

**૯.૩૩** કુંડગ્રામ ઉદ્દેશક : આમાં બ્રાહ્મણકુંડગ્રામ, ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણીની વાત છે. તેમજ કુંડગ્રામમાં ભગવાન મહાવીરનું પદાર્પણ, દુગ્ધધારા, પુત્રસ્નેહ વગેરેનું વર્ણન છે. વળી ક્ષત્રિય કુંડગ્રામ, જમાલીનું જીવન અને તેનું કેટલાક ભવ પછી નિર્વાણ વગેરે વર્ણન છે.

**૯.૩૪** પુરુષઘાતક ઉદ્દેશક : આમાં પુરુષની હત્યા કરનાર પુરુષથી ભિન્નની પણ હત્યા કરે છે, અશ્વને મારનારો અશ્વથી ભિન્નને પણ મારે છે વગેરે વાતો છે તેમજ શ્વાસોચ્છ્વાસની પ્રશ્નોત્તરી છે.

**દસમું શતક :**

**૧૦.૧** દિશા ઉદ્દેશક :આમાં પૂર્વાદિ દિશાઓનું જીવ-અજીવ રૂપ, દસ દિશાઓના નામ વગેરે વર્ણન છે.

**૧૦.૨** સંવૃત અણગાર ઉદ્દેશક : એમાં અણગારને લગતી ક્રિયા, ત્રણ પ્રકારની યોનિઓ, વેદનાઓ અને ભિક્ષુપ્રતિમા વગેરેનું વર્ણન છે.

**૧૦.૩** આત્મ-ઋદ્ધિ ઉદ્દેશક : આમાં અલ્પઋદ્ધિક અને મહર્ધિક દેવોની શક્તિ, ઉદરવાયુ, ઘોડાના પેટમાં કર્કટવાયુ, બાર પ્રકારની ભાષા વગેરે વર્ણિત છે.

**૧૦.૪** શ્યામહસ્તી અણગાર ઉદ્દેશક : આમાં શ્યામહસ્તી અણગાર અને ગણધર ભગવાનનો સંવાદ છે.

**૧૦.૫** દેવ ઉદ્દેશક : આમાં દેવેન્દ્રોની અગ્રમહિષી (પટરાણી) ઓના નામો વગેરે વર્ણન છે.

**૧૦.૬** સભા ઉદ્દેશક : એમાં શક્રની સુધર્મા સભા તથા શક્રેન્દ્રના સુખનું વર્ણન છે.

**૧૦.૭-૩૪** અન્તર્દ્વીપ ઉદ્દેશક : આમાં ઉત્તર દિશાના એકોરુકથી શુદ્ધદંત સુધીના ૨૮ શતકોમાં અન્તર્દ્વીપોનું વર્ણન છે.

**અગિયારમું શતક**

**૧૧.૧** ઉત્પલ ઉદ્દેશક : આમાં ઉત્પલના જીવોનું વિસ્તૃત વર્ણન છે.

**૧૧.૨** શાલૂક ઉદ્દેશક (૩) પલાશ ઉદ્દેશક (૪) કુંભિક ઉદ્દેશક (૫) નાલિક ઉદ્દેશક (૬) પદ્મ ઉદ્દેશક (૭) કર્ણિક ઉદ્દેશક અને (૮) નલિન ઉદ્દેશક આ બધા ઉદ્દેશકોમાં નામ પ્રમાણે જીવનું વર્ણન છે. બાકી બધું વર્ણન ઉત્પલ ઉદ્દેશકના સમાન છે. એમાં કેવળ કુંભિક ઉદ્દેશકમાં સ્થિતિની થોડી વિશેષતા બતાવી છે.

**૧૧.૯** શિવ રાજર્ષિ ઉદ્દેશક : એમાં શિવરાજર્ષિનું વર્ણન કરી અઢી દ્વીપના દ્રવ્યની વાત જણાવી છે.

**૧૧.૧૦** લોક ઉદ્દેશક : આમાં ચાર પ્રકારના લોકનું વર્ણન છે.

**૧૧.૧૧** કાલ ઉદ્દેશક : આમાં વાણિજ્યગ્રામ, દુતિપલાસ ચૈત્ય, ભગવાન મહાવીર સાથે સુદર્શન શ્રેષ્ઠીના પ્રશ્ન, ચાર પ્રકારના કાળ વગેરેનું વર્ણન છે.

**૧૧.૧૨** આલભિકા ઉદ્દેશક : આમાં આલભિકા નગરી, ઋષિભદ્ર વગેરે શ્રમણોપાસકોની ચર્ચા વગેરે છે.

**બારમું શતક :**

**૧૨.૧** શંખ ઉદ્દેશક : એમાં શ્રાવસ્તી નગરી, કોષ્ઠક ચૈત્ય, શંખ વગેરે શ્રમણોપાસકોનું વર્ણન છે.

**૧૨.૧** જયંતી ઉદ્દેશક : આમાં જયંતી નામની શ્રાવિકાએ ભગવાનને કરેલા પ્રશ્નોના ઉત્તર છે.

**૧૨.૩** પૃથ્વી ઉદ્દેશક : આમાં સાત પૃથ્વીઓ અને તેમના ગોત્રનું વર્ણન છે.

**૧૨.૪** પુદ્ગલ ઉદ્દેશક : આમાં અનંતાનંત પુદ્ગલ પરિવર્તનું વર્ણન છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**૧૨.૫ અતિપાત ઉદ્દેશક :** આમાં ૧૮ પાપસ્થાનકનું વર્ણન છે.
**૧૨.૬ રાહુ ઉદ્દેશક :** આમાં રાહુનું વર્ણન અને અંતે સૂર્ય-ચંદ્રના કામભોગની વાત જણાવી છે.
**૧૨.૭ લોક ઉદ્દેશક :** એમાં લોકના આયામ – વિષ્કંભ વગેરેનું વર્ણન છે.
**૧૨.૮** નાગ ઉદ્દેશક : આમા મહર્ધિક દેવની સર્પ, હાથી, મણિ અને વૃક્ષ રૂપે થયેલી ઉત્પત્તિનું અને તેમની પૂજાનું વર્ણન છે.
**૧૨.૯** દેવ ઉદ્દેશક : આમાં પાંચ પ્રકારના દેવોની ઉત્પત્તિ વગેરેનું વર્ણન છે.
**૧૨.૧૦** આત્મા ઉદ્દેશક : આમાં આઠ પ્રકારના આત્મા, તેમનું સ્વરૂપ વગેરે વર્ણન છે.

**તેરમું શતક :**

**૧૩.૧** પૃથ્વી ઉદ્દેશક : આમાં સાત પ્રકારની પૃથ્વી વગેરેનું વર્ણન છે.
**૧૩.૨** દેવ ઉદ્દેશક : આમાં ચાર પ્રકારના દેવોનું વર્ણન છે.
**૧૩.૩** નરક ઉદ્દેશક : આમાં નરક તેમજ નારકી વર્ણન છે.
**૧૩.૪** પૃથ્વી ઉદ્દેશક : આમા સાત પ્રકારની પૃથ્વી, દિશા, અસ્તિકાય, કૂટાગાર શાળાનું ઉદાહરણ, લોકવર્ણન વગેરે વાતો છે.
**૧૩.૫** આહાર ઉદ્દેશક : એમાં નૈરયિકોના અચિત્તાહારી હોવાની વાત છે.
**૧૩.૬** ઉપપાત ઉદ્દેશક : આમાં નૈરયિક, અસુરેન્દ્ર વગેરેના વર્ણન પછી રાજા ઉદયનની વાત છે.
**૧૩.૭** ભાષા ઉદ્દેશક : આમાં ભાષાનું પૌદ્ગલિક રૂપ, ભાષા રૂપી, અચિત્ત અને અજીવરૂપ છે વગેરે વર્ણન છે.
**૧૩.૮** કર્મપ્રકૃતિ ઉદ્દેશક : આમાં આઠ કર્મપ્રકૃતિઓનું વર્ણન છે.
**૧૩.૯** અણગાર વૈક્રિય ઉદ્દેશક : આમા વૈક્રિયલબ્ધિથી આકાશગમનનું સામર્થ્ય વગેરેનું વર્ણન છે.
**૧૩.૧૦** સમુદ્ઘાત ઉદ્દેશક : એમાં છ છાદ્મસ્થિક સમુદ્ઘાતોનું વર્ણન છે.

**ચૌદમું શતક :**

**૧૪.૧** ચરણ ઉદ્દેશક : આમાં વિગ્રહગતિ અને આયુબંધ વગેરે વર્ણન છે.
**૧૪.૨** ઉન્માદ ઉદ્દેશક : આમાં બે પ્રકારના ઉન્માદ, પર્જન્યવિચાર, તમસ્કાય વગેરેનું વર્ણન છે.
**૧૪.૩** શરીર ઉદ્દેશક : આમા મધ્યગતિ, વિનયવિચાર વગેરે વર્ણન છે.
**૧૪.૪** પુદ્ગલ ઉદ્દેશક : આમાં અતીત, અનાગત અને વર્તમાન પુદ્ગલોના પરિભ્રમણ વગેરેનું વર્ણન છે.
**૧૪.૫** અગ્નિ ઉદ્દેશક : આમાં ૨૪ દંડકોમાં જીવ અગ્નિમાંથી પસાર થાય છે વગેરે વર્ણન છે.
**૧૪.૬** આહાર ઉદ્દેશક : એમાં ૨૪ દંડકોમાં જીવોના આહાર, પરિમાણ, યોનિ, સ્થિતિ વગેરેના વર્ણન પછી શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રના રતિસુખનું વર્ણન છે.
**૧૪.૭** ગૌતમ આશ્વાસન ઉદ્દેશક : આમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થવાથી ખિન્ન થયેલા ગૌતમ સ્વામીને ભગવાન મહાવીર દ્વારા આશ્વાસન, છ પ્રકારના તુલ્ય વગેરેનું વર્ણન છે.
**૧૪.૮** અંતર ઉદ્દેશક : આમાં સાત નરકોના અંતર વગેરે વર્ણિત છે.
**૧૪.૯** અણગાર ઉદ્દેશક : આમાં અણગારનું જ્ઞાન, શ્રમણ અને દેવ વગેરેનું વર્ણન છે.
**૧૪.૧૦** કેવલી ઉદ્દેશક : આમાં કેવળીના કેવળજ્ઞાનની વ્યાપકતા વગેરે વર્ણિત છે.

**પંદરમું શતક :**

એના એક ઉદ્દેશકમાં ગોશાલક, આઠ પ્રકારના નિમિત્ત, છ પ્રકારના ફળાદેશ, વણિકનું દષ્ટાંત, ચોર્યાસી લાખ મહાકલ્પનું પ્રમાણ, સાત શરીરાન્તર પ્રવેશો, જંબૂદ્વીપ વગેરેનું વર્ણન છે.

**સોળમું શતક :**

**૧૬.૧** અધિકરણ ઉદ્દેશક : આમાં વાયુકાયની ઉત્પત્તિ અને મરણ, અધિકરણ હિંસા વગેરે વર્ણન છે.
**૧૬.૨** જરા ઉદ્દેશક : આમાં જીવોના વૃદ્ધાવસ્થા અને શોક વગેરેનું વર્ણન છે.
**૧૬.૩** કર્મ ઉદ્દેશક : આમાં ૨૪ દંડકોમાં આઠ કર્મ પ્રકૃતિઓ વગેરે વર્ણન છે.
**૧૬.૪** જાવંતીય ઉદ્દેશક : આમાં વૃદ્ધ અને તરુણ, કઠિયારો, ઘાસનો પૂળો વગેરે ના ઉદાહરણ છે.
**૧૬.૫** ગંગદત્ત ઉદ્દેશક : એમાં ગંગદત્તે ભગવાન મહાવીરને કરેલા પ્રશ્નો અને ઉત્તરો છે.
**૧૬.૬** સ્વપ્ન ઉદ્દેશક : આમાં પાંચ પ્રકારના સ્વપ્ન, સ્વપ્નના ૪૨ પ્રકાર, મહા સ્વપ્નના ૩૦ પ્રકાર જણાવી તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ, માંડલિક વગેરેની માતાઓને આવેલા સ્વપ્નોનાં વર્ણન છે.
**૧૬.૭** ઉપયોગ ઉદ્દેશક : આમાં બે પ્રકારના ઉપયોગનું વર્ણન છે.
**૧૬.૮** લોક ઉદ્દેશક : આમાં લોકની મોટાઈ-પરિધિ, તેમજ ક્રિયાવિચાર વગેરેનું વર્ણન છે.
**૧૬.૯** બલીન્દ્ર ઉદ્દેશક : આમાં વિરોચનપુત્ર બલીન્દ્રરાજા વિષે વર્ણન છે.
**૧૬.૧૦** અવધિજ્ઞાન ઉદ્દેશક : આમાં બે પ્રકારનાં અવધિજ્ઞાનનું વર્ણન છે.
**૧૬.૧૧** દ્વીપકુમાર ઉદ્દેશક : આમાં દ્વીપકુમારો વિષે વર્ણન છે.
**૧૬.૧૨** ઉદધિકુમાર ઉદ્દેશક : આમાં ઉદધિકુમારો વિષે વર્ણન છે.
**૧૬.૧૩** દિક્કુમાર ઉદ્દેશક : આમાં દિક્કુમારો વિષે વર્ણન છે.

**સત્તરમું શતક :**

**૧૭.૧** કુંજર ઉદ્દેશક : આમાં ઉદાયી હાથીનો પૂર્વભવ, ક્રિયાવિચાર, ભાવના છ પ્રકાર વગેરે વર્ણન છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**૧૭.૨** સંયત ઉદ્દેશક : આમાં સંયત-વિરત વગેરે ધાર્મિક - અધાર્મિક ના વર્ણન પછી અંતે વૈક્રિયશક્તિની વાત જણાવી છે.

**૧૭.૩** શૈલેષી ઉદ્દેશક : આમાં શૈલેષી અણગાર પરપ્રયોગ વિના કંપે નહિ તેમજ કંપનના પ્રકાર વગેરે વર્ણિત છે.

**૧૭.૪** ક્રિયા ઉદ્દેશક : આમાં પ્રાણાતિપાત ક્રિયા, આત્મકૃત દુ:ખ, વેદના વગેરે વર્ણન છે.

**૧૭.૫** સુધર્મા સભા ઉદ્દેશક : આમાં ઈશાનેન્દ્રની સુધર્મા સભા અને સ્થિતિનું વર્ણન છે.

**૧૭.૬-૭** પૃથ્વીકાયિક ઉદ્દેશકો : આ બંનેમાં પૃથ્વીકાય જીવોનો ઉત્પત્તિ પહેલાં અને પછીના આહાર ગ્રહણ, સૌધર્મકલ્પ પૃથ્વીથી માંડીને રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થનારા જીવો વગેરે વર્ણન છે.

**૧૭.૮-૯** અપ્કાયિક ઉદ્દેશક : આમાં અપ્કાયિક જીવોની ઉત્પત્તિ પહેલા અને પછીના આહાર તેમજ સૌધર્મ કલ્પના અપ્કાયિક જીવો વગેરે વર્ણન છે.

**૧૭.૧૦-૧૧** વાયુકાયિક ઉદ્દેશક : આમાં રત્નપ્રભા અને સૌધર્મ કલ્પમાં વાયુકાયિક જીવોની ઉત્પત્તિ વગેરે વર્ણન છે.

**૧૭.૧૨** એકેન્દ્રિય ઉદ્દેશક : આમાં એકેન્દ્રિયોની લેશ્યા વગેરેનું વર્ણન છે.

**૧૭.૧૩** નાગકુમાર (**૧૪**) સુવર્ણકુમાર (**૧૫**) વિદ્યુત્કુમાર (**૧૬**) વાયુકુમાર અને (**૧૭**) અગ્નિકુમાર ઉદ્દેશકો. : આમા નામ પ્રમાણે તે તે કુમારોના આહારથી માંડીને ઋદ્ધિ-સિદ્ધિ, અલ્પત્વ - બહુત્વ વગેરેનું વર્ણન છે.

**અઢારમું શતક :**

**૧૮.૧** પ્રથમ ઉદ્દેશક : આમાં ૨૪ દંડકોમાં જીવ જીવભાવથી પહેલો નથી, પણ સિદ્ધ સિદ્ધભાવથી પહેલો છે વગેરે વર્ણન છે.

**૧૮.૨** વિશાખા ઉદ્દેશક : આમાં વિશાખા નગરી, શક્રેન્દ્ર આગમનનું નાટ્ય પ્રદર્શન, ગણધર ભગવાન ગૌતમ સ્વામી અને શક્રેન્દ્રની ઋદ્ધિ, પૂર્વભવની જિજ્ઞાસા અને તેનું ભગવાન મહાવીર દ્વારા સમાધાન વગેરે વર્ણન છે.

**૧૮.૩** માકંદિપુત્ર ઉદ્દેશક : આમાં ભગવાન મહાવીર પાસે માકંદિપુત્રના પ્રશ્નો, કેટલી દિશામાં પુદ્ગલોને આહાર મળે, બે પ્રકારના બંધ, ધનુષબાણનું ઉદાહરણ વગેરે વિષે પ્રશ્નોત્તરી છે.

**૧૮.૪** પ્રાણાતિપાત ઉદ્દેશક : આમાં ૧૮ પાપ, પૃથ્વીકાયથી માંડીને વનસ્પતિકાય, ચાર પ્રકારના કષાય વગેરે વિષે પ્રશ્નોત્તરી છે.

**૧૮.૫** અસુરકુમાર ઉદ્દેશક : આમાં દર્શનીય અને અદર્શનીય એમ બે પ્રકારના અસુરકુમાર વિષે વર્ણન છે.

**૧૮.૬** ગોળ વર્ણાદિ ઉદ્દેશક : આમાં નિશ્ચય અને વ્યવહાર નય દ્વારા ગોળના વર્ણ વગેરે નું વર્ણન છે. તેમજ ભ્રમર વગેરે ૨૦ વિવિધ વસ્તુઓના વર્ણ, ગંધ, રસપ્રદેશ વગેરેવિષે પ્રશ્નોત્તરી છે.

**૧૮.૭** કેવલી ઉદ્દેશક : આમાં કેવળીની ભાષા, અન્ય તીર્થિકોની માન્યતા અને મહાવીર ભગવાનની માન્યતા વગેરે વિષે પ્રશ્નોત્તરી છે.

**૧૮.૮** અણગાર ક્રિયા ઉદ્દેશક : આમાં ભાવિત આત્મા અણગારની ઐર્યાપથિકી ક્રિયા વગેરેનું તથા અવધિજ્ઞાનના પરમાણુજ્ઞાન વિષે પ્રશ્નોત્તરી છે.

**૧૮.૯** ભવ્યદ્રવ્ય ઉદ્દેશક : આમાં ૨૪ દંડકોના ભવ્યદ્રવ્ય જીવ અને એમની સ્થિતિનું વર્ણન છે.

**૧૮.૧૦** સોમિલ ઉદ્દેશક : આમાં ભાવિત આત્મા અણગારની વૈક્રિય લબ્ધિનું સામર્થ્ય, વાયુ અને પુદ્ગલ, યાત્રા, યાપનીય અવ્યાબાધ અને પ્રાસુકવિહાર વિષે પ્રશ્નોત્તરી છે.

**ઓગણીસમું શતક :**

**૧૯:૧** લેશ્યા ઉદ્દેશક : એમાં છ પ્રકારની લેશ્યાનું વર્ણન છે.

**૧૯.૨** ગર્ભ ઉદ્દેશક : આમાં કૃષ્ણ લેશ્યાવાળા જીવો જ કૃષ્ણલેશ્યાવાળા ગર્ભની ઉત્પત્તિ કરે છે વગેરે વર્ણન છે.

**૧૯.૩** પૃથ્વી ઉદ્દેશક : આમાં પૃથ્વીકાયના જીવોના પ્રત્યેક શરીરના બંધ વગેરે અને અંતે ચક્રવર્તીની દાસી દ્વારા પૃથ્વીપિંડ પીસવાનું ઉદાહરણ છે.

**૧૯.૪** મહાશ્રવ ઉદ્દેશક : આમાં ૨૪ દંડકોમાં મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, મહાનિર્જરા વગેરેનું વર્ણન છે.

**૧૯.૫** ચરમ ઉદ્દેશક : એમાં ૨૪ દંડકોમાં અલ્પાયુ તથા ઉત્કૃષ્ટ આયુની સાથે સાથે મહાકર્મ ક્રિયાનું વર્ણન છે.

**૧૯.૬** દ્વીપ ઉદ્દેશક : આમાં ૨૪ દંડકોમાં બે પ્રકારની વેદનાનું વર્ણન છે.

**૧૯.૭** ભવન ઉદ્દેશક : આમાં ભવનોનો પરિચય તેમજ વ્યંતરાવાસો, જ્યોતિષાવાસ અને અન્ય સર્વે વિમાનાવાસોનો સંક્ષિપ્ત પરિચય છે.

**૧૯.૮** નિર્વૃત્તિ ઉદ્દેશક : એમાં ૨૪ દંડકોમાં એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીનાના કર્મ, શરીર, સર્વે ઈન્દ્રિયો, ભાષા, મન, કષાય, વર્ણ, સંસ્થાન, સંજ્ઞા, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન-અજ્ઞાન, લોક, ઉપયોગ વગેરેની નિર્વૃત્તિનું વર્ણન છે.

**૧૯.૯** કરણ ઉદ્દેશક : આમાં ૨૪ દંડકોમાં પાંચ પ્રકારના કરણ વગેરે વર્ણિત છે.

**૧૯.૧૦** વ્યંતર ઉદ્દેશક : આમાં વ્યંતર દેવોના આહાર, ઉચ્છ્વાસ વગેરે વર્ણિત છે.

**વીસમું શતક :**

**૨૦.૧** બે ઈન્દ્રિય ઉદ્દેશક : એમાં બેઈન્દ્રિય જીવોના શરીર બંધાવાના ક્રમ, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, આહારમાં ભેદ વગેરે વર્ણન છે.

Jain Education International 2010_03

For Private & Personal Use Only
www.jainelibrary.org

**૨૦.૨ આકાશ ઉદ્દેશક** : આમાં બે પ્રકારના આકાશ, અધોલોકની મહાનતા વગેરે વર્ણન છે.

**૨૦.૩ પ્રાણવધ ઉદ્દેશક** : આમાં ૧૮ પાપ, ચાર બુદ્ધિ, ચાર અવગ્રહ વગેરેનું વિસ્તૃત વર્ણન છે. એ બધા આત્માની સાથે પરિણામ પામે છે.

**૨૦.૪** ઉપચય ઉદ્દેશક : આમાં ઈન્દ્રિયોપચયના પાંચ પ્રકારનું વર્ણન છે.

**૨૦.૫** પરમાણુ ઉદ્દેશક : આમાં પરમાણુના ૧૬ વિકલ્પો અને તેના પેટા વિકલ્પોનું વર્ણન છે.

**૨૦.૬** અંતર ઉદ્દેશક : એમાં રત્નપ્રભાથી માંડીને ઈષત્પ્રાગ્ભારાના અંતરાળોમાં પૃથ્વીકાય વગેરે જીવોની ઉત્પત્તિ અને આહાર વિષયક વર્ણન છે.

**૨૦.૭** બંધ ઉદ્દેશક : આમાં ૨૪ દંડકોમાં જ્ઞાનાવરણીય કર્મો વગેરેના ત્રણ પ્રકારના બંધનું વર્ણન છે.

**૨૦.૮** ભૂમિ ઉદ્દેશક : આમાં ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ વગેરેનું વર્ણન છે.

**૨૦.૯** ચારણ ઉદ્દેશક : આમાં વિદ્યાચારણ અને જંઘાચારણની શીઘ્રગતિ, ત્રાંસી ગતિ, ઊર્ધ્વગતિ વગેરે વર્ણનો છે.

**એકવીસમું શતક :**

**પ્રથમ વર્ગ :**

**૨૧.૧** શાલી ઉદ્દેશક : આમાં ડાંગર (શાલી) વગેરે વર્ગમાં ઉત્પન્ન થનારા જીવોની લેશ્યા, સ્થિતિ, જઘન્ય-ઉત્કૃષ્ટ કાલ અને પ્રાણિમાત્રનું ડાંગર વગેરે વર્ગમાં ઉત્પન્ન થવું વગેરે વર્ણન છે.

**૨૧.૨** કંદ ઉદ્દેશક, (૩) સ્કંધ ઉદ્દેશક (૪) ત્વચા ઉદ્દેશક (૫) સાલ ઉદ્દેશક (૬) પ્રવાલ ઉદ્દેશક (૭) પત્ર ઉદ્દેશક (૮) પુષ્પ ઉદ્દેશક (૯) ફૂલ ઉદ્દેશક અને (૧૦) બીજ ઉદ્દેશક

આ બધામાં પ્રાણિમાત્રનું તે તે અનુસાર વર્ગમાં ઉત્પન્ન થવું તેનું વર્ણન છે.

દ્વિતીય વર્ગ : ૧-૧૦ મૂલ, કંદ આદિ ઉદ્દેશક

તૃતીય વર્ગ : ૧-૧૦ અલસીવર્ગ ઉદ્દેશક

ચતુર્થ વર્ગ : ૧-૧૦ વંશવર્ગ ઉદ્દેશક

પંચમ વર્ગ : ૧-૧૦ ઈક્ષુવર્ગ ઉદ્દેશક

ષષ્ઠ વર્ગ : ૧-૧૦ સેડિયવર્ગ ઉદ્દેશક

સપ્તમ વર્ગ : ૧-૧૦ અભ્રુહવર્ગ ઉદ્દેશક

અષ્ટમ વર્ગ : ૧-૧૦ તુલસીવર્ગ ઉદ્દેશક

આ આઠેય વર્ગોમાં જીવોની લેશ્યા વગેરેનો વર્ણનક્રમ પ્રથમ વર્ગના દસ ઉદ્દેશકોના જેવો છે.

**બાવીસમું શતક :**

પ્રથમ વર્ગ : ૧-૧૦ તાડ ઉદ્દેશક

દ્વિતીય વર્ગ : ૧-૧૦ નિંબ ઉદ્દેશક

તૃતીય વર્ગ : ૧-૧૦ અગસ્તિક ઉદ્દેશક

ચતુર્થ વર્ગ : ૧-૧૦ રીંગણ ઉદ્દેશક

પંચમ વર્ગ : ૧-૧૦ સિરિયક ઉદ્દેશક

આ બધા વર્ગોના ઉદ્દેશકોમાં જીવોની લેશ્યા વગેરેનો વર્ણન ક્રમમાં વિશેષતા એ છે કે તેમનું વર્ણન ઓગણીસમા શતક અનુસાર છે.

ષષ્ઠવર્ગ : ૧-૧૦ પૂષફલિકા ઉદ્દેશક

આમાં પૂષફલિકા વર્ગના જીવાને લેશ્યા વગેરે વિષે વર્ણન છે.

**તેવીસમું શતક :**

પ્રથમ વર્ગ : ૧-૧૦ બટાટા ઉદ્દેશક

દ્વિતીય વર્ગ : ૧-૧૦ લોહી ઉદ્દેશક

તૃતીય વર્ગ : ૧-૧૦ આય ઉદ્દેશક

ચતુર્થ વર્ગ : ૧-૧૦ પાઠ્ઠ ઉદ્દેશક

આ બધા વર્ગોના ઉદ્દેશકોમાં પણ જીવોની લેશ્યા વગેરેનો વર્ણનક્રમ ઓગણીસમા શતક અનુસાર છે.

**ચોવીસમું શતક :**

**૨૪.૧** નૈરયિક ઉદ્દેશક : આમાં તિર્યંચો અને મનુષ્યોનો નારકી જીવોમાં ઉપપાત વગેરેનું વર્ણન છે.

**૨૪.૨** પરિમાણ ઉદ્દેશક : આમાં તિર્યંચો અને મનુષ્યોનો અસુરકુમારોમાં ઉપપાત વર્ણવ્યો છે.

**૨૪.૩-૧૧** નાગકુમારાદિ ઉદ્દેશક : આ ઉદ્દેશકોમાં તિર્યંચો અને મનુષ્યોના નાગકુમારથી શરુ કરીને સ્તનિતકુમાર સુધીના નવ કુમારોમાં ઉપપાત વર્ણવ્યો છે.

**૨૪.૧૨** પૃથ્વીકાય ઉદ્દેશક : આમાં તિર્યંચો અને મનુષ્યોના પૃથ્વીકાયિક જીવોમાં ઉપપાતનું વિસ્તૃત વર્ણન છે.

**૨૪.૧૩** અપ્કાય ઉદ્દેશક : આમાં તિર્યંચો અને મનુષ્યોના અપ્કાયિક જીવોમાં ઉપપાતનું વર્ણન છે.

**૨૪.૧૪** તેઉકાય ઉદ્દેશક : આમાં તિર્યંચો અને મનુષ્યોના તેઉકાયિક જીવોમાં ઉપપાતનું વર્ણન છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**૨૪.૧૫** વાયુકાય ઉદ્દેશક : આમાં તિર્યંચો અને મનુષ્યોના વાયુકાયિક જીવોમાં ઉપપાતનું વર્ણન છે.

**૨૪.૧૬** વનસ્પતિકાય ઉદ્દેશક : આમાં તિર્યંચો, મનુષ્યો અને દેવોના વનસ્પતિકાયિક જીવોમાં ઉપપાતનું વર્ણન છે.

**૨૪.૧૭** બેઈન્દ્રિય ઉદ્દેશક : આમાં તિર્યંચો અને મનુષ્યોના બેઈન્દ્રિયધારી જીવોમાં ઉપપાતનું વર્ણન છે.

**૨૪.૧૮** ત્રણ ઈન્દ્રિય ઉદ્દેશક : આમાં તિર્યંચો અને મનુષ્યોના ત્રણ ઈન્દ્રિયધારી જીવોમાં ઉપપાતનું વર્ણન છે.

**૨૪.૧૯** ચતુરિન્દ્રિય ઉદ્દેશક : આમાં તિર્યંચો અને મનુષ્યોના ચતુરિન્દ્રિય જીવોમાં ઉપપાતનું વર્ણન છે.

**૨૪.૨૦** તિર્યંચ પંચેન્દ્રિય ઉદ્દેશક : આમાં ૨૪ દંડકોના નારકીયો, તિર્યંચો, મનુષ્યો અને દેવોના તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉપપાત વર્ણવ્યો છે.

**૨૪.૨૧** મનુષ્ય ઉદ્દેશક : આમાં ૨૪ દંડકોના નારકીયો, તિર્યંચો, મનુષ્યો અને દેવોનો મનુષ્યોમાં ઉપપાત વર્ણવ્યો છે.

**૨૪.૨૨** વ્યંતર ઉદ્દેશક : આમાં તિર્યંચો અને મનુષ્યોનો વ્યંતર દેવોમાં ઉપપાત વર્ણવ્યો છે.

**૨૪.૨૩** જ્યોતિષ્ક ઉદ્દેશક :

આમાં તિર્યંચો અને મનુષ્યોનો જ્યોતિષ્ક દેવોમાં ઉપપાત વર્ણવ્યો છે.

**૨૪.૨૪** વૈમાનિક ઉદ્દેશક :

આમાં તિર્યંચો અને મનુયોનો વૈમાનિક દેવોમાં ઉપપાત વર્ણવ્યો છે.

**પચ્ચીસમું શતક :**

**૨૫.૧** લેશ્યા ઉદ્દેશક : એમાં ૧૬ પ્રકારની લેશ્યા, ૧૪ પ્રકારના સંસારી જીવો, ૧૫ પ્રકારના યોગ વગેરેનું વર્ણન છે.

**૨૫.૨** દ્રવ્ય ઉદ્દેશક : આમાં બે પ્રકારના દ્રવ્ય, બે પ્રકારના અજીવ-દ્રવ્ય વગેરે વર્ણન છે.

**૨૫.૩** સંસ્થાન ઉદ્દેશક : આમાં છ પ્રકારના સંસ્થાનોનું વર્ણન છે.

**૨૫.૪** યુગ્મ ઉદ્દેશક : આમાં ૨૪ દંડકોમાં કૃતયુગ્મ વગેરે ચાર પ્રકારના જોડકાંઓનું વર્ણન છે.

**૨૫.૫** પર્યવ ઉદ્દેશક : આમાં બે પ્રકારના પર્યવ, કાલદ્રવ્ય, આવલિકા, શ્વાસોચ્છ્વાસ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી - અવસર્પિણી, પુદ્ગલાવર્ત વગેરેનું વર્ણન છે.

**૨૫.૬** નિર્ગ્રંથ ઉદ્દેશક : આમાં (૧) પ્રજ્ઞાપન દ્વારમાં પાંચ પ્રકારના નિર્ગ્રંથ વગેરે, (૨) વેદદ્વારમાં નિર્ગ્રંથ વગેરેના વેદ, (૩) રાગદ્વારમાં સરાગ-વીતરાગ, (૪) કલ્પદ્વાર (૫) ચારિત્રદ્વાર (૬) પ્રતિસેવના દ્વારમાં પ્રતિસેવક અને અપ્રતિસેવક (૭) જ્ઞાનદ્વાર (૮) તીર્થદ્વારમાં તીર્થ-અતીર્થ (૯) લિંગદ્વાર (૧૦) શરીરદ્વાર (૧૧) ક્ષેત્રદ્વાર (૧૨) કાલદ્વાર (૧૩) ગતિદ્વાર (૧૪) સંયમદ્વાર (૧૫) સંનિકર્ષદ્વાર (૧૬) યોગદ્વાર (૧૭) ઉપયોગ દ્વાર (૧૮) કષાયદ્વાર (૧૯) લેશ્યાદ્વાર (૨૦) પરિણામદ્વાર (૨૧) બંધદ્વારમાં કર્મપ્રકૃતિઓનાં બંધ (૨૨) વેદદ્વારમાં વેદન (૨૩) ઉદીરણાદ્વાર (૨૪) ઉપસંપદ-હાનિદ્વારમાં નિર્ગ્રંથ જીવનનો સ્વીકાર અને ત્યાગ (૨૫) સંજ્ઞાદ્વાર (૨૬) આહારદ્વાર (૨૭) ભવદ્વાર (૨૮) આકર્ષદ્વાર (૨૯) કાલદ્વારમાં નિર્ગ્રંથોની સ્થિતિ (૩૦) અંતરદ્વાર (૩૧) સમુદ્ઘાતદ્વાર ૩૨) ક્ષેત્રદ્વાર (૩૩) સ્પર્શનાદ્વાર (૩૪) ભાવદ્વાર (૩૫) પરિમાણદ્વાર અને (૩૬) અલ્પબહુત્વદ્વાર - એ બધામાં નામ પ્રમાણે વિષયો વર્ણવવામાં આવ્યા છે.

**૨૫.૭** સંયત ઉદ્દેશક : આમાં પાંચ પ્રકારના ચારિત્રના સંદર્ભમાં વેદ, રાગ, કલ્પ, પ્રતિસેવના વગેરે ઉપર મુજબના ઉદ્દેશક પ્રમાણે વર્ણવ્યા છે અને અંતે બે પ્રકારના તપ વર્ણવ્યાં છે.

**૨૫.૮** ઓઘ ઉદ્દેશક : એમાં મંડૂક (દેડકા)ના અનુવર્તન જેવા અધ્યવસાયોથી નારકીય જીવોની ઉત્પત્તિ વગેરે વર્ણન છે.

**૨૫.૯** ભવ્ય ઉદ્દેશક : આમાં દેડકાના અનુવર્તન જેવા અધ્યવસાયોથી ભવસિદ્ધિક નારકીયોની ઉત્પત્તિ વગેરે વર્ણન છે.

**૨૫.૧૦** અભવ્ય ઉદ્દેશક : એમાં દેડકાના અનુવર્તન જેવા અધ્યવસાયોથી અભવસિદ્ધિક નારકીયોની ઉત્પત્તિ વગેરે વર્ણન છે.

**૨૫.૧૧** સમ્યગ્દષ્ટિ ઉદ્દેશક : આમાં દેડકાની અનુવૃત્તિ જેવા અધ્યવસાયોથી સમ્યગ્દષ્ટિ નારકીયોની ઉત્પત્તિ વગેરે વર્ણન છે.

**૨૫.૧૨** મિથ્યાદષ્ટિ ઉદ્દેશક : આમાં દેડકાની અનુવૃત્તિ જેવા અધ્યવસાયોથી મિથ્યાદષ્ટિ નારકીયોની ઉત્પત્તિ વગેરે વર્ણન છે.

**છવીસમું શતક :**

**૨૬.૧** જીવ ઉદ્દેશક : એમાં જીવના પાપકર્મોના બંધ તેના ભાંગા વગેરે વર્ણન છે.

**૨૬.૨** ઉદ્દેશકમાં અનન્તરોપપન્ન ૨૪ દંડકોમાં લેશ્યાથી માંડીને ઉપયોગ સુધીના પાપ કર્મો તથા આઠ કર્મબંધ વગેરે વર્ણન છે.

**૨૬.૩** ઉદ્દેશકમાં પરંપરોપપન્ન ૨૪ દંડકોમાં જીવોના પાપકર્મો તથા આઠ કર્મબંધનું વર્ણન છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**૨૬.૪ ઉદ્દેશકમાં અનન્તરાવગાહ ૨૪ દંડકોમાં જીવોના પાપકર્મો તથા આઠ કર્મબંધનું વર્ણન છે.**

**૨૬.૫** ઉદ્દેશકમાં પરંપરાવગાઢ ૨૪ દંડકોમાં જીવોના પાપકર્મો તથા આઠ કર્મબંધનું વર્ણન છે.

**૨૬.૬** ઉદ્દેશકમાં અનંતરાહારક ૨૪ દંડકોમાં જીવોના પાપકર્મો તથા આઠ કર્મબંધનું વર્ણન છે.

**૨૬.૭** ઉદ્દેશકમાં પરંપરાહારક ૨૪ દંડકોમાં જીવોના પાપકર્મો તથા આઠ કર્મબંધનું વર્ણન છે.

**૨૬.૮** ઉદ્દેશકમાં અનંતરપર્યાપ્ત ૨૪ દંડકોમાં જીવોના પાપકર્મો તથા આઠ કર્મબંધનું વર્ણન છે.

**૨૬.૯** ઉદ્દેશકમાં પરંપરપર્યાપ્ત ૨૪ દંડકોમાં જીવોના પાપકર્મો તથા આઠ કર્મબંધનું વર્ણન છે.

**૨૬.૧૦** ઉદ્દેશકમાં ૨૪ દંડકોમાં ચરમજીવોના પાપકર્મો તથા આઠ કર્મબંધનું વર્ણન છે.

**૨૬.૧૧** ઉદ્દેશકમાં ૨૪ દંડકોમાં અચરમજીવોના પાપકર્મો તથા આઠ કર્મબંધનું વર્ણન છે.

**સત્તાવીસમા શતકથી એકતાલીસમું શતક :**

શતક - ૨૭ ઉદ્દેશક ૧૧, સૂત્ર ૧૧. શતક - ૨૮ઉદ્દેશક ૧૧, સૂત્ર ૧૪.

શતક - ૨૯ ઉદ્દેશક ૧૧, સૂત્ર ૧૫. શતક - ૩૦ ઉદ્દેશક ૧૧, સૂત્ર ૫૦.

શતક - ૩૧ ઉદ્દેશક ૨૮, સૂત્ર ૪૧. શતક - ૩૨ ઉદ્દેશક ૨૮, સૂત્ર ૩૩

શતક - ૩૩ અવાંતર શતક - ૧૨, ઉદ્દેશક ૧૨૪, સૂત્રો ૧૩૯.

શતક - ૩૪ અવાંતર શતક - ૧૨, ઉદ્દેશક ૧૨૪, સૂત્રો ૧૫૨.

શતક - ૩૫ થી ૩૯ અવાંતર શતક દરેકના - ૧૨, ઉદ્દેશક દરેકના - ૧૨૪, સૂત્રો દરેકના ૧૨૪

શતક - ૪૦ અવાંતર શતક ૨૧, ઉદ્દેશક ૧૧૮૧, સૂત્રો ૧૮૧.

શતક - ૪૧, ઉદ્દેશક ૧૯૬, સૂત્રો ૨૨૨.

ઉપર્યુક્ત ૧૪ શતકોમાં ૨૪ દંડકોમાં જીવોના પાપકર્મ, લેશ્યા, પંચેન્દ્રિય સુધીના જીવો, ૧૬ પ્રકારના મહાયુગ્મો, રાશિયુગ્મો વિગેરે વિશે પ્રશ્નોત્તરી છે.

## આગમ ૬

### ધર્મકથાનુયોગમય જ્ઞાતા-ધર્મકથાંગ સૂત્ર - ૬

અન્ય નામ :-નાયાધમ્મકહા

શ્રુતસ્કંધ ---------------------- ૨

અધ્યયન ---------------------- ૧૯

ઉદ્દેશક ---------------------- ૧૯

પદ ---------------------- ૫,૭૬,૦૦૦

ઉપલબ્ધ પાઠ ---------------------- ૫૫૦૦ શ્લોક પ્રમાણ

ગદ્યસૂત્ર ---------------------- ૧૫૬

પદ્યસૂત્ર ---------------------- ૬૨

| પ્રથમ | જ્ઞાનશ્રુતસ્કંધ | દ્વિતીય | ધર્મકથા-શ્રુતસ્કંધ |
|---|---|---|---|
| અધ્યયન | ૧૯ | વર્ગ | ૧૦ |
| ગદ્યસૂત્ર | ૧૪૭ | અધ્યયન | ૨૦૬ |
| પદ્યસૂત્ર | ૫૬ | ગદ્યસૂત્ર | ૧૨ |
| | | પદ્યસૂત્ર | ૬ |

**(૧) જ્ઞાન - શ્રુતસ્કંધ**

**(૧) અધ્યયન : ઉત્ક્ષિપ્તજ્ઞાત - શય્યા પરીષહ**

આ અધ્યયનમાં આર્ય સુધર્મા ભગવાનની પાસે આર્યજંબૂસ્વામી જ્ઞાતાધર્મકથા વિષે જાણવાની ઈચ્છાથી જાય છે. ભગવાન ગણધર સુધર્માસ્વામી જ્ઞાતાધર્મકથાનું કથન કરે છે.

સર્વપ્રથમ બે શ્રુતસ્કંધોના નામ, ૧૯ અધ્યયનોના નામ વગેરે જણાવી શ્રેણિક રાજા અને નંદારાણીનું વર્ણન, અભયકુમારની રાજનીતિ અને સામાજિક જીવન, શ્રેણિક રાજાની રાણી ધારિણી નું સ્વપ્ન અને તેનું ફળ, દોહદ, મેઘકુમારનો જન્મ, આઠ કન્યાઓ સાથે લગ્ન, ભગવાન મહાવીરનું સમવસરણ, મેઘકુમારનું ભગવાનની દેશનાનું શ્રવણ, સંસાર પર વૈરાગ્ય, દીક્ષા ગ્રહણ, પ્રથમ રાત્રિએ શય્યા પરીષહ, મેઘમુનિનું ભગવાન મહાવીર પાસે જવું, ભગવાન દ્વારા મેઘમુનિના પૂર્વભવોનું પ્રતિપાદન, પૂર્વભવમાં સુમેરુપ્રભ નામના

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

હાથીએ સસલાની કરેલી રક્ષા, મેઘમુનિને પૂર્વજાતિનું સ્મરણ, પ્રવ્રજ્યાસ્થિરતાની દઢ પ્રતિજ્ઞા, ૧૨ શ્રમણ પ્રતિમા આરાધના, વિપુલ ગિરિ પર અંતિમ આરાધના, વિજય વિમાનમાં ઉત્પત્તિ પછી ચ્યવન, મહાવિદેહમાં જન્મ અને અંતે નિર્વાણની કથા છે.

**(૨) અધ્યયન : સંઘાટક – રત્નત્રયની આરાધનાર્થે આહાર કરવો**

આ અધ્યયનમાં રાજગૃહનગર, ધન્ના વેપારી (સાર્થવાહ) અને તેની ભાર્યા ભદ્રા, પંથક નામનો ચાકર, વિજય ચોરનું ક્રૂર જીવન, ભદ્રાદ્વારા પુત્રપ્રાપ્તિ માટે અનેક દેવદેવીઓની પૂજા, દેવદિન્નનો જન્મ, દેવદિન્નને રમાડવા પંથકનું ઉદ્યાનમાં જવું, આભૂષણો ચોરવા વિજય ચોર દ્વારા દેવદિન્નની હત્યા, સૈનિકો દ્વારા બાલઘાતી ચોરને પકડીને કારાવાસમાં નાંખવો, ધન્ના વેપારીને પણ કરચોરીના અપરાધમાં કારાવાસ, ચોર અને શેઠને એક જ બેડીમાં બંધન, પંથક ચાકર દ્વારા લવાએલા ભોજનમાંથી શેઠનું ચોરને ભોજનદાન, ભદ્રા શેઠાણી નારાજ, શેઠદ્વારા ખુલાસો, ધન્નાશેઠની પ્રવ્રજ્યા અને છેલ્લે ભગવાન મહાવીર દ્વારા નિર્ગ્રંથની શિક્ષાની કથા છે.

**(૩) અધ્યયન : ઈંડું – શંકા ન કરવી**

આમાં ચંપાનગરીના જિનદત્ત અને સાગરદત્ત નામે બે મિત્રોને ઢેલના બે ઈંડા મળવા, બંને મિત્રો દ્વારા પાલન માટે એક એક ઈંડું લેવું, જિનદત્ત દ્વારા ઈંડાને મરઘીના ઈંડાઓસાથે પાલન કરવા મૂકવું. સાગરદત્તનું ઈંડાવિષે શંકા અને તેથી ઈંડાનું નાશ પામવું, જિનદત્તને ઈંડામાથી મોરની પ્રાપ્તિ, મોરને નૃત્ય વગેરેની શિક્ષા આપી જિનદત્તનું ધનોપાર્જન. આ કથા દ્વારા ભગવાન મહાવીરની સાધુ-સાધ્વીઓને સમ્યક્ત્વમાં શંકાના અતિચાર વિષે હિતશિક્ષા આપવામાં આવી છે.

**(૪) અધ્યયન : કૂર્મ – ઈન્દ્રિયજય**

આમાં વારાણસીના ઝરામાંથી બે કાચબાઓનું ખોરાકની શોધમાં નીકળવું, બે શિયાળનું તેમની તાકમાં બેસવું, શિયાળ પાસેથી પસાર થતા કાચબાઓનાં ચંચળચિત્ત કાચબાનો શિકાર થવો અને સ્થિરચિત્ત કાચબાનું બચી જવું – એ કથા દ્વારા ભગવાન મહાવીર સાધુ-સાધ્વીઓને પાંચેય ઈન્દ્રિયોને વશ કરવાની હિતશિક્ષા આપે છે.

**(૫) અધ્યયન : શૈલક – પ્રમાદ પરિહાર**

આમાં દ્વારિકા નગરી વગેરેના વર્ણન પછી થાવચ્ચા ગાથાપતિના થાવચ્ચા પુત્રનો વૈરાગ્ય, દીક્ષા માટે અંતરાય, શ્રીકૃષ્ણ દ્વારા થાવચ્ચા પુત્રના વૈરાગ્યની પરીક્ષા અને અંતે ૧૦૦૦ વ્યક્તિઓ સાથે પ્રવ્રજ્યા ગ્રહણ વગેરે કથા દ્વારા પ્રમાદનો ત્યાગ કરવાની હિતશિક્ષા આપી છે.

**(૬) અધ્યયન : તુંબક – જીવની ગુરુતા અને લઘુતા**

આ અધ્યયનમાં રાજગૃહીમાં ભગવાન મહાવીર દ્વારા જીવની ગુરુતા અને લઘુતાનું કારણ અને તે વિષે માટીથી લીંપેલી તુંબડીનું ઉદાહરણ આપવામાં આવ્યું છે.

**(૭) અધ્યયન : રોહિણી – પાંચ મહાવ્રતોની વૃદ્ધિ**

રાજગૃહ નગરમાં ધન્નાશેઠ દ્વારા પાંચ-પાંચ ડાંગરના દાણા આપીને ચાર પુત્રવધૂઓની પરીક્ષા અને તે પ્રમાણે કાર્યસોંપણી, તે ચાર પુત્રવધુઓમાં રોહિણીએ ડાંગરમાંથી વાવણી કરાવીને વૃદ્ધિ કરી તે પ્રમાણે પાંચ મહાવ્રતોની વૃદ્ધિ કરવાની હિતશિક્ષા ભગવાન મહાવીરે આપી છે.

**(૮) અધ્યયન : મલ્લી – ૧. માયાશલ્ય નિવારણ ૨. દુર્ગંધમય દેહ**

આ અધ્યયનમાં ભગવાન મલ્લિનાથનો પૂર્વભવ, વર્તમાન ભવનું વિસ્તૃત વર્ણન, છ રાજાઓની પરીક્ષા, તપમાં માયા કરવાથી સ્ત્રીપણાની પ્રાપ્તિ, દુર્ગંધમય દેહ દ્વારા છ રાજાઓને પ્રતિબોધ વગેરે કથા છે.

**(૯) અધ્યયન : માકંદી**

આ અધ્યયનમાં ચંપા નગરીમાં માકંદીશેઠના બે પુત્રો જિનપાલિત અને જિનરક્ષિતનું વ્યાપાર અર્થે સમુદ્રયાત્રા પર જવું, યાત્રામાં વિઘ્ન, જહાજનું તૂટવું, બંને ભાઈઓનું રત્નદ્વીપ પહોંચવું, રયણાદેવી સાથે ભોગવિલાસ, લવણસમુદ્રની સફાઈ કરવા સુસ્થિત દેવનો રયણાદેવીને આદેશ, રયણાદેવી દ્વારા બંને ભાઈઓને દક્ષિણ દિશા તરફ જવાની મનાઈ છતાં બંનેનું ત્યાં જવું, રયણાદેવીની વાસ્તવિકતાનું ભાન થવું, બંને દ્વારા સેલક યક્ષની ઉપાસના, યક્ષદ્વારા ચંપાનગરી જતા રસ્તામાં રયણાદેવી દ્વારા અસિપ્રહારમાં ચંચળ મનવાળા જિનરક્ષિતનું મૃત્યું વગેરે કથા દ્વારા ભગવાન મહાવીર સાધુ-સાધ્વીઓને ચંચળ મનવાળા ન થવાની હિતશિક્ષા આપે છે.

**(૧૦) અધ્યયન : ચંદ્ર – આત્મગુણોની વૃદ્ધિ**

આ અધ્યયનમાં ચંદ્રની કૃષ્ણપક્ષમાં હાનિ અને શુક્લ પક્ષમાં વૃદ્ધિ થાય છે તે પ્રમાણે આત્મગુણોની વૃદ્ધિ કરવાની વાત છે.

**(૧૧) અધ્યયન : દાવદ્રવ – જિનમાર્ગની આરાધના – વિરાધના**

આ અધ્યયનમાં (૧) ઉપમાન = દાવાનળમાં વૃક્ષ, ઉપમેય = સાધક શ્રમણ વગેરે (૨) ઉપમાન = સમુદ્રનો વાયુ, ઉપમેય = અન્ય તીર્થિકો (૩) ઉપમાન = દ્વીપનો વાયુ, ઉપમેય = સ્વતીર્થિકો તેમજ (૪) દેશ આરાધક અને દેશવિરાધક, સર્વ આરાધક અને સર્વ વિરાધક વગેરે વર્ણન છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**(૧૨) અધ્યયન : ઉદક (પરિખોદક) – પુદ્ગલ પરિણતિ**

આ અધ્યયનમાં ચંપા નગરીના જિતશત્રુ નામના રાજાના સુબુદ્ધિ નામના અમાત્ય દ્વારા દુર્ગંધિત પરિખાના જળને શુદ્ધ કરાવવું અને રાજાની સેવા કરવી, પુદ્ગલ પરિણતિની જાણ, રાજાને પ્રતિબોધ, સ્થવિરોનું આગમન, રાજા અને અમાત્યની પ્રવ્રજ્યા અને પછી અધ્યયન વગેરે કથા આપવામાં આવી છે.

**(૧૩) અધ્યયન : દુર્દુર – સત્સંગના અભાવે આત્મગુણોનો અપકર્ષ**

આ અધ્યયનમાં રાજગૃહમાં ભગવાન મહાવીરનું સમવસરણ, નંદ મણિકારનું જીવન વર્ણન, તેની તપશ્ચર્યા અને ધર્મારાધનને અંતે મહાવિદેહમાં નિર્વાણ સુધીની કથા છે.

**(૧૪) અધ્યયન : તેતલીપુત્ર**

આ અધ્યયનમાં તેતલીપુરના કનકરથ રાજાના અમાત્ય તેતલીપુત્ર તેના પોટ્ટિલા સાથે લગ્ન વગેરેથી શરૂ કરીને તેના જ્ઞાન સંપન્ન જીવન અને સિદ્ધપદની કથા છે.

**(૧૫) અધ્યયન : નંદીફલ – અજાણ્યું ફળ ખાવાનો નિષેધ**

આ અધ્યયનમાં કનકકેતુ રાજાની અહિચ્છત્રા નગરીમાં ધન્ના શેઠનું વ્યાપાર અર્થે જતા માર્ગમાં સાથીઓ દ્વારા નંદીફળ ખાવાથી મૃત્યુ અને ન ખાનારાઓનો બચાવ, ધન્નાશેઠની પ્રવ્રજ્યા, મહાવિદેહમાં જન્મ અને નિર્વાણની કથા આપવામાં આવી છે.

**(૧૬) અધ્યયન : અપરકંકા – ફળ મેળવવાની ઈચ્છાનો નિષેધ**

આ અધ્યયનમાં નાગશ્રી બ્રાહ્મણીના બે ભવની કથા તેમજ દ્રૌપદીનું અમરકંકાના રાજા પદ્મનાભ દ્વારા અપહરણ, દ્રૌપદીની તપ-આરાધના અને શ્રીકૃષ્ણ દ્વારા દ્રૌપદીને છોડાવવી અને અંતે અંતિમ આરાધના દ્વારા મહાવિદેહમાં જન્મ અને નિર્વાણની કથા છે.

**(૧૭) અધ્યયન : અશ્વ**

આ અધ્યયનમાં હસ્તિશીર્ષ નગરના રાજા કનકકેતુના વહાણના વેપારીઓ દ્વારા કાલિકદ્વીપના શ્રેષ્ઠ અશ્વોને શબ્દ, સ્પર્શ આદિ આસક્તિજનક દ્રવ્યોથી વશ કરીને રાજા કનકકેતુને દાન કરવાની કથા છે. આ કથા દ્વારા ઈન્દ્રિય વિજય અને ઈન્દ્રિયલોલુપતાના ગુણ-અવગુણની ભગવાન મહાવીર હિતશિક્ષા આપે છે.

**(૧૮) અધ્યયન : સુંસુમા**

આ અધ્યયનમાં રાજગૃહના ધન્નાશેઠ, તેની પત્ની ભદ્રા, તેમના પાંચ પુત્રો અને પુત્રી સુંસુમા, દાસપુત્ર ચિલાત દ્વારા પુત્રીનું અપહરણ અને મસ્તકછેદ કરી નાસી જવું, ચિલાતને શોધવા નીકળેલા શેઠ અને પાંચે પુત્રો દ્વારા ભૂખને લીધે અતિ વ્યાકુળ ચિલાતનું મરણ અને અંતે ધર્મશ્રવણ, પ્રવ્રજ્યા ગ્રહણ, અધ્યયનને અંતે મહાવિદેહમાં જન્મ અને નિર્વાણની કથા છે.

**(૧૯) અધ્યયન : પુંડરીક**

આ અધ્યયનમાં પુષ્કલાવતીના મહાપદ્મરાજાના પુંડરીક અને કુંડરીક એ બે રાજકુમાર ભાઈઓમાંથી પુંડરીકનું યુવરાજ થવું અને ધર્મશ્રવણ પછી શ્રમણોપાસક થવું, પ્રવ્રજ્યા અને અંતે નિર્વાણની કથા છે.

**(૨) ધર્મકથા – શ્રુતસ્કંધ**

**૧) ચમરેન્દ્ર અગ્રમહિષી વર્ગ**

**(૧) અધ્યયન : કાલી**

આ અધ્યયનમાં રાજગૃહમાં ચમરેન્દ્ર રાજાની પટરાણી કાલી ભગવાન મહાવીરના સમવસરણમાં આગમન, ભગવાન ગૌતમ દ્વારા કાલીદેવી વિષે જિજ્ઞાસા, ભગવાન મહાવીર દ્વારા કાલીદેવીના પૂર્વભવની આરાધના વગેરે કથા છે.

(૨-૫) અધ્યયનોના રાજી નામના અધ્યનમાં ચમરેન્દ્ર રાજાની મુખ્ય રાણીઓમાં રાણી રાજીના, રજની નામના અધ્યયનમાં રાણી રજનીના, વિદ્યુત્ નામના અધ્યયનમાં રાણી વિદ્યુત્ ના અને મેઘા નામના અધ્યયનમાં રાણી મેઘાના પૂર્વભવની આરાધના, પ્રવ્રજ્યા વગેરેની કથા છે.

**૨) બલેન્દ્ર અગ્રમહિષી વર્ગ**

(૧-૫) અધ્યયનોના શુંભા નામના અધ્યયનમાં બલેન્દ્ર રાજાની મુખ્ય રાણીમાં શુંભાદેવીના, નિશુંભા નામના અધ્યયનમાં રાણી નિશુંભાના, રંભા નામના અધ્યયનમાં રાણી રંભાના, નિરંભા નામના અધ્યયનમાં રાણી નિરંભાના અને મદના નામના અધ્યયનમાં રાણી મદનાના પૂર્વભવની આરાધના, પ્રવ્રજ્યા વગેરેની કથા છે.

**૩) ધરણાદિ અગ્રમહિષી વર્ગ**

(૧-૬) આ અધ્યયનોના દૂલા નામના અધ્યયનમાં ધરણેન્દ્રની મુખ્ય રાણીઓમાં રાણી દૂલાના, કમા નામના અધ્યયનમાં રાણી કમાના, સેતરા નામના અધ્યયનમાં રાણી સેતરાના, સૌદામની નામના અધ્યયનમાં રાણી સૌદામનીના, ઈન્દ્રા નામના અધ્યયનમાં રાણી ઈન્દ્રાના અને ધના નામના અધ્યયનમાં રાણી ધનાના પૂર્વભવની આરાધના, પ્રવ્રજ્યા વગેરેની કથા છે.

(૭-૫૪) વળી વેણુદેવેન્દ્રની છ મુખ્ય રાણીઓથી લઈને ઘોષેન્દ્રની છ મુખ્યરાણીઓના અધ્યયનો મળીને કુલ ૪૮ અધ્યયનોમાં તે તે રાણીઓએ પૂર્વભવમાં કરેલી આરાધના, પ્રવ્રજ્યા વગેરેની કથા છે.

**૪) ભૂતાનંદાદિ અગ્રમહિષી વર્ગ**

(૧-૬) આ અધ્યયનોના રુચા નામના અધ્યયનમાં ભૂતાનંદની મુખ્યરાણીઓમાં રાણી રુચાના, સુરુચા નામના અધ્યયનમાં રાણી સુરુચાના, રુચાંસા નામના અધ્યયનમાં રાણી

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

રુચાંસાના, રુચકાવતી નામના અધ્યયનમાં રાણી રુચકાવતીના અને રુચકાંતા નામના અધ્યયનમાં રાણી રુચકાંતાના પૂર્વભવની આરાધના પ્રવ્રજ્યા વગેરેની કથા છે.

(૭-૫૪) વળી મહાઘોષની છ રાણીઓ સુધીના કુલ ૪૮ અધ્યયનોમાં તે તે રાણીઓએ પૂર્વભવમાં કરેલી આરાધના, પ્રવ્રજ્યા વગેરેની કથા છે.

**૫) પિશાચાદિ અગ્રમહિષી વર્ગ**

**(૧) અધ્યયન : કમલા**

આ અધ્યયનમાં પિશાચેન્દ્રની મુખ્ય રાણી કમલાદેવીના પૂર્વભવની આરાધના, પ્રવ્રજ્યા વગેરેની કથા છે.

(૨-૩૨) આ બધાં અધ્યયનોમાં અનુક્રમે કમલપ્રભા, ઉત્પલા, સુદર્શના, રૂપવતી, બહુરૂપા, સુરૂપા, સુભગા, પૂર્ણા, બહુપુત્રિકા, ઉત્તમા, ભાર્યા, પદ્મા, વસુમતી, કનકા કનકપ્રભા, વત્તંસા, કેતુમતી, વજ્રસેના, રતિપ્રિયા, રોહિણી, નમિતા, હ્રી, પુષ્પવતી, ભુજગા, ભુજગવતી, મહાકચ્છા, અપરાજિતા, સુઘોષા, વિમલા, સુસ્વરા અને સરસ્વતી એમ કુલ ૩૧ રાણીઓના પૂર્વભવના આરાધના, પ્રવ્રજ્યા વગેરેની કથા છે.

**૬) મહાકાલેન્દ્રાદિ અગ્રમહિષી વર્ગ**

(૧-૩૨) આ અધ્યયનોમાં મહાકાલેન્દ્ર વગેરેની ૩૨ રાણીઓના પૂર્વભવની આરાધના, પ્રવ્રજ્યા વગેરેની કથા છે.

**૭) સૂર્ય અગ્રમહિષી વર્ગ**

(૧-૪) આ અધ્યયનોમાં અનુક્રમે સૂરપ્રભા, આતપા, અર્ચિમાલી અને પ્રભંકરા નામની સૂર્યની ચાર મુખ્યરાણીઓના પૂર્વભવની કથા છે.

**૮) ચંદ્રમહિષી વર્ગ**

(૧-૪) આ અધ્યયનોમાં અનુક્રમે ચંદ્રપ્રભા, જ્યોત્સ્નાભા, અર્ચિમાલી અને પ્રભંકરા નામની ચંદ્રની ચાર મુખ્ય રાણીઓના પૂર્વભવની કથા છે.

**૯) શક્ર અગ્રમહિષી વર્ગ**

(૧-૮) આ અધ્યયનોમાં અનુક્રમે પદ્મા અને શિવાના શ્રાવસ્તી નગરીના પૂર્વભવની, સતી અને અંજૂના હસ્તિનાપુરના પૂર્વભવની, રોહિણી અને નવમિકાના કપિલપુરના પૂર્વભવની તેમજ અચલા અને અપ્સરાના સાકેતનગરના પૂર્વભવની કથા છે.

**૧૦) ઈશાનેન્દ્ર અગ્રમહિષી વર્ગ**

(૧-૮) આ અધ્યયનોમાં અનુક્રમે કૃષ્ણા અને કૃષ્ણરાજીના વારાણસી નગરીના પૂર્વભવની, રામા અને રામરક્ષિતાના રાજગૃહ નગરીના પૂર્વભવની, વસુ અને વસુગુપ્તાના શ્રાવસ્તી નગરીના પૂર્વભવની તેમજ વસુમિત્રા અને વસુંધરાના કૌશામ્બી નગરીના પૂર્વભવની કથા છે.

## આગમ - ૭

### ધર્મકથાનુયોગ પ્રધાન ઉપાસક દશાંગ સૂત્ર - ૭

અન્ય નામ :- ઉવાસગદસા

| | |
|---|---|
| શ્રુતસ્કંધ | ૧ |
| અધ્યયન | ૧૦ |
| ઉદ્દેશક | ૧૦ |
| પદ | ૭૧,૫૨,૦૦૦ |
| ઉપલબ્ધ પાઠ | ૮૧૨ શ્લોક પ્રમાણ |
| ગદ્યસૂત્ર | ૨૭૨ |
| પદ્યસૂત્ર | ××× |

**(૧) અધ્યયન : આનંદ**

આ અધ્યયનના એક ઉદ્દેશક માં ચંપાનગરી, પૂર્ણભદ્રચૈત્ય, આર્ય સુધર્મા સ્વામી ગણધર ભગવાન, તથા જંબૂસ્વામી, દસ અધ્યયનોના નામ પછી વાણિજ્ય ગામના દુતિપલાસ ચૈત્યમાં ભગવાન મહાવીરના સમવસરણમાં આનંદ શ્રાવકનું દેશના સાંભળવા જવું, ૧૨ વ્રતો લેવા, તે વ્રતોનું વિસ્તૃત વર્ણન, આનંદ શ્રાવકને અવધિજ્ઞાન, ગણધર ગૌતમ સ્વામીની જિજ્ઞાસા, ભગવાન મહાવીર દ્વારા સમાધાન, ગૌતમ સ્વામીની ક્ષમાયાચના, અગિયાર ઉપાસક પ્રતિમાની આરાધના, આનંદ શ્રાવકનું દેવલોક ગમન અને ત્યાંથી ચ્યવન પામીને મહાવિદેહમાં જન્મ અને અંતે નિર્વાણ એમ વર્ણન કરવામાં આવ્યું છે.

**(૨) અધ્યયન : કામદેવ**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં ચંપાનગરી, પૂર્ણભદ્ર ચૈત્ય અને જિતશત્રુ રાજાના વર્ણન પછી ભગવાન મહાવીરના સમવસરણ પછી કામદેવના વ્રતગ્રહણનું અને તે આરાધન દરમિયાન મિથ્યાદષ્ટિ દેવ દ્વારા પિશાચરૂપે, હસ્તિરૂપે અને સર્પરૂપે પરીક્ષા પછી કામદેવની પ્રશંસા અને ક્ષમાપ્રાર્થના વગેરે વર્ણન પછી ગૌતમસ્વામીની કામદેવ વિષે જિજ્ઞાસાનું ભગવાન મહાવીર દ્વારા સમાધાનનું વર્ણન છે.

**(૩) અધ્યયન : ચુલિની પિતા**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં વારાણસી નગરી, કોષ્ઠક ચૈત્ય, જિતશત્રુ રાજાના વર્ણન પછી ભગવાન મહાવીરના સમવસરણ પછી ચુલિની પિતાનું દ્વાદશાવ્રત ગ્રહણ અને

Jain Education International 2010_02 For Private & Personal Use Only www.jainelibrary.org

**આરાધના, દેવ દ્વારા જ્યેષ્ઠ પુત્ર વધ વગેરે ઉપસર્ગોથી ચુલિની પિતાનું વિચલિત થવું, પ્રાયશ્ચિત કરવું, ઉપાસક પ્રતિમાઓની આરાધના અને દેવલોકમાં ગમન તથા મહાવિદેહમાં જન્મ અને અંતે નિર્વાણનું વર્ણન છે.**

**(૪) અધ્યયન : સુરાદેવ**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં વારાણસી નગરી, કોષ્ઠક ચૈત્ય અને જિતશત્રુ રાજાના વર્ણન પછી ઉપરના અધ્યયનોની જેમ સુરાદેવની દેવ દ્વારા પરીક્ષા, પ્રાયશ્ચિત, પ્રતિમાની આરાધના, દેવલોકમાં ઉત્પત્તિ, મહાવિદેહમાં જન્મ અને નિર્વાણ વગેરે વર્ણન છે.

**(૫) અધ્યયન : ચુલ્લશતક**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં આલભિકા નગરી, શંખવન ઉદ્યાન અને જિતશત્રુ રાજાના વર્ણન પછી ચુલ્લશતકનું વ્રતગ્રહણ, ધર્મારાધન, દેવદ્વારા પરીક્ષા, પત્ની બહુલાદ્વારા પતિને સાંત્વના, પ્રાયશ્ચિત્ત, પ્રતિમાઓની આરાધના વગેરે વર્ણન ઉપર મુજબ છે.

**(૬) અધ્યયન : કુંડકોલિક**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં કાંપિલ્યપુર, સહસ્રામ્રવન ઉદ્યાન અને જિતશત્રુરાજાના વર્ણન પછી કુંડકોલિકનું વ્રતગ્રહણ, દેવદ્વારા નિયતિવાદ – પુરુષાર્થવાદની પરીક્ષામાં ભગવાન મહાવીરના પુરુષાર્થવાદનું પ્રતિપાદન, ધર્મારાધન વગેરે પછીનું વર્ણન ઉપર મુજબ છે.

**(૭) અધ્યયન : સદ્દાલપુત્ર**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં પોલાસપુર, સહસ્રામ્રવન અને જિતશત્રુના વર્ણન પછી આજીવિકોપાસક સદ્દાલપુત્ર કુંભારનું ધર્મારાધન, ભગવાન મહાવીરદ્વારા ગોશાલકના નિયતિવાદનું ખંડન, દેવદ્વારા પરીક્ષા વગેરે પછીનું વર્ણન ઉપર મુજબ છે.

**(૮) અધ્યયન : મહાશતક**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં રાજગૃહ નગર, ગુણશીલ ચૈત્ય અને શ્રેણિકરાજાના વર્ણન પછી મહાશતકની રેવતી વગેરે ૧૩ પત્નીઓ, મહાશતકનું વ્રતગ્રહણ, રેવતી દ્વારા બાર શોકયની હત્યા અને મદ્યમાંસ વગેરે આહારમાં આસક્તિ અને મહાશતક પ્રત્યે દુર્વ્યવહાર, મહાશતકની દઢતા અને પ્રતિમાઓની આરાધના, રેવતીનું નરકગમન, મહાશતક દ્વારા પ્રાયશ્ચિત્ત અને શ્રમણોપાસક જીવન વગેરે વર્ણન પછી દેવલોકગમન, મહાવિદેહમાં જન્મ અને નિર્વાણનું વર્ણન છે.

**(૯) અધ્યયન : નંદિનીપિતા**

આ અધ્યયનમાં એક ઉદ્દેશકમાં શ્રાવસ્તી નગરી, કોષ્ઠક ચૈત્ય અને જિતશત્રુ રાજાના વર્ણન પછી ગૃહસ્થ નંદિની પિતાનું વ્રતગ્રહણ, ઉપાસક પ્રતિમાઓની આરાધના વગેરે વર્ણન અંતે નિર્વાણની વાત છે.

**(૧૦) અધ્યયન : સાલિહીપિતા**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં શ્રાવસ્તી નગરી, કોષ્ઠક ચૈત્ય અને જિતશત્રુ રાજાના વર્ણન પછી ગૃહસ્થ સાલિહીપિતાનું ૧૨ વ્રત ગ્રહણ, ઉપાસક પ્રતિમાઓની આરાધના, દેવલોકગમન અને ત્યાંથી મહાવિદેહમાં જન્મ અને નિર્વાણ વગેરે વર્ણન છે.

**: આ દસ શ્રાવકોનું શ્રમણોપાસક જીવન ૨૦ વર્ષનું છે. :**

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ. ૩૮૨૦૦૯

Jain Education International 2010_03

For Private & Personal Use Only
www.jainelibrary.org

## આગમ - ૮
### ધર્મકથાનુયોગમય અંતકૃદ્દશાંગસૂત્ર - ૮

અન્યનામ :- અંતગડદશા
શ્રુતસ્કંધ ----------------------------૧
વર્ગ ----------------------------- ૮
અધ્યયન ---------------------------૯૦
પદ -----------------------૨૩,૨૮,૦૦૦

ઉપલબ્ધ મૂલપાઠ ---------------------૯૦૦ શ્લોક પ્રમાણ
ગદ્યસૂત્ર ------------------------ ૨૬
પદ્યસૂત્ર ---------------------------૧૧

**પ્રથમ વર્ગ**

**(૧) અધ્યયન : ગૌતમ**

પ્રથમ વર્ગના આરંભમાં દસ અધ્યયનોના નામ પછી ગૌતમ નામના અધ્યયનમાં દ્વારિકા વર્ણન, રૈવતક પર્વત, નંદનવન ઉદ્યાન, સુરપ્રિય યક્ષાયતન અને અશોક વૃક્ષના વર્ણન પછી વાસુદેવ કૃષ્ણનું વર્ણન તેમજ દ્વારિકા નગરીના વૈભવનું વર્ણન કરીને અંધકવૃષ્ણી રાજા અને ધારિણી રાણીના રાજકુમારપુત્ર ગૌતમનો આઠ કન્યાઓ સાથે વિવાહ, ભગવાન અરિષ્ટનેમિનું સમવસરણ, ગૌતમકુમારના વૈરાગ્ય, દીક્ષા, ૧૧ અંગોનું અધ્યયન, તપ આરાધન, પડિમા આરાધન, અંતિમ સાધના, શત્રુંજય પર્વતપર એક માસની સંલેખના, બાર વર્ષના શ્રમણજીવન અને નિર્વાણનું વર્ણન છે.

**(૨-૧૦)** આ નવ અધ્યયનોમાં પિતા વૃષ્ણી અને માતા ધારિણીના સમુદ્ર, સાગર, ગંભીર, સ્તિમિત, અચલ, કપિલ, અક્ષોભ, પ્રસેનજિત્ અને વિષ્ણુ રાજકુમારોના વૈરાગ્ય, દીક્ષા, શ્રમણ જીવન અને નિર્વાણ વગેરે વર્ણનો છે.

**દ્વિતીય વર્ગ**

**અધ્યયન : અક્ષોભ**

**(૧-૮)** આ આઠ અધ્યયનોમાં પિતા વૃષ્ણી અને માતા ધારિણીના અનુક્રમે અક્ષોભ, સાગર, સમુદ્ર, હિમવંત, અચલ, ધરણ, પૂરણ અને અભિચંદ્ર રાજકુમારોના ગુણરત્ન તપ, ૧૬ વર્ષનું શ્રમણ જીવન, અંતિમ આરાધના, શત્રુંજય પર્વતપર એક માસની સંલેખના અને અંતે નિર્વાણનું વર્ણન છે.

**તૃતીય વર્ગ**

**(૧) અધ્યયન : અનિયશ**

આ વર્ગના આરંભે દસ અધ્યયનોના નામ પછી ભદ્દિલપુર નગર, શ્રીવન ઉદ્યાન નાગ અને સુલસાના અનિયશકુમાર નો ૩૨ કન્યાઓ સાથે વિવાહ, ભગવાન અરિષ્ટનેમિના સમવસરણ પછી વૈરાગ્ય અને પ્રવ્રજ્યાગ્રહણ, ચૌદ પૂર્વોનું અધ્યયન, ૨૦ વર્ષનું શ્રમણ જીવન, શત્રુંજય પર્વત પર અંતિમ સાધના, એક માસની સંલેખના અને અંતે નિર્વાણનું વર્ણન છે.

**(૨-૬)** આ પાંચ અધ્યયનોમાં નાગ અને સુલસાના કુમારો અનુક્રમે અનંતસેન, અનિહત, વિદુ, દેવયશ અને શત્રુંજયના દીક્ષાથી માંડીને નિર્વાણ સુધીનું વૃત્તાન્ત છે.

**(૭) અધ્યયન : સારણ**

આ અધ્યયનમાં દ્વારિકા નગરીના વસુદેવરાજાના સારણકુમાર ના ૫૦ કન્યાઓ સાથે એકસાથે વિવાહ, ચૌદ પૂર્વોનું અધ્યયન, ૨૦ વર્ષનો શ્રમણ પર્યાય, શત્રુંજય પર્વત પર અંતિમ આરાધના અને અંતે નિર્વાણનું વર્ણન છે.

**(૮) અધ્યયન : ગજસુકુમાર**

આ અધ્યયનમાં ભગવાન અરિષ્ટનેમિનું સમવસરણ, ત્રણ સંઘાટક (બે શ્રમણોનું એક સંઘાટક) માં છ અણગારોનું દેવકીરાણી પાસે ગોચરી માટે આગમન, દેવકીની જિજ્ઞાસા, ભગવાન દ્વારા સમાધાન, દેવકીરાણીનું આર્તધ્યાન, શ્રીકૃષ્ણ દ્વારા આર્તધ્યાન તથા હરિણગમેષી દેવનું આરાધન, ગજસુકુમારનો જન્મ, વૈરાગ્ય વગેરેનું વિસ્તૃત વર્ણન છે.

**(૯) અધ્યયન : સુમુખ**

આ અધ્યયનમાં દ્વારિકાનગરી, રાજા બળદેવ, રાણી ધારિણી, તેમનો સુમુખકુમાર, તેનો ૫૦ કન્યાઓ સાથે વિવાહ, ભગવાન નેમિનાથનું સમવસરણ, પ્રવચન અને સુમુખકુમારની પ્રવ્રજ્યા, ૨૦ વર્ષનું સાધુજીવન, શત્રુંજય પર્વત પર અંતિમ સાધના અને મુક્તિગમનનું વર્ણન છે.

**(૧૦-૧૨)** આ ત્રણ અધ્યયનોમાં રાજા વાસુદેવ અને રાણી ધારિણીના દુમુખ, કૂપહારક અને દારુક નામના કુમારોના આરાધન વગેરે પૂર્વવત્ વર્ણનો છે.

**(૧૩) અધ્યયન : અનાધૃષ્ટિ**

આ અધ્યયનમાં રાજા વસુદેવ અને ધારિણીના અનાધૃષ્ટિ કુમારના જીવનવૃત્તાંત અને નિર્વાણનું વર્ણન છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**ચતુર્થ વર્ગ**

**(૧) અધ્યયન : જાલી**

આ વર્ગના આરંભે દસ અધ્યયનોના નામ પછી દ્વારિકા નગરીના રાજા વસુદેવ અને રાણી ધારિણીના જાલીકુમારનો ૫૦ કન્યાઓ સાથે વિવાહ, ભગવાન અરિષ્ટનેમિનું સમવસરણ, પ્રવચનના અંતે જાલીકુમારને વૈરાગ્ય, પ્રવ્રજ્યા, ૧૨ અંગોનું અધ્યયન, ૧૬ વર્ષનું સાધુજીવન, શત્રુંજય પર્વત પર સંલેખના અને અંતે સિદ્ધિગતિનું વર્ણન છે.

**(૨-૬)** આ પાંચ અધ્યયનોમાં પિતા શ્રીકૃષ્ણ અને માતા રુક્મિણીના અનુક્રમે મયાલી, ઉવયાલી, પુરિસસેન, વારિસેન અને પ્રદ્યુમ્ન કુમારોના વિવાહ, પ્રવ્રજ્યા અને નિર્વાણના વર્ણનો છે.

**(૭) અધ્યયન : સામ્બ**

આ અધ્યયનમાં પિતા શ્રીકૃષ્ણ અને માતા જાંબવતીના સામ્બકુમારના વિવાહથી આરંભીને સિદ્ધપદની પ્રાપ્તિ સુધીનું વર્ણન છે.

**(૮-૯)** આ બે અધ્યયનોમાં પિતા પ્રદ્યુમ્ન અને માતા વૈદર્ભીના બે રાજકુમારો અનિરુદ્ધ અને સત્યનેમિના વિવાહ, પ્રવ્રજ્યા, નિર્વાણ વગેરેનું વર્ણન છે.

**(૧૦) અધ્યયન : દઢનેમિ**

આ અધ્યયનમાં પિતા સમુદ્રવિજય અને માતા શિવાના દઢનેમિ નામના કુમારના જીવનવૃત્તાંત અને નિર્વાણનું વર્ણન છે.

**પંચમ વર્ગ**

**(૧) અધ્યયન : પદ્માવતી**

આ અધ્યયનમાં દ્વારિકાનગરીના શ્રીકૃષ્ણ વાસુદેવ અને પદ્માવતી રાણીના વર્ણન પછી, ભગવાન અરિષ્ટનેમિનું સમવસરણ, દેશના, શ્રીકૃષ્ણ દ્વારા દ્વારિકા વિષે પ્રશ્નોત્તરી, ભગવાન દ્વારા દ્વારિકા વિનાશનો ઉત્તર, શ્રીકૃષ્ણની ચિંતા, પદ્માવતીની પ્રવ્રજ્યા લેવાની ઘોષણા, યક્ષિણી આર્યા પાસે પ્રવ્રજ્યા, ૧૧ અંગોનું અધ્યયન, ૨૦ વર્ષનું શ્રમણી જીવન, એક માસની સંલેખના અને અંતે શિવપદની પ્રાપ્તિ વગેરે વર્ણન છે.

**(૨-૮)** આ સાત અધ્યયનોમાં તે તે નામ પ્રમાણે અનુક્રમે ગૌરી, ગંધારી, લક્ષણા, સુસીમા, જાંબવતી, સત્યભામા અને રુક્મિણીના પ્રવ્રજ્યાગ્રહણથી શિવપદ પ્રાપ્તિ વગેરે વર્ણન છે.

**(૯) અધ્યયન : મૂલશ્રી**

આ અધ્યયનમાં પિતા કૃષ્ણ વાસુદેવ અને માતા જાંબવતીના પુત્ર સામ્બકુમારની પત્ની મૂલશ્રીના વિષે ભગવાન અરિષ્ટનેમિના સમવસરણથી માંડીને સિદ્ધપદ પ્રાપ્તિ સુધીનું વર્ણન છે.

**(૧૦) અધ્યયન : મૂલદત્તા**

આ અધ્યયનમાં રાણી મૂલદત્તાનું ભગવાનના સમવસરણ પછી પ્રવ્રજ્યાથી માંડીને સિદ્ધિપદ પ્રાપ્તિ સુધીનું વર્ણન છે.

**ષષ્ઠ વર્ગ**

**(૧) અધ્યયન : મકાઈ**

આ વર્ગના આરંભે ૧૬ અધ્યયનોના નામ પછી આ અધ્યયનમાં રાજગૃહ નગર, ગુણશીલ ચૈત્ય અને રાજા શ્રેણિકના વર્ણન પછી મકાઈના વૈરાગ્ય, પ્રવ્રજ્યા, ૧૧ અંગોનું અધ્યયન, ગુણરત્નતપ આરાધના, ૧૬ વર્ષનું સાધુ જીવન અને વિપુલગિરિ પર્વત પર નિર્વાણ વગેરે વર્ણન છે.

**(૨) અધ્યયન : કિંકિમ**

આ અધ્યયનમાં કિંકિમનું જીવનવૃત્તાંત અને નિર્વાણપ્રાપ્તિનું વર્ણન છે.

**(૩) અધ્યયન : મુદ્‌ગલપાણિ**

આ અધ્યયનમાં રાજગૃહ, ગુણશીલ ચૈત્ય, રાજા શ્રેણિક, રાણી ચેલણા, માળી અર્જુન, તેની પત્ની બંધુમતી, ઉદ્યાન, મુદ્‌ગલપાણિ યક્ષનું મંદિર, હજાર પલના વજનવાળું મુદ્‌ગલ, લલિતા ગોષ્ઠીના માળી અર્જુન અને બંધુમતી સાથે દુર્વ્યવહાર, અર્જુનની યક્ષને પ્રાર્થના, બંધનથી મુક્તિ, પણ અર્જુન દ્વારા છ માસસુધી પ્રતિદિન છ પુરુષો અને એક સ્ત્રીનો સંહાર, ભગવાન મહાવીરનું સમવસરણ, શ્રમણોપાસક સુદર્શન શેઠનું પ્રભુને વંદનમાં અર્જુન માળીનો ઉપસર્ગ, માળીનો વૈરાગ્ય, છ માસનો શ્રમણ પર્યાય, ૧૫ દિવસની સંલેખના અને સિદ્ધિપદની પ્રાપ્તિ વગેરે વર્ણન છે.

**(૪) અધ્યયન : કાશ્યપ**

આમાં કાશ્યપના ૧૬ વર્ષના શ્રમણ પર્યાય અને વિપુલગિરિ પર મુક્તિગમન વગેરે વર્ણન છે.

**(૫) અધ્યયન : ક્ષેમક**

આ અધ્યયનમાં કાકંદી નગરીના ક્ષેમકના વિપુલગિરિ પર મોક્ષગમન સુધીનું વર્ણન છે.

**(૬-૭)** આ બે અધ્યયનોમાં અનુક્રમે ધૃતિધર અને સાકેત નગરના કૈલાસના ૧૨ વર્ષના શ્રમણ પર્યાય અને વિપુલગિરિ પર મુક્તિગમન વગેરે વર્ણન છે.

**(૮-૯)** આ બે અધ્યયનોમાં અનુક્રમે હરિચંદન અને રાજગૃહ નગરીના બારત્તકના ૧૨

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ષના શ્રમણ પર્યાય અને વિપુલગિરિ પર મોક્ષગમનનું વર્ણન છે.

**(૧૦) અધ્યયન : સુદર્શન**

આ અધ્યયનમાં વાણિજય ગામના સુદર્શનનું પાંચ વર્ષ નિર્ગ્રંથ જીવન અને વિપુલગિરિ પર મોક્ષગમન વગેરે વર્ણન છે.

**(૧૧-૧૩)** આ અધ્યયનમાં અનુક્રમે શ્રાવસ્તીનગરીના પૂર્ણભદ્ર, સુમનભદ્ર અને સુપ્રતિષ્ઠના ૨૭ વર્ષના શ્રમણજીવન અને વિપુલગિરિ પર નિર્વાણ વગેરે વર્ણન છે.

**(૧૪) અધ્યયન : મેઘ**

આ અધ્યયનમાં રાજગૃહના મેઘનું વિપુલગિરિ પર નિર્વાણ સુધીનું વર્ણન છે.

**(૧૫) અધ્યયન : અતિમુક્ત**

આ અધ્યયનમાં પોલાસપુર નગર, શ્રીવન ઉદ્યાન, રાજા વિજય અને રાણી શ્રીદેવીના વર્ણન પછી રાજકુમાર અતિમુક્ત, ભગવાન મહાવીરના સમવસરણ વખતે શ્રી ગૌતમ ગણધરનું ભિક્ષા માટે જવું, અતિમુક્તનું ધર્મશ્રવણ, દીક્ષા, ૧૧ અંગોનું અધ્યયન, ગુણરત્ન તપની આરાધના, વિપુલગિરિ પર મોક્ષગમન વગેરે વર્ણન છે.

**(૧૬) અધ્યયન : અલક્ષ**

આ અધ્યયનમાં વારાણસી નગરી, કામ મહાવન ચૈત્ય અને રાજા અલક્ષના વર્ણન પછી ભગવાન મહાવીરનું સમવસરણ, પ્રવચન, રાજાને વૈરાગ્ય, દીક્ષા ગ્રહણ, ૧૧ અંગોનું અધ્યયન, વિપુલગિરિ પર નિર્વાણ વગેરે વર્ણન છે.

### સપ્તમ વર્ગ

**(૧) અધ્યયન : નંદા**

આ અધ્યયનમાં રાજગૃહ નગરી, ગુણશીલ ચૈત્ય, રાજા શ્રેણિક, રાણી નંદા અને ભગવાનના સમવસરણ વગેરે વર્ણન પછી રાણી નંદાને વૈરાગ્ય, ૧૧ અંગોનું અધ્યયન, ૨૦ વર્ષનું શ્રમણી જીવન અને નિર્વાણ વગેરે વર્ણન છે.

**(૨-૧૩)** આ ૧૨ અધ્યયનોમાં અનુક્રમે રાજા શ્રેણિકની ૧૨ રાણીઓ નંદમતી, નંદોત્તરા, નંદશ્રેણિકા, મહકા, સુમરુતા, મહામરુતા, મરુદેવા, ભદ્રા, સુભદ્રા, સુજાતા, સુમના અને ભૂતદિન્નાના જીવન વૃત્તાંતનું વર્ણન છે.

### અષ્ટમ વર્ગ

**(૧) અધ્યયન : કાલી**

આ અધ્યયનમાં ચંપા નગરી, પૂર્ણભદ્ર ચૈત્ય, રાજા કોણિક, માતા રાણી કાલીદેવી, ભગવાન મહાવીરનું સમવસરણ, પ્રવચન વગેરે વર્ણન પછી કાલીદેવીની પ્રવ્રજ્યા, ૧૧ અંગોનું અધ્યયન, આર્યા ચંદનબાલા પાસે આજ્ઞા અને રત્નાવલી તપ આરાધના, આઠ વર્ષનું શ્રમણી જીવન, એક મહિનાની સંલેખના અને નિર્વાણ વગેરે વર્ણન છે.

**(૨) અધ્યયન : સુકાલી** – કનકાવલી તપની આરાધના.

**(૩) અધ્યયન : મહાકાલી** – ક્ષુદ્રસિંહ નિષ્ક્રીડિત તપની આરાધના.

**(૪) અધ્યયન : કૃષ્ણા** – મહાસિંહ નિષ્ક્રીડિત તપની આરાધના.

**(૫) અધ્યયન : સુકૃષ્ણા** – સાત, આઠ, નવ, દસ ભિક્ષુપ્રતિમાની આરાધના.

**(૬) અધ્યયન : મહાકૃષ્ણા** – ક્ષુદ્ર સર્વતોભદ્ર પ્રતિમાની આરાધના.

**(૭) અધ્યયન : વીરકૃષ્ણા** – મહાસર્વતોભદ્ર પ્રતિમાની સાધના.

**(૮) અધ્યયન : રામકૃષ્ણા** – ભદ્રોત્તર પ્રતિમાની સાધના.

**(૯) અધ્યયન : પિતૃસેનકૃષ્ણા** – મુક્તાવલી તપની આરાધના.

**(૧૦) અધ્યયન : મહાસેન કૃષ્ણા** – આયંબિલ વર્ધમાન તપની આરાધના.

ઉપરના બધાને ૧૭ વર્ષનો દીક્ષા પર્યાય, એક માસની સંલેખના અને સિદ્ધિપદ પ્રાપ્તિ વગેરે વર્ણન છે.


Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

## આગમ - ૯

## ધર્મકથાનુયોગમય અનુત્તરોપપાતિક દશાંગસૂત્ર - ૯

અન્યનામ :- અણુત્તરો વવાઈયદશા
શ્રુતસ્કંધ ---------------------१
વર્ગ ---------------------૩
અધ્યયન ---------------------૩૩
ઉદ્દેશક ---------------------૧૦
પદ --------------- ૪૬,૦૮,૦૦૦
ઉપલબ્ધ પાઠ ----------------૧૯૨ શ્લોક પ્રમાણ
ગદ્યસૂત્ર ---------------------૬
પદ્યસૂત્ર ---------------------૨

**શ્રુતસ્કંધ**

**પ્રથમ વર્ગ**

### (૧) અધ્યયન : જાલી

આ વર્ગના આરંભે દસ અધ્યયનોના નામ આપીને આ અધ્યયનમાં રાજગૃહ નગરી, ગુણશીલ ચૈત્ય, રાજા શ્રેણિક, રાણી ધારિણી વગેરેના વર્ણન પછી રાજકુમાર જાલીનો આઠ કન્યાઓ સાથે વિવાહ, ભગવાન મહાવીરનું સમવસરણ, દેશના, જાલીકુમારને વૈરાગ્ય, પ્રવ્રજ્યા, ૧૧ અંગોનું અધ્યયન, ગુણરત્ન તપની આરાધના, ૧૬ વર્ષનો દીક્ષા પર્યાય, વિજય નામના અનુત્તર વિમાનમાં ઉત્પત્તિ અને ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં જન્મ તેમજ નિર્વાણ વગેરે વર્ણન છે.

(૨) અધ્યયન : મયાલી - ૧૬ વર્ષ દીક્ષા પર્યાય, વૈજયંત વિમાનમાં ઉત્પત્તિ.
(૩) અધ્યયન : ઉવયાલી - ૧૬ વર્ષનું શ્રમણ જીવન, જયંત વિમાનમાં ઉત્પત્તિ.
(૪) અધ્યયન : પુરિસસેણ - ૧૬ વર્ષનું શ્રમણ જીવન, અપરાજિત વિમાનમાં ઉત્પત્તિ.
(૫) અધ્યયન : વારિસેણ - ૧૬ વર્ષનું શ્રમણ જીવન, સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પત્તિ.
(૬) અધ્યયન : દીર્ઘદંત - ૧૨ વર્ષનું શ્રમણજીવન, સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પત્તિ.
(૭) અધ્યયન : લષ્ટદંત - ૧૨ વર્ષનો શ્રમણપર્યાય, અપરાજિત વિમાનમાં ઉત્પત્તિ.
(૮) અધ્યયન : વેહલ્લ - માતા ચેલણા, ૧૨ વર્ષનો શ્રમણ પર્યાય, જયંત વિમાનમાં ઉત્પત્તિ.
(૯) અધ્યયન : વેહાસ - માતા ચેલણા, પાંચ વર્ષનો શ્રમણ પર્યાય, વૈજયંત વિમાનમાં ઉત્પત્તિ.
(૧૦) અધ્યયન : અભય - માતા નંદા, પાંચ વર્ષનો શ્રમણ પર્યાય, વિજય વિમાનમાં ઉત્પત્તિ.

**: ઉપરના બધા અધ્યયનોમાં શેષ વર્ણન પ્રથમ અધ્યયન મુજબ :**

**દ્વિતીય વર્ગ**

### (૧-૨) અધ્યયનો : દીર્ઘસેન અને મહાસેન

આ વર્ગના આરંભે ૧૩ અધ્યયનોના નામ જણાવીને આ બે અધ્યયનોમાં રાજગૃહ નગરી, ગુણશીલ ચૈત્ય, રાજા શ્રેણિક અને રાણી ધારિણીના રાજકુમારો દીર્ઘસેન અને મહાસેન, ભગવાનનું સમવસરણ અને દેશના, વૈરાગ્ય અને પ્રવ્રજ્યા પછી ૧૬ વર્ષનો શ્રમણ પર્યાય, એક માસની સંલેખનાથી માંડીને વિજય વિમાનમાં ઉત્પત્તિ વર્ણવી છે.
(૩-૪) અધ્યયનો : લષ્ટદંત અને ગૂઢદંત - વિજય વિમાનમાં ઉત્પત્તિ.
(૫-૬) અધ્યયનો : શુદ્ધદંત અને હલ્લ - જયંત વિમાનમાં ઉત્પત્તિ.
(૭-૮) અધ્યયનો : દ્રુમ અને દ્રુમસેન - અપરાજિત વિમાનમાં ઉત્પત્તિ.
(૯-૧૩) આ પાંચ અધ્યયનોમાં અનુક્રમે મહાદ્રુમસેન, સિંહ, સિંહસેન, મહાસિદ્ધસેન અને પુણ્યસેન રાજકુમારોની સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પત્તિ સુધીનું વૃત્તાંત વર્ણિત છે.

**તૃતીય વર્ગ**

### (૧) અધ્યયન : ધન્ય

આ અધ્યયનમાં કાકંદી નગરી, સહસામ્રવન ઉદ્યાન, રાજા જિતશત્રુ, રાણી ભદ્રા સાર્થવાહી, રાજકુમાર ધન્ય અને તેનો ૩૨ કન્યાઓ સાથે વિવાહ, ભગવાન મહાવીરનું સમવસરણ, ધન્યકુમારને વૈરાગ્ય, દીક્ષા-મહોત્સવ, યાવજ્જીવન છટ્ઠી તપ, પારણામાં સર્વથા નીરસ અન્નગ્રહણની પ્રતિજ્ઞા, કાકંદીથી વિહાર, ૧૧ અંગોનું અધ્યયન, અણગાર ધન્યના તપોમય દેહનું નખશિખ વર્ણન આપ્યા પછી રાજગૃહ ના ગુણશીલ ચૈત્યમાં ભગવાન મહાવીરનું સમવસરણ અને દેશના, રાજા શ્રેણિકની ૧૪,૦૦૦ શ્રમણોમાં અતિ ઉત્કૃષ્ટ તપશ્ચર્યા કરનાર શ્રમણ વિષે જિજ્ઞાસા, ભગવાન મહાવીર દ્વારા અણગાર ધન્યનો નામનિર્દેશ, રાજાના અણગાર ધન્યને વંદન અને સ્વસ્થાન ગમન વગેરે વર્ણન પછી સ્થવિરો સાથે અણગાર ધન્યની વિપુલગિરિ પર અંતિમ આરાધના, એક માસની સંલેખના, નવ મહિનાનું શ્રમણ જીવન, સમાધિ મરણ અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પત્તિ, સ્થવિરો દ્વારા અણગાર ધન્યના આચાર ભાંડનું લાવવું, ધન્યનું ચ્યવન અને મહાવિદેહમાં જન્મ,


Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્વાણ વગેરે વર્ણન છે.

(૨) અધ્યયન : સુનક્ષત્ર - કાકંદી નગરી, ઘણાં વર્ષોનો શ્રમણ પર્યાય.

(૩-૪) અધ્યયનો : ઋષિદાસ અને પેલ્લક - રાજગૃહ નગરી, ઘણાં વર્ષોનો શ્રમણ પર્યાય.

(૫-૬) અધ્યયનો : રામપુત્ર અને ચંદ્ર - સાકેત નગરી, ઘણાં વર્ષોનો શ્રમણ પર્યાય.

(૭-૮) અધ્યયનો : પૃષ્ઠિમ અને પેઢાલપુત્ર - વાણિજ્યગ્રામ, ઘણાં વર્ષોનો શ્રમણ પર્યાય.

(૯) અધ્યયન : પોટ્ટિલ - હસ્તિનાપુર, ઘણાં વર્ષોનો શ્રમણ પર્યાય.

(૧૦) અધ્યયન : વેહલ્લ - રાજગૃહ નગરી, પિતા દ્વારા દીક્ષા મહોત્સવ, છ માસનો શ્રમણ પર્યાય.

## આગમ - ૧૦

### ચરણાનુયોગમય પ્રશ્નવ્યાકરણાંગ સૂત્ર - ૧૦

અન્ય નામ :- પણ્હાવાગરણ

| | |
|---|---|
| શ્રુતસ્કંધ | ૨ |
| અધ્યયન | ૧૦ |
| ઉદ્દેશક | ૧૦ |
| પદ | ૯૨,૧૬,૦૦૦ |
| ઉપલબ્ધ પાઠ | ૨૩૦૦ શ્લોક પ્રમાણ |
| ગદ્યસૂત્ર | ૩૦ |
| પદ્યસૂત્ર | ૯ |

| **આશ્રવ શ્રુતસ્કંધ** | | **સંવર શ્રુતસ્કંધ** | |
|---|---|---|---|
| અધ્યયન | ૫ | અધ્યયન | ૫ |
| ઉદ્દેશક | ૫ | ઉદ્દેશક | ૫ |
| સૂત્ર | ૨૦ | સૂત્ર | ૧૦ |
| ગાથા | ૩ | ગાથા | ૬ |

**(૧) આશ્રવ શ્રુતસ્કંધ**

**(૧) અધ્યયન : પ્રાણાતિપાત**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં નમસ્કારમંત્ર આપીને આશ્રવ અને સંવરના વર્ણન હેઠળ પાંચ પ્રકારના આશ્રવ, પ્રાણાતિપાતના પાંચ વિભાગ અને ૩૦ નામ, વિવિધ પ્રકારના જીવોની હિંસા, તેનું પ્રયોજન અને ફળ વગેરેનું વર્ણન કરી અંતે હિંસાને અધર્મના પ્રથમ દ્વાર કહી ઉપસંહાર કર્યો છે.

**(૨) અધ્યયન : મૃષાવાદ**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં મૃષાવાદ (જૂઠું બોલવું તે) નું સ્વરૂપ અને તેના ૩૦ નામ, ચાર પ્રકારના મુખ્ય મૃષાવાદ, મૃષાવાદીની દુર્ગતિ વગેરે વર્ણન પછી અંતે મૃષાવાદને અધર્મનું બીજું દ્વાર ગણાવ્યું છે.

**(૩) અધ્યયન : અદત્તાદાન**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં અદત્તાદાન (ચોરી)ના ૩૦ નામ, ચોરી કરનારાઓ, ચોરીનું ફળ, ભયંકર વેદનાઓ વગેરે વર્ણન કરી અંતે અદત્તાદાન - ચોરીને અધર્મના ત્રીજા દ્વાર તરીકે ગણાવ્યું છે.

**(૪) અધ્યયન : અ-બ્રહ્મચર્ય**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં અ-બ્રહ્મચર્ય (મૈથુન)નું સ્વરૂપ, તેના ૩૦ નામ અને અબ્રહ્મચર્ય સંબંધી દેવતાઓ, ચક્રવર્તીઓ, વાસુદેવો, માંડલિક રાજાઓ, દેવકુરુવાસીઓ અને ઉત્તરકુરુવાસીઓ વગેરેનું વર્ણન અને મૈથુનનું ફળ જણાવી તેને અધર્મના ચોથા દ્વાર તરીકે ગણાવ્યું છે.

**(૫) અધ્યયન : પરિગ્રહ**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં પરિગ્રહનું સ્વરૂપ, તેના ૩૦ નામ, પરિગ્રહ-સંગ્રહ વૃત્તિવાળા જીવો અને પરિગ્રહનું ફળ બતાવીને અંતે તેને અધર્મના પાંચમાં દ્વાર તરીકે ગણાવ્યું છે.

**(૨) સંવર શ્રુતસ્કંધ**

**(૧) અધ્યયન : અહિંસા**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં પાંચ સંવરોના વર્ણનની પ્રતિજ્ઞા કરીને તેના પાંચ નામ અને પરિચય આપીને સર્વપ્રથમ અહિંસાના ૬૦ નામ, તેની ઉપમા, અહિંસા આચરનારાના કર્તવ્ય વગેરે આપીને અહિંસાનુ સ્વરૂપ, પાંચ મહાભાવનાઓ તેમજ સાધકનું અપ્રમત્ત જીવન વર્ણવીને અંતે અહિંસાને સંવરનું પ્રથમ દ્વાર કહ્યું છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**(૨) અધ્યયન : સત્ય**

**આ અધ્યયનના એક ઉદ્દેશકમાં સત્યનું સ્વરૂપ, પ્રભાવ, ૧૦ પ્રકાર તેમજ તેની કેટલીક ઉપમાઓ, સત્યના બે પાસાંઓ - અવક્તવ્ય અને પ્રશસ્ત, ૧૨ પ્રકારની ભાષા, ૧૬ પ્રકારના વચન, સત્યની પાંચ ભાવના, અસત્યના પાંચ કારણ વગેરે વર્ણન કરી અંતે** સત્યને સંવરના બીજા દ્વાર તરીકે બતાવ્યું છે.

**(૩) અધ્યયન : અસ્તેય**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં દાનમાં આપેલું અને અનુજ્ઞા (પરવાનગી)થી મેળવેલું એમ બે પ્રકારના અસ્તેય (ચોરી ન કરવી)નું સ્વરૂપ, તેના વિરાધકો અને આરાધકો, અને પાંચ ભાવનાઓ આપીને અસ્તેયને સંવરના ત્રીજા દ્વાર તરીકે ગણાવ્યું છે.

**(૪) અધ્યયન : બ્રહ્મચર્ય**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં બ્રહ્મચર્યનું સ્વરૂપ અને પ્રભાવ, તેની ઉપમાઓ, બ્રહ્મચારીના કર્તવ્ય-અકર્તવ્ય અને કૃત્ય-અકૃત્ય તેમજ તેની પાંચ ભાવનાઓ આપીને અંતે બ્રહ્મચર્યને સંવરનું ચોથું દ્વાર કહ્યું છે.

**(૫) અધ્યયન : અપરિગ્રહ**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં પરિગ્રહ (સંગ્રહ કરવો એ)ના સ્વરૂપ વગેરે વર્ણવીને સંવરવૃક્ષનું રૂપક, પરિગ્રહ વિરત - અપરિગ્રહીના કાર્ય-અકાર્ય, શુદ્ધનિર્દોષ ભિક્ષાગ્રહણનું વિધાન, ઔષધ વગેરેનો પણ અપરિગ્રહ, ધર્મસાધના ઉપયોગી સાધનના પરિગ્રહનું વિધાન, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, અપરિગ્રહની પાંચ ભાવના વગેરે જણાવીને અંતે અપરિગ્રહને સવરનું પાંચમું દ્વાર ગણાવ્યું છે.

## આગમ - ૧૧

### ધર્મકથાનુયોગમય વિપાકશ્રુતાંગ સૂત્ર - ૧૧

અન્યનામ :- વિવાગસુય

શ્રુતસ્કંધ ------- ----------- ૨

અધ્યયન ------ ----------- ૨૦

ઉદ્દેશક ------------------ ૨૦

પદ ------------ ૧,૮૪,૩૨,૦૦૦

ઉપલબ્ધ પાઠ ------ --------- ૧૨૧૬ શ્લોક પ્રમાણ

ગદ્યસૂત્ર --------- --------- ૩૪

પદ્યસૂત્ર -------- - -------- શૂન્ય

| દુ:ખવિપાક | શ્રુતસ્કંધ | સુખવિપાક | શ્રુતસ્કંધ |
|---|---|---|---|
| અધ્યયન | ૧૦ | અધ્યયન | ૧૦ |
| ઉદ્દેશક | ૧૦ | ઉદ્દેશક | ૧૦ |
| ગદ્ય | ૩૨ | ગદ્ય | ૨ |
| પદ્ય | - | પદ્ય | - |

**(૧) દુ:ખવિપાક શ્રુતસ્કંધ**

**(૧) અધ્યયન : મૃગાપુત્ર - (ક્રૂર શાસનનું ફળ)**

આ શ્રુતસ્કંધના આરંભે બંને શ્રુતસ્કંધોના તેમજ આ શ્રુતસ્કંધના ૧૦ ઉદ્દેશકોના નામ આપીને આ અધ્યયનમાં મૃગગ્રામ નગર, ચંદન વૃક્ષ ઉદ્યાન, સુધર્મયક્ષનું મંદિર, રાજા વિજય, રાણી મૃગાદેવી અને તેમનો કુંવર મૃગાપુત્ર વિકલાંગ, ભગવાન મહાવીરનું સમવસરણ, દેશના, રાજા વિજય અને જન્મથી અંધ ભિક્ષુકનું ધર્મ પરિષદમાં આગમન, ભગવાન ગૌતમ ગણધરની ભિક્ષુક સંબંધી અને વિકલાંગ મૃગાપુત્ર સંબંધે જિજ્ઞાસા, ભગવાન મહાવીર દ્વારા મૃગાપુત્ર અને ભિક્ષુકનો પૂર્વભવ કથન, વિજય વર્ધમાન રાજ્યના ઈકાઈ રાષ્ટ્રકૂટ જાગીરદાર તરીકે કરેલુ ક્રૂર શાસન અને તેના વિપાક રૂપે ૧૬ રોગો થવા ,મરીને નરક ગમન, નરકાયુ ભોગવીને મૃગાદેવીની કૂખે જન્મ વગેરે વિસ્તૃત વર્ણન કરી તેનું ભવિષ્ય પણ જણાવીને મૃગાપુત્રનું ભવભ્રમણને અંતે ભોગો ભોગવીને મહાવિદેહમાંથી મુક્તિએ જશે વગેરેનું વર્ણન છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**(૨) અધ્યયન : ઉજ્ઝિતક – (ગાયનું માંસ ભક્ષણ, મદ્યપાન અને વેશ્યાગમનનું ફળ)**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં વાણિજ્ય ગ્રામ, દૂતિપલાસ ચૈત્ય, સુધર્મયક્ષનું મંદિર, રાજા વિજયમિત્ર અને રાણી શ્રીદેવીના વર્ણન પછી કલા, રતિકલા, ભાષાઓની જાણકાર કામધ્વજા વેશ્યાનું વર્ણન કરીને વિજયમિત્ર શેઠ અને સુભદ્રાનો ઉજ્ઝિતક પુત્રનું ભગવાન મહાવીરનું સમવસરણ અને દેશના, ભિક્ષાર્થે નીકળેલા ભગવાન ગૌતમ ગણધર દ્વારા ઉજ્ઝિતકનો વધ થતો જોવો, ભગવાન મહાવીરને તેના પૂર્વભવ સંબંધી પ્રશ્ન, ભગવાન દ્વારા ઉજ્ઝિતકના ગોત્રાસ નામે પૂર્વભવનું, વર્તમાન કાર્યોનું તથા ભવિષ્યનું વર્ણન અને ભવભ્રમણ બતાવીને અંતે મહાવિદેહમાંથી મુક્તિ થવાનું વર્ણન છે.

**(૩) અધ્યયન : અભગ્નસેન – (ઈંડાનો વેપાર અને મદ્યપાનનું ફળ)**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં પુરિમતાલ નગરી, અમોઘદર્શન ઉદ્યાન, અમોઘદર્શન યક્ષનું મંદિર, રાજા મહાબલ, ભગવાન મહાવીરનું સમવસરણ, ભગવાન ગૌતમ ગણધરનું ભિક્ષાચર્યા માટે જવું, અભગ્નસેનના વધનું દશ્ય જોવું, ભગવાન પાસે ગૌતમ ગણધરની પૃચ્છા, ભગવાન મહાવીર દ્વારા અભગ્નસેનના નિન્નક નામે ઈંડાના વેપારી તરીકેના પૂર્વભવ, વર્તમાન કાર્યો વગેરે ભવભ્રમણ વર્ણવીને અંતે ભવિષ્યમાં મહાવિદેહમાંથી મુક્તિ થવાનું વર્ણન છે.

**(૪) અધ્યયન : શકટ – (માંસ વેચાણ અને વ્યભિચારનું ફળ)**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં સાહજની નગરી, દેવરમણ ઉદ્યાન, અમોઘ યક્ષનું મંદિર, રાજા મહચંદ, અમાત્ય સુષેણ, સુદર્શના વેશ્યા, વેપારી સુભદ્ર અને તેની પત્ની ભદ્રાના પુત્ર શંકરનું વર્ણન કરીને ભગવાનના સમવસરણ અને ધર્મકથા પછી ગૌતમ ગણધર દ્વારા શંકરનો વધ જોવો અને ભગવાન મહાવીરના મુખે શંકરનો માંસાહારી છણિક તરીકે પૂર્વભવ, સુદર્શના વેશ્યા સાથે સંબંધનો વર્તમાન ભવ અને અંતે ભવિષ્યના ભવનું વર્ણન કરી મહાવિદેહમાં મોક્ષપ્રાપ્તિનું વર્ણન છે.

**(૫) અધ્યયન : બૃહસ્પતિ – (યજ્ઞમાં હિંસા તથા પરસ્ત્રીગમનનું ફળ)**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં કૌશામ્બી નગરી, ચંદ્રોત્તરણ ઉદ્યાન, રાજા શ્વેતભદ્ર યજ્ઞશતાનીક અને રાણી મૃગાવતી, રાજકુમાર ઉદયન અને તેની રાણી પદ્માવતી, પુરોહિત સોમદત્ત અને તેની પત્ની વસુદત્તા, તેમનો પુત્ર બૃહસ્પતિ વગેરે વર્ણન પછી ભગવાન ગૌતમ ગણધર દ્વારા બૃહસ્પતિના પ્રાણદંડનું દશ્ય જોવું અને ભગવાન મહાવીરને તેના પૂર્વભવ વિષે પૃચ્છા કરવી, બૃહસ્પતિનો રાજા જિતશત્રુના મહેશ્વરદત્ત પુરોહિતનો પૂર્વભવ, વર્તમાન ભવ અને ભવિષ્યના ભવભ્રમણના વર્ણનને અંતે મહાવિદેહમાં મુક્તિ વગેરે વર્ણન છે.

**(૬) અધ્યયન : નંદિષેણ – (કઠોર દંડ અને પિતૃવધ સંકલ્પનું ફળ)**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં મથુરા નગરી, ભંડીર ઉદ્યાન, સુદર્શન યક્ષ, રાજા શ્રીદામ, રાણી બંધુશ્રી, રાજકુમાર નંદિષેણ, અમાત્ય સુબંધુ, તેનો પુત્ર બહુમિત્ર અને ચિત્ર નામના હજામના વર્ણન પછી પૂર્વ અધ્યયનોના વર્ણનની જેમ ભગવાન ગૌતમ ગણધર દ્વારા નંદિષેણના દેહદાહનું દશ્ય જોવું અને ભગવાન મહાવીરસ્વામી દ્વારા તેના સિંહપુરના રાજપુત્ર દુર્યોધન તરીકેનો પૂર્વભવ, વર્તમાન કાર્યો અને ભવિષ્ય એમ ભવભ્રમણના વર્ણનને અંતે મહાવિદેહમાં મુક્તિ થવા સુધીનું વર્ણન છે.

**(૭) અધ્યયન : ઉંબરદત્ત – (માંસ ચિકિત્સાનું ફળ)**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં પાડલખંડ નગર, વનખંડ ઉદ્યાન, ઉંબરદત્ત યક્ષ, રાજા સિદ્ધાર્થ અને તેના રાજ્યના શેઠ સાગરદત્ત અને તેની પત્ની ગંગદત્તાના પુત્ર ઉંબરદત્તના વર્ણન પછી આગળના અધ્યયનોની જેમ વર્ણન અને ઉંબરદત્તના કોઢનું કારણ, તેનો પૂર્વભવ, વર્તમાન યાતનાઓ અને ભવિષ્ય એમ ભવભ્રમણ બતાવીને અંતે મહાવિદેહમાં મુક્તિ થશે એવું વર્ણન છે.

**(૮) અધ્યયન : સૂર્યદત્ત (માછીમારના ધંધાનું ફળ)**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં સૂર્યપુર, સૂર્યાવતંસક ઉદ્યાન અને રાજા સૂર્યદત્તના વર્ણન પછી માછીમારને લોહીની ઉલટીઓ થતી જોઈને ભગવાન ગૌતમ ગણધર દ્વારા ભગવાન મહાવીરને પૃચ્છા, ભગવાન મહાવીર દ્વારા નંદિવર્ધનના સૂર્યદત્ત તરીકેના પૂર્વભવનું, વર્તમાન તેમજ ભવિષ્યના ભવભ્રમણનું વર્ણન કરીને અંતે મહાવિદેહમાંથી મુક્તિ થવાનું વર્ણન છે.

**(૯) અધ્યયન : દેવદત્તા – (ઈર્ષ્યા – દ્વેષનું ફળ)**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં રોહીડક નગર, પૃથ્વી અવતંસક ઉદ્યાન, ધરણ યક્ષ, રાજા વૈશ્રમણદત્ત, રાણી શ્રીદેવી અને રાજકુમાર પુષ્પનંદીના વર્ણન પછી દત્ત અને કૃષ્ણશ્રીની પુત્રી દેવદત્તાને શૂળીપર ચઢાવવાનું દશ્ય જોઈને ભગવાન ગૌતમ ગણધર દ્વારા જિજ્ઞાસા, ભગવાન મહાવીર દ્વારા દેવદત્તાના પૂર્વભવમાં સુપ્રતિષ્ઠ નગરના સિંહસેન રાજાની રાણી શ્યામા તરીકેનો પૂર્વભવ અને તેના દ્વારા અન્ય ૪૯૯ રાણીઓને કૂટાગારમાં બાળી મારવાનું વર્ણન, વર્તમાન ભવ અને ભવિષ્યનું ભવભ્રમણ વર્ણવીને અંતે મહાવિદેહમાં મુક્તિ થવાની વાત છે.

**(૧૦) અધ્યયન : અંજૂશ્રી – (વેશ્યાવૃત્તિનું ફળ)**

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં વર્ધમાનપુર, વિજય વર્ધમાન ઉદ્યાન, માણિભદ્ર યક્ષ, રાજા વિજયમિત્ર, ધર્મદેવ શેઠ, એની પત્ની પ્રિયંગુ અને પુત્રી અંજૂશ્રીના વર્ણન પછી



For Private & Personal Use Only

ભગવાન ગૌતમ ગણધર સ્વામીનું ગોચરી અર્થે ભ્રમણ, બાગમાં અતિરોગિષ્ટ સ્ત્રીનું ક્રંદન સાંભળીને ભગવાન મહાવીર પાસે પૃચ્છા, ભગવાન મહાવીર દ્વારા અંજૂશ્રીના પૂર્વભવમાં પૃથ્વીશ્રી નામની ગણિકા, તેના કાર્યો, વર્તમાન અને ભવિષ્ય ભ્રમણ વગેરે વર્ણન પછી મહાવિદેહમાંથી મુક્તિ થવાનું વર્ણન છે.

## (૨) સુખવિપાક શ્રુતસ્કંધ

### (૧) અધ્યયન : સુબાહુ

આ શ્રુતસ્કંધના આરંભે ૧૦ અધ્યયનોના નામ જણાવીને આ અધ્યયનમાં હસ્તિશીર્ષનગર, પુષ્પકરંડ ઉદ્યાન, કૃતવનમાલપ્રિય યક્ષનું મંદિર,રાજા અદીનશત્રુ અને એની ધારિણી વગેરે ૧૦૦૦ રાણીઓ, ધારિણીને સિંહનું સ્વપ્ન, સુબાહુનો જન્મ, ૫૦૦ કન્યાઓ સાથે વિવાહ, સુબાહુ દ્વારા ધર્મકથા શ્રવણ, ગૃહસ્થ ધર્મપાલનની પ્રતિજ્ઞા, ભગવાન સુબાહુના પૂર્વભવનું કથન, પૂર્વભવમાં સુમુખ દ્વારા ૫૦૦ સ્થવિરોને શુદ્ધ આહારનું દાન વગેરે વર્ણવીને વર્તમાન ભવમાં દીક્ષા ગ્રહણ, ૧૧ અંગોનું અધ્યયન, તપશ્ચર્યા, શ્રમણ જીવન, એક માસની સંલેખના અને અંતે મહાવિદેહમાં મુક્તિનું વર્ણન છે.

### (૨) અધ્યયન : ભદ્રનંદી

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં ઋષભપુર, સ્તુપ કરંડક ઉદ્યાન, ધન્ય યક્ષનું મંદિર, રાજા ધનાવહ, રાણી સરસ્વતી, તેમનો રાજકુમાર ભદ્રનંદી વગેરે વર્ણન પછી ઉપરના અધ્યયનના સુબાહની જેમ વર્તમાન કાર્ય, તેના પૂર્વભવના મહાવિદેહ, પુંડરિકિણી નગરી અને યુગબાહુ તીર્થંકરને દાન વગેરે વર્ણન છે.

### (૩) અધ્યયન : સુજાત

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં વીરપુર, મનોરમ ઉદ્યાન, રાજા વીરકૃષ્ણમિત્ર, રાણી શ્રી, તેમનો રાજકુમાર સુજાત અને તેના બલશ્રી વગેરે ૫૦૦ કન્યાઓ સાથે લગ્નના વર્ણન પછી પૂર્વભવના ઈષુકાર નગરના ઋષભદત્ત દ્વારા અણગાર પુષ્પદત્તને દાન વગેરે અને શેષ વર્ણન પહેલાં અધ્યયન મુજબ છે.

### (૪) અધ્યયન : સુવાસવ

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં વિજયપુર, નંદનવન ઉદ્યાન, અશોક યક્ષનું મંદિર, રાજા વાસવદત્ત, રાણી કૃષ્ણા, તેમનો રાજકુમાર સુવાસવ અને તેના ભદ્રા વગેરે ૫૦૦ કન્યાઓ સાથે લગ્નના વર્ણન પછી પૂર્વે કૌશામ્બી નગરીમાં ધનપાલ રાજાના ભવમાં અણગાર વૈશ્રમણભદ્રને દાન વગેરે અને શેષ વર્ણન પહેલાં અધ્યયન મુજબ છે.

### (૫) અધ્યયન : જિનદાસ

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં સૌગન્ધિકા નગરી, નીલાશોક ઉદ્યાન, સુકાલ યક્ષનું મંદિર, રાજા અપ્રતિહત, **રાણી સુકન્યા, તેમનો રાજકુમાર મહચંદ અને રાણી અરહદત્તા નો કુંવર જિનદાસ વગેરે વર્ણન પછી પૂર્વે અધ્યમિકા નગરીના રાજ મેઘરથના ભવમાં અણગાર** સુધર્માને દાન વગેરે અને શેષ વર્ણન પહેલાં અધ્યયન મુજબ છે.

### (૬) અધ્યયન : વૈશ્રમણ

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં કનકપુર, શ્વેતાશોક ઉદ્યાન, વીરભદ્ર યક્ષનું મંદિર, રાજા પ્રિયચંદ્ર, રાણી સુભદ્રા, તેમનો કુમાર વૈશ્રમણ, તેના શ્રીદિવી વગેરે ૫૦૦ કન્યાઓ સાથે વિવાહ અને તેમનો રાજકુમર ધનપતિ વગેરે વર્ણન પછી વૈશ્રમણ દ્વારા પૂર્વે મણિવત્તા નગરીના રાજા મિત્રના ભવે અણગાર સંભૂતિવિજયને દાન વગેરે વર્ણન અને શેષ વર્ણન પહેલાં અધ્યયન મુજબ છે.

### (૭) અધ્યયન : મહાબલ

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં મહાપુર, રક્તાશોક ઉદ્યાન, રક્તપાત યક્ષનું મંદિર, રાજા બલ, રાણી સુભદ્રા, તેમનો રાજકુમાર મહાબલ, તેના રક્તવતી વગેરે ૫૦૦ કન્યાઓ સાથે વિવાહ વગેરે વર્ણન પછી પૂર્વે મણિપુરના નાગદત્તના ભવમાં અણગાર ઈન્દ્રદત્તને દાન વગેરે અને શેષ વર્ણન પહેલાં અધ્યયન મુજબ છે.

### (૮) અધ્યયન : ભદ્રનંદી

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં સુઘોષ નગર, દેવરમણ ઉદ્યાન, વીરસેન યક્ષનું મંદિર, રાજા અર્જુન, રાણી તત્તવતી, તેમનો રાજકુમાર ભદ્રનંદી, તેનો શ્રીદિવી વગેરે ૫૦૦ કન્યાઓ સાથે વિવાહ વગેરે વર્ણન પછી પૂર્વે મહાઘોષનગરીના ધર્મઘોષ ભવમા અણગાર ધર્મસિંહને દાન વગેરે અને શેષ વર્ણન પહેલાં અધ્યયન મુજબ છે.

### (૯) અધ્યયન : મહચંદ

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં ચંપા નગરી, પૂર્ણભદ્ર ઉદ્યાન, પૂર્ણભદ્ર યક્ષનું મંદિર, રાજા દત્ત, રાણી રક્તવતી, તેમનો રાજકુમાર મહચંદ, તેના શ્રીકાંતા વગેરે ૫૦૦ કન્યાઓ સાથે લગ્ન વગેરે વર્ણન પછી પૂર્વે તિગિચ્છી નગરીમાં રાજા જિતશત્રુના ભવે અણગાર ધર્મવીર્યને દાન વગેરે અને શેષ વર્ણન પહેલાં અધ્યયન મુજબ છે.

### (૧૦) અધ્યયન : વરદત્ત

આ અધ્યયનના એક ઉદ્દેશકમાં સાકેત નગર, ઉત્તરકુરુ ઉદ્યાન, પાસમિક યક્ષનું મંદિર, રાજા મિત્રનંદી, રાણી શ્રીકાંતા, રાજકુમાર વરદત્ત અને તેના વરસેના વગેરે ૫૦૦ કન્યાઓ સાથે લગ્ન વગેરે વર્ણન પછી પૂર્વે શતદ્વાર નગરમાં રાજા વિમલવાહનના ભવમાં અણગાર ધર્મરુચિને દાન વગેરે અને શેષ વર્ણન સુબાહુના અધ્યયન મુજબ છે.


Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

## આગમ ૧૨

કથાનુયોગ પ્રધાન ઔપપાતિક ઉપાંગ સૂત્ર - ૧૨

અન્ય નામ :- ઓવવાઈયં, ઉવવાઈય, ઓવાઈય.
અધ્યયન - - - - - - - - - - - - - - - - - - - - ૧
ઉદ્દેશક - - - - - - - - - - - - - - - - - - - - ૧

ઉપલબ્ધ પાઠ - - - - - - - - - - - - - - ૧૧૬૭ શ્લોક પ્રમાણ
ગદ્ય સૂત્ર - - - - - - - - - - - - - - - - - - ૪૩
પદ્ય સૂત્ર - - - - - - - - - - - - - - - - - - ૩૨

આ ઉપાંગ સૂત્રના એક અધ્યયનના એક ઉદ્દેશકમાં ચંપા નગરીની ભૂમિ, ઉદ્યાન, કોટ વગેરેનું સુંદર વર્ણન કરી, તેમાં આવેલા પૂર્ણભદ્ર ચૈત્ય, વનખંડ, અશોકવૃક્ષ તેમજ વિવિધ વૃક્ષો અને વેલીઓ વગેરેના વર્ણન પછી શિલાપટ્ટનું અને રાજા કોણિકનું વર્ણન છે.

ભગવાન મહાવીરનો ચંપાનગરી તરફ વિહાર, ભગવાન મહાવીરના ઊંચાઈ અને અંગોપાંગ તથા ૩૪ બુદ્ધ વચનાતિશય, ૩૫ સત્યવચનાતિશય, શ્રમણ-શ્રમણીની સંખ્યા, અંતેવાસીઓનો પરિચય, સંખ્યા તેમજ જ્ઞાનસંપદા, દીક્ષા સમય, વિશિષ્ટ લબ્ધિઓ, તપશ્ચર્યાઓ, તેમના જીવનની ૨૧ ઉપમાઓ વગેરેનું વર્ણન છે.

તે પછી અંતેવાસીઓની બાહ્ય તેમજ આભ્યંતર તપશ્ચર્યાના વર્ણનમાં બંને પ્રકારના છ-છ ભેદો, આર્ત - રૌદ્ર - ધર્મ - શુક્લ ધ્યાનના ચાર-ચાર ભેદો વગેરે વર્ણન પછી ભગવાન મહાવીરની દેશનામાં આવનારા અસુરકુમાર દેવો, જ્યોતિષિક દેવો તેમજ વૈમાનિક દેવોના નામ, આકૃતિ, વય, ઉપલબ્ધિઓ વગેરેનું વર્ણન છે.

ત્યારબાદ ભગવાનના સમવસરણમાં રાજા કોણિકનું આગમન, ભગવાન મહાવીરનો ધર્મોપદેશ વગેરેના વર્ણન પછી પરિવ્રાજક વર્ણનમાં અંબડ પરિવ્રાજકની દિનચર્યા અને છેલ્લે શ્રમણ સાધનાનું સંક્ષિપ્ત વર્ણન કરીને અલ્પારંભીથી માંડીને દેશવિરત શ્રમણોપાસકો સુધીની વિવિધ ઉત્પત્તિઓનું વર્ણન કરીને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના લંબાઈ, પહોળાઈ વગેરેનું વિસ્તૃત વર્ણન અને ૨૨ ગાથાઓમાં સિદ્ધ ભગવંતોના વર્ણનથી આ ઉપાંગ પૂર્ણ થાય છે.

## આગમ ૧૩

દ્રવ્યાનુયોગ પ્રધાન રાજપ્રશ્નીય ઉપાંગ સૂત્ર - ૧૩

અન્ય નામ :- રાયપસેણિય, રાયપસેણઈઅ, રાયપ્પસેણઈય, રાયપ્પસેણિય, રાયપ્પસેણઈજ્જ, રાજપ્રસેનકીય, રાજપ્રસેનજિત, રાજપ્રશ્નકૃત.
અધ્યયન - - - - - - - - - - - - - - - - - - - - ૧
ઉદ્દેશક - - - - - - - - - - - - - - - - - - - - ૧

ઉપલબ્ધ પાઠ - - - - - - - - - - - - - - ૨૧૦૦ શ્લોક પ્રમાણ
ગદ્યસૂત્ર - - - - - - - - - - - - - - - - - - ૬૫
પદ્યસૂત્ર - - - - - - - - - - - - - - - - - - XXX

આ ઉપાંગ આગમ ગ્રંથમાં આમલકલ્પા નગરી, આમ્રશાલ ઉદ્યાનમાં આમ્રશાલ ચૈત્ય, અશોકવૃક્ષ અને શિલાપટ્ટના વર્ણન પછી ભગવાન મહાવીરનું સમવસરણ અને ધર્મપરિષદ વગેરે વાતો જણાવીને સૂર્યાભદેવનું સુંદર વર્ણન છે.

આભિયોગિક દેવના વૈક્રિય સમુદ્ઘાત, ૧૬ પ્રકારના રત્નોનાં નામ, જ્ઞાનવિમાનરચનાનો આદેશ, વિવિધ રંગના મણિઓની તુલના વગેરે વર્ણન પછી સિંહાસન અને તેની ચોતરફ ૫૩,૦૦૦ ભદ્રાસનોનું વર્ણન છે.

તે પછી સૂર્યાભદેવ ગૌતમ વગેરે શ્રમણનિર્ગ્રંથો સમક્ષ ૩૨ પ્રકારના દિવ્યનૃત્ય દર્શાવવા માટે ભગવાન મહાવીર પાસે આજ્ઞા પ્રાપ્ત કરવા વારંવાર પ્રયાસ, ભગવાન મહાવીરનું મૌન, અંતે અનુમતિ પછી ૫૭ પ્રકારના વાદ્ય, ૧૮ પ્રકારના નૃત્ય, ચાર પ્રકારના ગાન, ચાર પ્રકારના અભિનયનું પ્રદર્શન વગેરેનું વિસ્તૃત વર્ણન છે.

તે પછી સૂર્યાભ વિમાનના દ્વાર ઉપરના ૧૦૮ પ્રકારની ધજા, ચારેય દિશાઓના વનખંડો, દેવછંદક ઉપર ૧૦૮ પ્રતિમાઓ, ચૈત્ય સ્તંભનું પ્રમાર્જન, જિનઅસ્થિઓનું અર્ચન, બલિવિસર્જન વગેરે વર્ણન છે. તથા ભગવાન મહાવીર દ્વારા સૂર્યાભદેવના રાજા પ્રદેશીના પૂર્વભવનું વર્ણન, તેમાં કરેલી આત્મા વિષે વિસ્તૃત ચર્ચા ને અંતે જિનેશ્વર ભગવાન, શ્રુતદેવતા, ભગવતી પ્રજ્ઞપ્તિ તેમજ ભગવાન પાર્શ્વનાથને નમસ્કાર કરીને ઉપસંહાર કરવામાં આવ્યો છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

## આગમ - ૧૪

### દ્રવ્યાનુયોગમય જીવાભિગમ ઉપાંગ સૂત્ર - ૧૪

અન્યનામ :- જીવાજીવાભિગમ.
પ્રતિપત્તિ ------------------ ૯
અધ્યયન ------------------ ૧
ઉદ્દેશક ------------------૧૮

ઉપલબ્ધ પાઠ --------------૪૭૫૦ શ્લોક પ્રમાણ
ગદ્યસૂત્ર ----------------- ૨૭૨
પદ્યગાથા ----------------- ૮૧

### (૧) દ્વિવિધ જીવ-પ્રતિપત્તિ

આ ઉપાંગની પહેલી દ્વિવિધ - બે પ્રકારની જીવ-પ્રતિપત્તિમાં જીવ-અજીવના અભિગમના બે-બે પ્રકાર, અરૂપી અજીવાભિગમના ૧૦ પ્રકાર, રૂપી અજીવાભિગમના નવ પ્રકાર, મોક્ષપ્રાપ્ત જીવના અનેક પ્રકાર, સંસાર સ્થિત જીવના બે તેમજ સ્થાવર જીવના ત્રણ પ્રકારો વર્ણવીને સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવોના ૨૩ દ્વારનું વર્ણન કર્યા પછી પૃથ્વીકાયિક જીવોના બે પ્રકાર, શ્લક્ષ્ણ પૃથ્વીકાયિક જીવના સાત અને સંક્ષેપમાં બે પ્રકાર તથા તેના ૨૩ દ્વારોનું વર્ણન છે.

તે પછી અપ્કાયિક જીવોના બે પ્રકાર અને ૨૩ દ્વારો, સૂક્ષ્મ અને સાધારણ વનસ્પતિકાયિક જીવોના બે પ્રકાર અને ૨૩ દ્વારો, બાદર અને સૂક્ષ્મ તેજસ્કાયિક જીવોના બે પ્રકાર તેમજ ૨૩ દ્વારો અને બાદર તેમજ સૂક્ષ્મ વાયુકાયિક જીવોના બે પ્રકાર અને ૨૩ દ્વારો વર્ણવીને બેઈન્દ્રિય, ત્રીન્દ્રિય વગેરે વિકલેન્દ્રિય જીવોના ૨૩ - ૨૩ દ્વારો, નારકીય જીવોના પ્રકાર અને ૨૩ દ્વારો અને તે પછી સંમૂર્છિમ જળચર, ભૂચર, પરિસર્પ, ગર્ભજ ઉપરિસર્પ, ચતુષ્પદ, ભુજપરિસર્પ, ખેચર વગેરેના પ્રકારો અને ૨૩ - ૨૩ દ્વારો નું વર્ણન છે.

સંમૂર્છિમ મનુષ્યો તથા ગર્ભજ મનુષ્યોના ૨૩ દ્વારો, દેવતાના પ્રકારો, ત્રસ-સ્થાવર જીવો વગેરેની વિવિધ વાતો જણાવી છે.

### (૨) ત્રિવિધ જીવ-પ્રતિપત્તિ

આ પ્રતિપત્તિમાં સંસારી જીવોના ત્રણ પ્રકારો- સ્ત્રી, પુરુષ અને નપુંસક એમ બતાવી આરંભમાં સ્ત્રી જીવોના તિર્યંચ, ખેચર અને જળચર એમ ત્રણ પ્રકારો અને તેના ચતુષ્પદ, ઉરસર્પ માનવ સ્ત્રીઓ દેવીઓ વગેરે પેટાપ્રકારો બતાવીને તે બધાના જઘન્ય ઉત્કૃષ્ટ કાળ, સ્થિતિ, વેદનીય કર્મ વગેરેનું વર્ણન છે.

સંસારી જીવોના પુરુષ પ્રકારમાં તિર્યંચ વગેરે ત્રણ પ્રકારો અને ચતુષ્પદ વગેરે પેટા પ્રકારો બતાવીને તેમના જઘન્ય-ઉત્કૃષ્ટ કાળ વગેરે વર્ણવવામાં આવ્યા છે.

સંસારી જીવોના નપુંસક પ્રકારમાં પણ ઉપર મુજબનું વિસ્તૃત વર્ણન છે.

### (૩) ચતુર્વિધ જીવ-પ્રતિપત્તિ

આ પ્રતિપત્તિમાં સંસારી જીવોના નારકીય વગેરે પ્રકારો વર્ણવ્યા છે.

તેના પહેલા ઉદ્દેશકમાં નારકીય જીવોના સાત પ્રકાર, નરક-વર્ણન છે. બીજા ઉદ્દેશકમાં નરકના સીમા, સંસ્થાન વગેરે તેમજ વર્ણ, ગંધ, સ્પર્શ, માપ વગેરેનું વર્ણન કરીને નરકમાં જીવોની ઉત્પત્તિ, શરીર, વિકુર્વણા, વેદના વગેરેનું વર્ણન છે અને ત્રીજા ઉદ્દેશકમાં પુદ્ગલ પરિણમન બતાવીને નારકીઓનું સંક્ષિપ્ત વર્ણન છે.

તિર્યંચ-યોનિક જીવ ઉદ્દેશકમાં તિર્યંચ-યોનિક જીવોના પાંચ પ્રકારો તેમજ તેના એકેન્દ્રિય, પૃથ્વીકાયિક એકેન્દ્રિય વગેરે પેટા પ્રકારો, તેમના ૧૧ દ્વારો, કોટી અને અંતે વિમાનોના માપ બતાવ્યાં છે.

બીજા ઉદ્દેશકમાં સંસારી જીવોના પૃથ્વીકાયિકથી માંડીને વનસ્પતિકાયિક સુધીના જીવોના બે-બે પ્રકારો, પૃથ્વીના છ પ્રકાર, દેવો તથા જીવોની સંસ્થિતિ, નિર્લેપકાળ, અને અંતે અન્ય તીર્થિકના વિષયની ચર્ચા છે.

મનુષ્યયોનિક જીવ ઉદ્દેશકમાં મનુષ્યોના સંમૂર્છિમ તેમજ ગર્ભજ એમ બે પ્રકારો તેમજ અંતર્દ્વીપ મનુષ્યોના ૨૮ પ્રકારો બતાવ્યા છે.

એકોરૂકદ્વીપ વર્ણન ઉદ્દેશકમાં એકોરૂપ દ્વીપનું સ્થાન, લંબાઈ તેમજ પહોળાઈ, વનખંડો, ભૂમિ, વૃક્ષો, વેલીઓ, ત્યાંના મનુષ્યો અને સ્ત્રીઓના સર્વાંગીણ વર્ણન, આસ્વાદ, કર્મો, સ્વભાવ, વગેરે તેમજ અન્ય દ્વીપોનું વર્ણન છે. વળી દેવયોનિક જીવના પ્રકાર-ભેદ, દેવ-દેવીઓની સંખ્યા, પરિષદો, વિમાનો, સમુદ્રોની સંખ્યા વગેરે વર્ણન પછી જંબૂ દ્વીપનું વિસ્તૃત વર્ણન છે.

મનુષ્યયોનિક ઉદ્દેશકમાં વિજયા રાજધાની, સુધર્મા સભા, ચૈત્ય, સિંહાસન, સિદ્ધાયતન વગેરે વર્ણન પછી જંબૂદ્વીપમાં જીવોની ઉત્પત્તિ, ઉત્તરકુરૂક્ષેત્ર, લવણસમુદ્ર, ગૌતમદ્વીપ, ચંદ્રદ્વીપ, સૂર્યદ્વીપ અને તે પછી જંબૂદ્વીપના લવણ સમુદ્રની અંદર અને બહારના સૂર્ય-ચંદ્ર તેમજ ઘાતકીખંડ, કાલોદ સમુદ્ર, પુષ્કર વરદ્વીપ વગેરેના વિસ્તૃત વર્ણન

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

અને તેમના ચંદ્ર-સૂર્ય વગેરે વર્ણવીને પાંચ ઈન્દ્રિયોના વિષયનું વર્ણન છે.

જ્યોતિષ્ક ઉદ્દેશકમાં દેવતાઓની દિવ્યગતિ, વૈક્રેય શક્તિ વગેરેનું વર્ણન છે.

વૈમાનિક દેવોના પહેલા ઉદ્દેશકમાં વૈમાનિક દેવોના વર્ણન પછી તેમની સંખ્યા, સ્થિતિ વગેરેનું વર્ણન છે અને બીજા ઉદ્દેશકમાં તે દેવોના વિમાનોના આધાર, સંસ્થાન, ઊંચાઈ, ઉત્પત્તિ, તથા તે દેવોના શરીરોના વર્ણ, પુદ્ગલ વગેરે વર્ણવીને અંતે નારકીયો, તિર્યંચો અને મનુષ્યો તેમજ દેવોના જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ, કાળ વગેરેનું વર્ણન છે.

### (૪) પંચવિધ જીવ પ્રતિપત્તિ

આ પ્રતિપત્તિમાં સંસારના પાંચ પ્રકારના જીવો - એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના ની સ્થિતિ, કાલ, અંતર વગેરે વર્ણવ્યા છે.

### (૫) ષડ્વિધ જીવ-પ્રતિપત્તિ

આ પ્રતિપત્તિમાં સંસારના પૃથ્વીકાયિકથી માંડીને ત્રસકાયિક સુધીના જીવોના છ પ્રકારો જણાવીને તેમના સ્થિતિ, કાળ વગેરેનું વર્ણન છે.

### (૬) સપ્તવિધ જીવ-પ્રતિપત્તિ

### (૭) અષ્ટવિધ જીવ-પ્રતિપત્તિ

### (૮) નવવિધ જીવ-પ્રતિપત્તિ

આ ત્રણ પ્રતિપત્તિઓમાં સંસારી જીવોના અનુક્રમે સાત, આઠ અને નવ પ્રકારો બતાવીને તેમના સ્થિતિ, કાળ, વગેરેનું વર્ણન છે.

### (૯) દશવિધ જીવ-પ્રતિપત્તિ

આ પ્રતિપત્તિમાં સંસારી જીવોના ૧૦ પ્રકારો અને તેમના સ્થિતિ, કાળ, વગેરેના વર્ણન પછી અસિદ્ધ અને સિદ્ધ, સવેદક અને અવેદક તેમજ અજ્ઞાની અને જ્ઞાની એમ બે-બે પ્રકારના જીવોની ચર્ચા પછી ત્રણ-ત્રણ પ્રકારના, ચાર-ચાર પ્રકારના, પાંચ-પાંચ પ્રકારના થી દસ-દસ પ્રકારના જીવોનું અસિદ્ધ અને સિદ્ધ વગેરે વર્ણન છે.

## આગમ - ૧૫

દ્રવ્યાનુયોગમય પ્રજ્ઞાપના ઉપાંગ સૂત્ર - ૧૫

અન્યનામ :- પણ્ણવણા.
અધ્યયન ------------------ ૧
પદ ---------------------- ૩૬
ઉદ્દેશક ------------------ ૪૪

ઉપલબ્ધ પાઠ ------------- ૭૭૮૭ શ્લોક પ્રમાણ
ગદ્યસૂત્ર ----------------- ૬૧૪
પદ્યસૂત્ર ------------------ ૧૯૫

આ ઉપાંગના આરંભમાં વીરપ્રભુને વંદના કરીને ૩૬ પ્રજ્ઞાપના પદોના નામો જણાવ્યાં છે.

### (૧) પ્રજ્ઞાપના પદ

આમાં અજીવ-જીવ પ્રજ્ઞાપનાના અરૂપી અને રૂપી એમ બે ભેદો અને તે બંનેના અનુક્રમે દસ અને ચાર પ્રભેદો બતાવીને તેમના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરેના ભેદો જણાવીને બાદર સૂક્ષ્મ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચારઈન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોના તેમજ તિર્યંચ, મનુષ્ય અને દેવતાઓના ભેદ-પ્રભેદોનું વિસ્તૃત વિવરણ છે.

### (૨) સ્થાન - પદ

આમાં અધોલોક, ઊર્ધ્વલોક વગેરે આઠ પૃથ્વીઓમાં પૃથ્વીકાયિક, અપ્કાયિક વગેરેના તિર્યંચો, નારકીઓ, મનુષ્યો અને દેવોના સ્થાનોનું વર્ણન કરી અંતે સિદ્ધોના સ્થાનનું વર્ણન છે.

### (૩) અલ્પબહુત્વ - પદ

આમાં દિશાદ્વારથી માંડીને પુદ્ગલદ્વાર સુધીના ૨૭ દ્વારો તથા અઠાવીસમા મહાદંડક દ્વારના અલ્પત્વ અને બહુત્વનું વર્ણન છે.


Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**(૪) સ્થિતિ-પદ**

**આમાં નરકો, નારકીયો તેમજ દેવ, તિર્યંચ અને મનુષ્યની** પર્યાપ્ત અને અપર્યાપ્ત સ્થિતિનું વર્ણન છે.

**(૫) વિશેષ - પદ**

આમાં પર્યાયના ભેદોથી આરંભીને જઘન્ય - ઉત્કૃષ્ટ પ્રકારના વર્ણ-ગંધ-સ્પર્શ પુદ્ગલો અને તેમના અનંત પર્યાયની વાત છે.

**(૬) વ્યુત્ક્રાંતિ - પદ**

આમાં ગતિ-અપેક્ષા, દંડકાપેક્ષા વગેરે આઠ દ્વારો અને ચાર ગતિઓ માં જન્મ-મરણનું વર્ણન છે.

**(૭) શ્વાસોચ્છ્વાસ-પદ**

આમાં ૨૪ દંડકોમાં જીવોના જઘન્ય-ઉત્કૃષ્ટ પ્રકારના શ્વાસોચ્છ્વાસનું વર્ણન છે.

**(૮) સંજ્ઞા-પદ**

આમાં ૨૪ દંડકોમાં જીવોની ૧૦ સંજ્ઞાઓ, બાહ્ય કારણ વગેરે ચાર સંજ્ઞાઓ અને અલ્પત્વ-બહુત્વનું વર્ણન છે.

**(૯) યોનિ-પદ**

આમાં ૨૪ દંડકોમાં ત્રણ પ્રકારની યોનિઓનું વર્ણન છે.

**(૧૦) ચરમાચરમ-પદ**

આમાં આઠ પૃથ્વીઓના નામ પરિમંડલ વગેરે પાંચ સંસ્થાનો અને ૨૪ દંડકોમાં જીવોના ચરમ (અંત) અને અચરમ (અનંત)ની વાત જણાવી છે.

**(૧૧) ભાષા-પદ**

આમાં અવધારિણી ભાષાનું સ્વરૂપ, તેના ચાર ભેદો આપીને સત્યભાષા વગેરે વિવિધ ભાષા પ્રકારોનું વર્ણન કરીને ૧૬ વચનો તેમજ આરાધક-વિરાધકની ભાષાઓ જણાવી છે.

**(૧૨) શરીર-પદ**

આમાં પાંચ શરીરોના નામ અને ૨૪ દંડકોમાં જીવોના શરીર, તેના ભેદ વગેરેનું વર્ણન છે.

**(૧૩) પરિણામ-પદ**

આમાં જીવ-અજીવના પરિણામના ભેદો તથા ૨૪ દંડકોમાં ૧૦ પરિણામોનું વર્ણન છે.

**(૧૪) કષાય-પદ**

આમાં ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર પ્રકારના કષાયના સ્થાન, નિમિત્ત અને ભેદ તેમજ ૨૪ દંડકોમાં કષાયના ભેદનું વર્ણન છે.

**(૧૫) ઈન્દ્રિય-પદ**

આના પહેલા ઉદ્દેશકમાં ૨૫ દ્વારોના નામો, પાંચ ઈન્દ્રિયોના સ્થાન, વિસ્તાર વગેરે, નિર્જરા પુદ્ગલ વગેરેનું વર્ણન છે.

અને બીજા ઉદ્દેશકમાં ૧૨ અધિકારોના નામો તથા ૨૪ દંડકોમાં ૧૨ અધિકારોનું વર્ણન છે.

**(૧૬) પ્રયોગ-પદ**

આમાં પ્રયોગના ૧૫ ભેદો અને ૨૪ દંડકોમાં ૧૫ પ્રયોગો અને તેના વિભિન્ન અંગો વગેરે વર્ણન છે.

**(૧૭) લેશ્યા-પદ**

આના પહેલા ઉદ્દેશકમાં સાત અધિકારો તથા તે બધા ૨૪ દંડકોમાં સ્થિત છે એમ બતાવ્યું છે.

બીજા ઉદ્દેશકમાં છ લેશ્યાઓના નામ, ત્રીજા ઉદ્દેશકમાં ૨૪ દંડકોમાં ઉત્પત્તિ, ઉદ્વર્તન વગેરે, ચોથામાં ૧૫ અધિકારો તથા લેશ્યાઓના રૂપ, વર્ણ વગેરે, પાંચમામાં લેશ્યાઓના રૂપ, વર્ણ વગેરેના પરિણમનના દૃષ્ટાંતો તથા છઠા ઉદ્દેશકમાં છ લેશ્યાઓને કારણે (કર્મભૂમિ, અકર્મભૂમિ તથા અંતર્દ્વીપોના) અઢી દ્વીપમાં મનુષ્યોની સ્થિતિ વગેરે


Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

વિષયોનું વર્ણન છે.

**(૧૮) કાયસ્થિતિ-પદ**

આમાં ૨૨ અધિકારોના નામ આપ્યા પછી નારકીય, તિર્યંચ, મનુષ્ય, દેવ અને સિદ્ધોની તે તે રૂપમાં સ્થિતિ વગેરેથી માંડીને ધર્માસ્તિકાય વગેરેની સંસ્થિતિનું વર્ણન છે.

**(૧૯) સમ્યક્ત્વ-પદ**

આમાં ૨૪ દંડકોમાં ત્રણ દષ્ટિ અને સિદ્ધોમાં એક દષ્ટિનું વર્ણન છે.

**(૨૦) અંતક્રિયા-પદ**

આમાં ૨૪ દંડકોમાં અનંતરાગત તેમજ પરંપરાગતની અંતક્રિયા તેમજ વિવિધ ઉત્પત્તિઓનું વર્ણન કરીને અસંયત ભવ્યદ્રવ્ય દેવ વગેરે ૧૪ના આયુષ્ય વગેરેનું વર્ણન છે.

**(૨૧) શરીર-પદ**

આમાં ઔદારિક, વૈક્રિય વગેરે પાંચ શરીરોના ભેદ-પ્રભેદ, જઘન્ય-ઉત્કૃષ્ટતા વગેરે વર્ણન છે.

**(૨૨) ક્રિયા-પદ**

આમાં આરંભિકા વગેરે ૨૫ ક્રિયાઓનું વર્ણન છે.

**(૨૩) કર્મપ્રકૃતિ-પદ**

આના પહેલા ઉદ્દેશકમાં જ્ઞાનાવરણીય વગેરે આઠ કર્મ પ્રકૃતિઓના બંધનહેતુ, વેદન અને અનુભાવનું વર્ણન છે, અને બીજા ઉદ્દેશકમાં તે આઠ પ્રકૃતિઓના ભેદ-પ્રભેદો બતાવ્યા છે.

**(૨૪) કર્મબંધ-પદ**

આમાં ૨૪ દંડકોમાં જ્ઞાનાવરણીય વગેરે આઠ કર્મપ્રકૃતિઓના બંધ-કાલ વિષે વર્ણન છે.

**(૨૫) કર્મવેદ-પદ**

આમાં ૨૪ દંડકોમાં આઠ કર્મ પ્રકૃતિઓના વેદન વિષે વર્ણન છે.

**(૨૬) કર્મવેદબંધ-પદ**

આમાં ૨૪ દંડકોમાં આઠ કર્મ પ્રકૃતિઓના કર્મવેદન કાળના બંધ વિષે વર્ણન છે.

**(૨૭) કર્મવેદક - પદ**

આમાં ૨૪ દંડકોમાં આઠ પ્રકૃતિઓના કર્મવેદક વિષે વર્ણન છે.

**(૨૮) આહાર-પદ**

આના પહેલા ઉદ્દેશકમાં ૧૧ અધિકારના નામ આપીને ૨૪ દંડકોમાં ત્રણ પ્રકારના આહાર વિષયક વિસ્તૃત વર્ણન છે, જ્યારે બીજા ઉદ્દેશકમાં ૧૩ અધિકારો, આહારક-અનાહારક વિષે વર્ણન છે.

**(૨૯) ઉપયોગ-પદ**

આમાં ત્રિકાળ વિષે સ્પષ્ટ-અસ્પષ્ટ જ્ઞાન દર્શન એટલે કે ઉપયોગના ભેદ-પ્રભેદો વર્ણવાયા છે.

**(૩૦) પશ્યતા-પદ**

આમાં પશ્યતા એટલે કે ત્રિકાલવિષયક સ્પષ્ટ જ્ઞાન દર્શનના ભેદ-પ્રભેદો, તેના દ્રષ્ટા, ભિન્ન-ભિન્ન સમય વગેરેનું વર્ણન છે.

**(૩૧) સંજ્ઞી-પદ , (૩૨) સંયત-પદ**

આ બંને પદોમાં અનુક્રમે સંજ્ઞી-અસંજ્ઞી તેમજ સંયત-અસંયત વગેરે વર્ણન છે.

**(૩૩) અવધિ-પદ**

આમાં ૧૦ અધિકારોના નામ પછી નારકીયોથી માંડીને દેવો સુધીના બધાના અવધિજ્ઞાન વિષયક વર્ણન છે.

**(૩૪) પરિચારણા-પદ**

આમાં સાત અધિકારોના નામ પછી ૨૪ દંડકોમાં અનંતરાહારથી માંડીને વિકુર્વણા સુધીનુ વર્ણન તેમજ પરિચારણા (મૈથુન) વિષયક બાબતો પર પ્રકાશ પાડ્યો છે.

**(૩૫) વેદના-પદ**

આમાં ૨૪ દંડકોમાં વિવિધ પ્રકારની વેદનાનું વર્ણન છે.

**(૩૬) સમુદ્ઘાત-પદ**

આ છેલ્લા પદમાં સાત અધિકારોના નામ પછી સાત પ્રકારના સમુદ્ઘાત, તેના કાળ, સમુદ્ઘાતોની સંખ્યા વગેરે વર્ણન છે.

## આગમ - ૧૬, ૧૭

ગણિતાનુયોગમય સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર - ચંદ્રપ્રજ્ઞપ્તિ - ૧૬, ૧૭

અન્ય નામ :- સૂરપણ્ણત્તિ, સૂરિયપણ્ણત્તિ, ચંદપણ્ણત્તિ.

અધ્યયન ---------------- ૧ + ૧

પ્રાભૃત ---------------- ૨૦ + ૨૦

પ્રાભૃત પ્રાભૃત -------------- ૩૧ + ૩૧

ઉપલબ્ધ પાઠ -------- ૨૨૦૦ + ૨૨૦૦ શ્લોક પ્રમાણ

ગદ્યસૂત્ર -------------- ૧૦૮ + ૧૦૮

પદ્યસૂત્ર -------------- ૧૦૩ + ૧૦૩

**પ્રાભૃત - ૧**

પ્રાભૃત - પ્રાભૃત - ૧ : આમાં અરિહંતને વંદના કરીને મિથિલા વગેરેના વર્ણન પછી ભગવાન મહાવીરનું સમવસરણ, ઈન્દ્રભૂતિ ગૌતમની જિજ્ઞાસા અને ૨૦ પ્રાભૃતોનો વર્ણ્ય વિષય, મુહૂર્તોની હાનિ-વૃદ્ધિ વગેરે વર્ણન છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૨ : આમાં સૂર્યના દક્ષિણાયન અને ઉત્તરાયણના જઘન્ય - ઉત્કૃષ્ટ મુહૂર્ત અને તેના હાનિ-વૃદ્ધિનું વર્ણન છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૩ : આમાં ભરતક્ષેત્ર તથા ઐરાવત ક્ષેત્રના સૂર્યના ઉદ્યોત ક્ષેત્રનું વર્ણન છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૪ : આમાં એક સૂર્યની ગતિના અંતરની વાત છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૫ : આમાં સૂર્ય દ્વારા દ્વીપ-સમુદ્રોના અવગાહન સંબંધી વર્ણન છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૬ : આમાં સૂર્ય દ્વારા એક દિવસ-રાતમાં સ્પર્શ કરાતા ક્ષેત્રોના વિષે વર્ણન છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૭ : આમાં સૂર્યમંડળોના સંસ્થાન સંબંધી આઠ પ્રતિપત્તિઓનું નિરૂપણ છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૮ : આમાં સૂર્યમંડળોના આયામ, વિષ્કંભ વગેરે તેમજ તદનુસાર દિવસ-રાતના મુહૂર્તોની હાનિવૃદ્ધિ નું વર્ણન છે.

**પ્રાભૃત - ૨**

પ્રાભૃત-પ્રાભૃત - ૧ : આમાં સૂર્યની ત્રાંસી ગતિ વિષે આઠ પ્રતિપત્તિઓનું નિરૂપણ છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૨ : આમાં સૂર્યના એક મંડળમાંથી બીજા મંડળમાં સંક્રમણ વિષે વર્ણન છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૩ : આમાં એક મુહૂર્તમાં સૂર્યની ગતિના પરિમાણ વિષે નિરૂપણ છે.

**પ્રાભૃત - ૩** : આમાં સૂર્યના તાપનું ક્ષેત્ર તેમજ ચંદ્રના ઉદ્યોતનું ક્ષેત્ર તે વિષે ૧૨ પ્રતિપત્તિઓનું નિરૂપણ છે.

**પ્રાભૃત - ૪** : આમાં ચંદ્ર-સૂર્યના સંસ્થાનના ભેદ અને તે વિષે ૧૬ પ્રતિપત્તિઓ તથા દરેક મંડળમાં ઉદ્યોત, તાપ અને અંધકારના ક્ષેત્રોના સંસ્થાનનું નિરૂપણ છે.

**પ્રાભૃત - ૫** : આમાં સૂર્યના લેશ્યા-તાપના પ્રતિઘાતક વિષે ૧૦ પ્રતિપત્તિઓનું નિરૂપણ છે.

**પ્રાભૃત - ૬** : આમાં સૂર્યની ઓજ - સંસ્થિતિ વિષે ૨૫ પ્રતિપત્તિઓ તેમજ અવગાહિત - અનવગાહિત અને અવસ્થિત - અનવસ્થિત મંડળનું વર્ણન છે.

**પ્રાભૃત - ૭** : આમાં સૂર્ય દ્વારા પ્રકાશિત થતા સ્થૂળ-સૂક્ષ્મ પદાર્થ વિષે ૨૦ પ્રતિપત્તિઓનું નિરૂપણ છે.

**પ્રાભૃત - ૮** : આમાં સૂર્યની ઉદયદિશા વિષે ત્રણ પ્રતિપત્તિઓનું નિરૂપણ તથા જંબૂદ્વીપના દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધમાં ઋતુ, અયન વગેરે વિભિન્ન ક્ષેત્રોના દિવસ-રાત તેમજ ઉત્સર્પિણી - અવસર્પિણી કાળનું વર્ણન છે.

**પ્રાભૃત - ૯** : પૌરુષી છાયાપ્રમાણ નામના આ પ્રાભૃતમાં પૌરુષી છાયાના મૂલકારણ, મૂળ વિભાગ અને તે વિષે ૨૫ પ્રતિપત્તિઓ વગેરેનું વર્ણન કરી અંતે પુરુષની ૨૫ પ્રકારની છાયાનું નિરૂપણ છે.

**પ્રાભૃત - ૧૦**

પ્રાભૃત-પ્રાભૃત - ૧ : આમાં ચંદ્ર-સૂર્ય સાથે નક્ષત્રોના યોગ અને તે વિષે પાંચ પ્રતિપત્તિઓનું નિરૂપણ છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૨ : આમાં ચંદ્ર-સૂર્ય સાથે યોગમાં આવતા નક્ષત્રોના મુહૂર્ત-પરિમાણ વર્ણિત છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાભૃત-પ્રાભૃત - ૩ : આમાં પૂર્વ-પશ્ચિમ અને ઉભય ભાગોથી ચંદ્ર સાથે યોગ કરનારા નક્ષત્રોનું નિરૂપણ છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૪ : આમાં યુગારંભે યોગ કરનારા નક્ષત્રોના પૂર્વાદિ વિભાગોનું વર્ણન છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૫ : આમાં નક્ષત્રોના કુળ - ઉપકુળ - કુળોપકુળ નું નિરૂપણ છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૬ : આમાં ૧૨ પૂર્ણિમા તેમજ ૧૨ અમાવાસ્યામાં નક્ષત્રોના યોગ તથા તેમના નક્ષત્રોના કુળ - ઉપકુળ - કુળોપકુળનું વર્ણન છે.

પ્રાભૃત - પ્રાભૃત - ૭ : આમાં એકસરખા નક્ષત્રોથી યુક્ત પૂર્ણિમા અને અમાવાસ્યાનું નિરૂપણ છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૮-૯ : આ બંનેમાં અનુક્રમે નક્ષત્રોના સંસ્થાન અને તારાઓનું વર્ણન છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૧૦ : આમાં વર્ષા, હેમંત તેમજ ગ્રીષ્મ ઋતુઓમાં માસ ક્રમાનુસાર નક્ષત્રોના યોગ તથા પૌરુષી પ્રમાણનું વર્ણન છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૧૧ : આમાં દક્ષિણ-ઉત્તર અને ઉભયમાર્ગે ચંદ્ર સાથે યોગ કરનારા નક્ષત્રો તથા નક્ષત્રરહિત ચંદ્રમંડળ, સૂર્યરહિત ચંદ્રમંડળ વગેરે વાતો છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૧૨ : આમાં નક્ષત્રોના દેવતા જણાવ્યા છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૧૩ : આમાં ૩૦ મુહૂર્તોના નામ આપ્યાં છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૧૪-૧૫ : આ બંનેમાં અનુક્રમે ૧૫ દિવસ તથા ૧૫ રાત્રિઓના તેમજ તેમની તિથિઓના નામ બતાવ્યા છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૧૬-૧૭ : આ બંનેમાં અનુક્રમે નક્ષત્રોના ગોત્ર તેમજ તે નક્ષત્રોમાં ભોજન-વિધાનનું નિરૂપણ છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૧૮ : આમાં એક એક યુગમાં ચંદ્ર-સૂર્ય સાથેના નક્ષત્રોના યોગનું વર્ણન છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૧૯ : આમાં સંવત્સરના માસ તથા લૌકિક અને લોકોત્તર માસના નામ આપ્યાં છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૨૦ : આમાં સંવત્સર, નક્ષત્ર સંવત્સર, યુગ સંવત્સર, પ્રમાણ સંવત્સર, લક્ષણ સંવત્સર તથા શનૈશ્વર સંવત્સરના પ્રકાર - પેટાપ્રકારનું નિરૂપણ છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૨૧ : આમાં નક્ષત્રોના દ્વાર વગેરે વિષે પાંચ પ્રતિપત્તિઓનું નિરૂપણ છે.

પ્રાભૃત-પ્રાભૃત - ૨૨ : આમાં બે-બે ચંદ્ર-સૂર્ય તથા તે બંનેની સાથે યોગ કરનારા નક્ષત્રો, તેમનો પાંચ પ્રકારના સંવત્સરમાં યોગ, તેમનું કાલપ્રમાણ વગેરે વર્ણન છે.

**પ્રાભૃત - ૧૧ :**

આમાં પાંચ પ્રકારના સંવત્સરોના આરંભ અને અંત તથા તેમાંના નક્ષત્રોના યોગનું નિરૂપણ છે.

**પ્રાભૃત - ૧૨ :**

આમાં પાંચ પ્રકારના સંવત્સરોના મુહૂર્ત, દિવસ-રાત વગેરે, છ ઋતુઓ, ક્ષયતિથિ-વૃદ્ધિતિથિ વગેરેના વર્ણન પછી પાંચ પ્રકારના સંવત્સરોના યોગ, યોગકાળ વગેરે વર્ણન છે.

**પ્રાભૃત - ૧૩ :**

આમાં કૃષ્ણ શુક્લ પક્ષમાં ચંદ્રની હાનિ-વૃદ્ધિ તથા ચંદ્ર-સૂર્યનો રાહુ સાથે યોગ વગેરે વર્ણન છે.

**પ્રાભૃત - ૧૪**

આમાં કૃષ્ણ-શુક્લ પક્ષમાં ચંદ્રપ્રકાશ અને અંધકારનું પ્રમાણ છે.

**પ્રાભૃત - ૧૫**

આમાં ચંદ્ર વગેરે જ્યોતિષી દેવોની ગતિ, મંડલગતિ, નક્ષત્રમાસ તેમજ ચંદ્રમાસ વગેરેમાં સૂર્ય વગેરેની મંડલગતિ તેમજ ચંદ્ર, સૂર્ય વગેરે ગ્રહોની એક યુગમાં મંડલગતિ વગેરે વર્ણન છે.

**પ્રાભૃત - ૧૬**

આમાં ચંદ્રિકા, તડકો તેમજ અંધકારના પર્યાયો આવ્યા છે.

**પ્રાભૃત - ૧૭**

આમાં ચંદ્ર-સૂર્યના ચ્યવન-મરણ તેમજ ઉપપાત-જન્મ વગેરે વિષે ૨૫ પ્રતિપત્તિઓનું નિરૂપણ છે.

**પ્રાભૃત - ૧૮**

આમાં ભૂમિથી ચંદ્ર, સૂર્ય વગેરેની ઊંચાઈનું પરિમાણ અને તે વિષે ૨૫ પ્રતિપત્તિઓ, જ્યોતિષી-દેવો, દ્વીપો વગેરેના એક બીજાથી અંતર તે દેવોની રાણીઓ વગેરે તેમજ તે રાણીઓની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ વગેરે વર્ણન છે.

**પ્રાભૃત - ૧૯**

આમાં ચંદ્ર-સૂર્યના પ્રકાશિત વિભાગ વિષે ૧૨ પ્રતિપત્તિઓ તેમજ લવણ સમુદ્ર, ધાતકીખંડ, કાલોદધિ, પુષ્કરદ્વીપ અને પુષ્કરાર્ધ વગેરેના સંસ્થાન, આયામ વગેરે તેમજ ત્યાંના ચંદ્ર-સૂર્ય વગેરેના વર્ણનને અંતે સ્વયંભૂરમણદ્વીપ પર્યન્ત વર્ણન છે.

**પ્રાભૃત - ૨૦**

આમાં ચંદ્ર-રાહુ-સૂર્ય ના નામ વિષયક, તેમના જઘન્ય-ઉત્કૃષ્ટ કાળ, માનવભોગોની તુલના અને ૮૦ ગ્રહોના નામ [illegible] અંતે આ પ્રજ્ઞપ્તિના પાત્ર-અપાત્ર અને વીરવંદનાથી ઉપસંહાર કરવામાં આવ્યો છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

# આગમ - ૧૮

## ગણિતાનુયોગ પ્રધાન જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ઉપાંગ સૂત્ર - ૧૯

અન્યનામ :- **જંબુદ્દીવપણ્ણત્તિ.**
અધ્યયન ------------------ ૧
વક્ષસ્કાર ------------------ ૭

ઉપલબ્ધ પાઠ ------------- ૪૧૪૬ શ્લોક પ્રમાણ
ગદ્યસૂત્ર -------------- ૧૭૮
પદ્યસૂત્ર --------------- ૫૨

### ૧) ભરતક્ષેત્ર વક્ષસ્કાર

આ ઉપાંગના આરંભે પરમેષ્ઠીને વંદના કરીને મિથિલા નગરીમાં ભગવાન મહાવીરનું સમવસરણ, ભગવાન ગૌતમ ગણધરની જિજ્ઞાસા, જંબૂદ્વીપના પ્રમાણ, સંસ્થાન વગેરે, એની જગતી, વિજયદ્વાર વગેરેના વર્ણન પછી ભરતક્ષેત્ર, દક્ષિણાર્ધ ભરત, વૈતાઢ્ય પર્વતના સ્થાન વગેરેના વર્ણન બાદ સિદ્ધાયતનકૂટ અને દક્ષિણાર્ધ ભરતકૂટ, દક્ષિણાર્ધ રાજધાની, ઉત્તરાર્ધ ભરત, ઋષભકૂટ પર્વત વગેરેનું વર્ણન છે.

### ૨) કાલ વક્ષસ્કાર

આમાં અવસર્પિણી-ઉત્સર્પિણી કાળના ભેદ એક મુહૂર્તના શ્વાસોચ્છ્વાસ, કાળના સ્તોક, લવ, મુહૂર્ત વગેરે તેમજ અન્ય પરિમાણ, ઔપમિક કાળ, સુષમ-સુષમા વગેરે કાળના ભેદ-પ્રભેદોનું વિસ્તૃત વર્ણન કરીને ઋષભદેવની ઉત્પત્તિથી માંડીને તેમજ કેવળજ્ઞાન પ્રાપ્તિ સુધીનું વર્ણન, તેમના ગણધર વગેરે, ભગવાન ઋષભદેવનો નિર્વાણકાળ, વિવિધ સ્થાનોએ અષ્ટાહ્નિકા મહોત્સવ, જિન-અસ્થિઓની સ્થાપના અને અર્ચના વગેરેના વિસ્તૃત વર્ણન પછી દુષમ-દુષમા કાળ અને ઉત્સર્પિણી કાળના મેઘ અને વર્ષાનું વર્ણન વગેરે નિરૂપણ છે.

### ૩) ભરતચક્રવર્તી વક્ષસ્કાર

આમાં ભરતના નામનો હેતુ, વિનીતા નગરી, ભરત ચક્રવર્તી, ચક્રરત્નોની ઉત્પત્તિ, છ ખંડની વિજયયાત્રા વગેરેનું વિસ્તૃત વર્ણન કરીને ૧૪ રત્નોના ઉત્પત્તિ સ્થાન, આયુધશાળા, ચક્ર વગેરે ચાર, છત્ર વગેરે ત્રણ, શ્રીધર સેનાપતિ વગેરે ચાર રત્નો અને અશ્વ, ગજ તેમજ સ્ત્રી રત્નોના ઉત્પત્તિસ્થાન બતાવ્યાં છે. તે પછી રત્ન, નિધિ, દેવ વગેરેથી માંડીને કુરાજ્યભિક્ષ વગેરેના રાજ્ય સુધી ૨૫ વિષયોની સંખ્યા બતાવી છે.

અંતે ભરતનું આત્મદર્શન અને નિર્વાણ તેમજ તેના શાશ્વત નામની વાત સાથે આ વક્ષસ્કાર પૂર્ણ થાય છે.

### ૪) ચુલ્લહિમવંત વક્ષસ્કાર

આમાં ચુલ્લ હિમવંત વર્ષધર પર્વતના સ્થાન, આયામ વગેરેના વર્ણન પછી પદ્મદ્રહ, પદ્મ, ગંગાનદી, ગંગાદ્વીપ, સિંધુનદી, સિંધુદ્વીપ, રોહિતાંશા નદી, રોહિતાંશા દ્વીપ, ચુલ્લ હિમવંતના ૧૧ કૂટ અને તેના સ્થાન, હૈમવંત ક્ષેત્ર અને તેના આયામ-વિષ્કંભ વગેરે, શબ્દાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વત અને તેના સ્થાન, આયામ વગેરે, મહાહિમવંત વિષધર પર્વત અને મહાપદ્મદ્રહ તેમજ તેના સ્થાન, આયામ વગેરે, રોહિતા નદી, હરિકાન્તા નદી અને દ્વીપ તથા હરિવર્ષ ક્ષેત્ર, વિકટાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વત વગેરે ઐરાવત વર્ષના સ્થાન વગેરેનું વિસ્તૃત વર્ણન છે.

### ૫) જિનજન્માભિષેક વક્ષસ્કાર

આમાં જિનના જન્મસમયે વિવિધ સ્થાનોમાંથી ૫૬ દિક્કુમારીઓનું આગમન, શક્રેન્દ્ર, ઈશાનેન્દ્ર વગેરેનું મેરુપર્વત પર આગમન, તીર્થોદક, ગંધોદક વગેરેથી અભિષેક, ગીત-નૃત્ય-વાજિંત્રોના સંગીત સાથે જન્મમહોત્સવની ઉજવણી, તીર્થંકરના ભવનમાં હિરણ્યથી ભંડાર ભરવા શક્રેન્દ્રનો વૈશ્રવણને આદેશ, તીર્થંકર અને તીર્થંકરની માતાનું અનિષ્ટ ન કરવાની ઘોષણા અને દેવો દ્વારા અષ્ટાહ્નિકા મહોત્સવનું વર્ણન છે.

### ૬) જંબૂદ્વીપ-ગત પદાર્થ સંગ્રહ વર્ણન વક્ષસ્કાર

આમાં જંબૂદ્વીપના પ્રદેશો, લવણ સમુદ્ર સાથે સ્પર્શન વગેરે વર્ણન કરી જંબૂદ્વીપના ૧૦ પદાર્થોનું વર્ણન છે. તે પછી જંબૂદ્વીપના વર્ગયોજન, વર્ષક્ષેત્ર, પર્વતો, કૂટો, તીર્થો, શ્રેણિઓ, ગુફાઓ, દ્રહો, નદીઓ વગેરે ૨૯ વિષયોનું વર્ણન છે.

### ૭) જ્યોતિષ્ક - વર્ણન વક્ષસ્કાર

આના આરંભે જંબૂદ્વીપના ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર અને તારા વિષે જણાવીને સૂર્યમંડળ, સૂર્યમંડળનું અંતર વગેરે સૂર્ય વર્ણન ૧૫ અધિકારોમાં કરીને, ચંદ્રમંડળ, ચંદ્રમંડળ વચ્ચેનું

Jain Education International 2010_03

For Private & Personal Use Only
www.jainelibrary.org

અંતર વગેરે ચંદ્રવર્ણનના સાત અધિકારો, નક્ષત્રમંડળ, નક્ષત્રમંડળનું અંતર વગેરે નક્ષત્રવર્ણનના સાત અધિકારો વર્ણવીને સંવત્સરના ભેદ-પ્રભેદો, લૌકિક તથા લોકોત્તર માસના નામો, દિવસ-રાત ના ૩૦ મુહૂર્તોના નામો, ૧૧ કરણો, ૧૦ યોગ, ૨૮ નક્ષત્રો અને પૌરુષી પ્રમાણ, ૧૬ અધિકાર વગેરેના વિસ્તૃત વર્ણન પછી અંતે મિથિલાના મણિભદ્ર ચૈત્યમાં ચતુર્વિધ સંઘ અને દેવ-દેવીઓ સમક્ષ ભગવાન મહાવીર દ્વારા પ્રજ્ઞપ્તિના પ્રતિપાદનથી ઉપસંહાર કર્યો છે.

## આગમ - ૧૯ થી ૨૩

### ધર્મકથાનુયોગમય નિરયાવલિકાદિ સૂત્ર - ૧૯ થી ૨૩

### પાંચ ઉપાંગ

'નિરય' એટલે નરકનો જીવ અર્થાત્ 'નારક' અને આવલિ એટલે 'શ્રેણિ' નારકોની શ્રેણિના વર્ણનરૂપ ગ્રન્થનું અન્યનામ નિરિયાવલિયા છે.

શ્રુતસ્કંધ ---------------------- ૧

અધ્યયન ---------------------- ૫૨

વર્ગ ---------------------- ૫

મૂલપાઠ ----------------------૧૧૦૦ શ્લોક પ્રમાણ

**૧. નિરયાવલિકા વર્ગ ''કપ્પિયા'' - 'કલ્પિતા'**

**(૧) અધ્યયન : કાલ**

આ અધ્યયનમાં આર્ય સુધર્મા સ્વામીનું સમવસરણ, ભગવાન જંબૂની જિજ્ઞાસા, ભગવાન મહાવીર દ્વારા ઉપાંગો વિષયક કથન, ઉપાંગના પાંચ વર્ગ અને પહેલા વર્ગના ૧૦ અધ્યયનોમાંના આ અધ્યયનમાં ચંપા નગરીના રાજા શ્રેણિક અને રાણી કાલીના પુત્ર કાલકુમારના યુદ્ધગમન અને મૃત્યુ પશ્ચાત્ ચોથા નરકમાં ગમન, નરકગમનના હેતુ તરીકે રાણી ચેલણાની દોહદ, કુણિકકુમારનો જન્મ, તેને ઉકરડામાં નાંખવાથી કૂકડા દ્વારા આંગળીમાં ચંચુઘાત, રાજા શ્રેણિકદ્વારા કુમારને ઉકરડામાંથી મંગાવવો, કુમારની આંગળી પાકવી, કોણિક નામકરણ , મોટા થઈને કોણિક દ્વારા રાજા શ્રેણિકને બંદી બનાવવા, ચેલણા દ્વારા કોણિકનું પૂર્વવૃત્તાંત કથન, પિતાને બંધનમુક્તિ, રાજા શ્રેણિક દ્વારા વિષપાન, કોણિકને બેહડના રાજકુમાર સાથે શત્રુતા થવી, બેહડકુમારની બાજુએથી રાજા ચેટકનું કોણિક સાથે યુદ્ધ અને તે યુદ્ધમાં કાલકુમાર વગેરે નવ રાજકુમારોનો સહયોગ, કાલકુમારનું મૃત્યુ પછી ચોથા નરકમાં ગમન ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં જન્મ, વૈરાગ્ય, પ્રવ્રજ્યા, સાધના અને અંતે નિર્વાણનું કથાનક- આર્ય સુધર્મા દ્વારા ભગવાન જંબૂસ્વામીને કહેવામાં આવ્યું છે.

**(૨-૧૦)** આ નવ અધ્યયનોમાં અનુક્રમે સુકાલ વગેરે નવ રાજકુમારોના ઉપર મુજબ વર્ણન છે.

**૨. કલ્પાવતંસિકા વર્ગ - કપ્પ વડિંસિયા**

**(૧) અધ્યયન : પદ્મ**

આ અધ્યયના આરંભે ૧૦ અધ્યયનોના નામ આપીને કાલકુમારની રાણી પદ્માવતીના પુત્ર પદ્મકુમારના ભગવાન મહાવીર પાસે પ્રવ્રજ્યા ગ્રહણ પછી રત્નત્રયની સાધના, સૌધર્મના ચંદ્રિમ વિમાનમાં ઉત્પત્તિ, દેવલોકમાંથી ચ્યવીને મહાવિદેહમાં જન્મ, વૈરાગ્ય, સાધના અને અંતે નિર્વાણનું વર્ણન છે.

**(૨-૧૦)** આ નવ અધ્યયનોમાં પહેલા વર્ગમાં વર્ણિત અને યુદ્ધમાં હણાયેલા અન્ય નવ શ્રેણિકકુમારોના પુત્રોના પ્રવ્રજ્યા ગ્રહણથી નિર્વાણ સુધીનું વર્ણન છે.

**૩. પુષ્પિકા વર્ગ - (પુપ્ફિયા - પુષ્પિતા)**

**(૧) અધ્યયન : ચંદ્ર**

આ વર્ગના આરંભે ૧૦ અધ્યયનના નામો આપીને રાજગૃહ નગરીના રાજા શ્રેણિક, ગુણશીલ ચૈત્ય, ભગવાન મહાવીરનું પદાર્પણ વગેરે વર્ણન પછી તારાપતિ ચંદ્રનું ભગવાન મહાવીરના દર્શનાર્થે આગમન અને પ્રત્યાગમન, ભગવાન ગૌતમ દ્વારા ચંદ્રના પૂર્વભવ સંબંધી જિજ્ઞાસાને તોષવા ભગવાન મહાવીર દ્વારા ચંદ્રના શ્રાવસ્તી નગરીમાં અંગતી નામે ભવમાં ભગવાનની ધર્મકથાનું શ્રવણ, સંયમ-સાધના વગેરેથી તેના નિર્વાણ પ્રાપ્ત કરવા સુધીની વાત કહેવામાં આવી છે.

**(૨) અધ્યયન : સૂર્ય**

ઉપરના અધ્યયન મુજબ વર્ણન પછી સૂર્યનો શ્રાવસ્તી નગરીમાં સુપ્રતિષ્ઠ નામે પૂર્વભવ, ભગવાન પાર્શ્વનાથ પાસે અણગાર પ્રવ્રજ્યા, સાધના વગેરેથી નિર્વાણ સુધીનું કથાનક છે.

**(૩) અધ્યયન : શુક્ર**

પહેલા અધ્યયન મુજબ વર્ણન પછી શુક્રના વારાણસીમાં સોમિલ નામના પૂર્વભવમાં ભગવાન પાર્શ્વનાથ પાસે શ્રાવકધર્મ સ્વીકૃતિ, પુનઃમિથ્યાત્વી, વાનપ્રસ્થ, તાપસ વગેરે

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**થઈને પુનઃ શ્રાવકધર્મની આરાધના, શુક્રાવતંસક વિમાનમાં ઉત્પત્તિથી નિર્વાણ સુધીનું કથાનક છે.**

**(૪) અધ્યયન : બહુપુત્રિકા**

આ અધ્યયનમાં રાજગૃહ, ગુણશીલ ચૈત્ય, શ્રેણિક રાજા, ભગવાન મહાવીરનું સમવસરણ, ધર્મદેશના વગેરે વર્ણન પછી બહુપુત્રિકા દેવીનું આગમન અને તેમના વિષે ભગવાન ગૌતમ ગણધર દ્વારા ભગવાન મહાવીર પાસે કરાયેલી જિજ્ઞાસાને સંતોષવા માટે ભગવાન મહાવીર દ્વારા બહુપુત્રિકાના વારાણસીના ભદ્ર શેઠની સુભદ્રા પત્ની નામેપૂર્વભવ, તેમાં અણગાર પ્રવ્રજ્યા, સંયમ, સૌધર્મકલ્પમાં બહુપુત્રિકા દેવી, દેવલોકમાંથી ચ્યવીને જંબૂદ્વીપના ભરતખંડમાં બિભેલના બ્રાહ્મણ કુળમાં જન્મ, નામ સોમા, વિવાહ, ૩ ર પુત્રોને જન્મ, અણગાર પ્રવ્રજ્યા વગેરે પછી નિર્વાણ સુધીના કથાનકનું વર્ણન છે.

**(૫) અધ્યયન : પૂર્ણભદ્ર**

આ અધ્યયનમાં રાજગૃહ નગરી, ગુણશીલ ચૈત્ય, ભગવાનનું સમવસરણ, ધર્મદેશના વગેરે વર્ણન પછી પૂર્ણભદ્ર દેવનું આગમન અને નાટ્ય પ્રદર્શન પછી ભગવાન ગૌતમ ગણધરની પૂર્ણભદ્ર દેવના પૂર્વભવ વિષયક જિજ્ઞાસા, ભગવાન મહાવીર દ્વારા પૂર્ણભદ્રના મણિવંતિકા નગરીમાં પૂર્ણભદ્રના ભવમાં કરેલા ધર્મશ્રવણ, અણગાર પ્રવ્રજ્યા વગેરેથી નિર્વાણ સુધીનું કથાનક કહેવાયું છે.

**(૬-૧૦)** આ પાંચ અધ્યયનોમાં નામાનુસાર અનુક્રમે મણિભદ્રના મણિવંતિકા નગરીમાં, દત્તના ચંદના નગરીમાં, શિવના મિથિલા નગરીમાં, બલના હસ્તિનાપુરમાં અને અનાધૃતના કાકંદી નગરીમાં થયેલા પૂર્વભવ અને તેમાં કરેલી સાધના વગેરેથી નિર્વાણ સુધીના કથાનક કહેવામાં આવ્યાં છે.

## ૪. પુષ્પચૂલા વર્ગ (પુપ્ફચૂલિયા - પુષ્પચૂલિકા)

**(૧) અધ્યયન : ભૂતા**

આ વર્ગના આરંભે ૧૦ અધ્યયનોના નામો આપીને પહેલા અધ્યયનમાં રાજગૃહ નગરી, ગુણશીલ ચૈત્ય, ભગવાન મહાવીરનું સમવસરણ, ધર્મદેશના વગેરે વર્ણન પછી શ્રી દેવીનું આગમન અને નાટ્યપ્રદર્શન પછી ભગવાન ગૌતમ ગણધરની શ્રીદેવીના પૂર્વભવ વિષે જિજ્ઞાસાના પ્રત્યુત્તરમાં ભગવાન મહાવીર દ્વારા શ્રીદેવીના રાજગૃહમાં સુદર્શન અને પ્રિયાની પુત્રી ભૂતા નામે પૂર્વભવ, તેમાં પુષ્પચૂલા સાધ્વીપાસે અણગાર પ્રવ્રજ્યા દરમિયાન કરેલી શ્રામણ્ય-વિરાધનાને લીધે સૌધર્મ કલ્પમાં ઉપપાત, ત્યાંથી ચ્યવન, મહાવિદેહમાં જન્મ અને અંતે નિર્વાણ વગેરે વર્ણન છે.

**(૨-૧૦)** આ નવ અધ્યયનોમાં અનુક્રમે હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી, ઈલા, સુરા, રસદેવી અને ગંધદેવી નામની અન્ય નવ દેવીઓના પૂર્વભવમાં પુષ્પચૂલા સાધ્વી પાસે પ્રવ્રજ્યા, શ્રામણ્ય-વિરાધના અને શેષ વર્ણન પહેલા અધ્યયન મુજબ છે.

## ૫. વહ્નિદશા વર્ગ (વૃષ્ણિદશા)

**(૧) અધ્યયન : નિષઢ**

આ વર્ગના આરંભે ૧ ૨ અધ્યયનોના નામો આપીને પહેલા અધ્યયનમાં દ્વારિકામાં શ્રીકૃષ્ણના શાસન સમયે બલરામ અને રેવતીના ૧ ૨ કુમારોમાં જ્યેષ્ઠ નિષઢકુમારની ભગવાન અરિષ્ટનેમિનાથના સમવસરણ પછી ધર્મદેશના, શ્રાવકધર્મ, અણગાર વીરદત્તની ભગવાન અરિષ્ટનેમિનાથ પાસે નિષઢકુમારના પૂર્વભવ વિષે જિજ્ઞાસા, પૂર્વભવમાં નિષઢકુમાર રોહીડા નગરના રાજા મહાબલ અને રાણી પદ્માવતીનો વીરંગતકુમાર, આચાર્ય સિદ્ધાર્થની ધર્મદેશના પછી વૈરાગ્ય, અણગાર પ્રવ્રજ્યા, સંયમસાધના, મનોરમ વિમાનમાં ઉપપાત અને દેવલોકમાંથી ચ્યવીને નિષઢકુમાર તરીકે વર્તમાન જન્મ નિષઢકુમારની પ્રવ્રજ્યા, સંયમસાધના, દેહત્યાગથી મહાવિદેહમાં જન્મ અને નિર્વાણ સુધીનું વર્ણન છે.

**(૨-૧૨)** આ ૧૧ અધ્યયનોમાં બલરામ અને રેવતીના અન્ય ૧૧ રાજકુમારોના પૂર્વભવ અને વર્તમાન સાધના તેમજ અંતે નિર્વાણ સુધીના કથાનકો છે.

**આ નિરયાવલિકાદિ ઉપાંગમાં એક શ્રુતસ્કંધ અને પાંચ વર્ગો છે. તેના ચાર વર્ગોમાં ૧૦-૧૦ ઉદ્દેશકો છે જ્યારે પાંચમાં ઉદ્દેશકમાં ૧ ૨ ઉદ્દેશકો છે. આમ કુલ ૫ ૨ ઉદ્દેશકો છે.**

Jain Education International 2010_03

For Private & Personal Use Only
www.jainelibrary.org

# આગમ - ૨૪ થી ૩૩

## ચરણાનુયોગમય દસ પ્રકીર્ણક - ૨૪ થી ૩૩

| ક્રમ | પ્રકીર્ણક | | ગાથા |
|---|---|---|---|
| ૧. | દેવેન્દ્રસ્તવ | ----- | ૩૦૭ |
| ૨. | તંદુલ વૈચારિક | ----- | ૧૩૮ |
| ૩. | ચંદાવિજય | ----- | ૧૩૭ |
| ૪. | ગણિવિદ્યા | ----- | ૮૨ |
| ૫. | મરણસમાધિ | ----- | ૬૬૩ |
| ૬. | આતુર પ્રત્યાખ્યાન | ----- | ૭૦ |
| ૭. | મહાપ્રત્યાખ્યાન | ----- | ૧૪૭ |
| ૮. | સંસ્તારક | ----- | ૧૨૩ |
| ૯. | ચતુશ્શરણ | ----- | ૬૩ |
| ૧૦. A | ભક્તપરિજ્ઞા | ----- | ૧૭૨ |
| ૧૦. B | ગચ્છાચાર | ----- | ૧૩૭ |

**૧. દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક** - આમાં જિનવંદના પછી પતિ-પત્ની દ્વારા ભગવાન મહાવીરની સ્તુતિ અને ૩૨ ઈન્દ્રો વિષે છ પ્રશ્નોના ઉત્તરો છે. ૨૦ ભવનેંદ્રો અને ૧૨ દેવેન્દ્રોની સ્થિતિ તેમજ અધિકાર, ભવનો તથા વિમાનોની લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ વગેરે, અવધિજ્ઞાનનું ક્ષેત્ર તેમજ ભવનપતિદેવોનું વર્ણન છે.

તે પછી આઠ વ્યંતર દેવો અને પાંચ જ્યોતિષી દેવો તથા દેવલોક, ગ્રૈવેયક અનુત્તર દેવો વગેરેની સ્થિતિ, વિમાનો વગેરેના ઉપર પ્રમાણે વર્ણન છે. વળી દેવતાઓમાં લેશ્યા, એની અવગાહનાં, ગંધ વગેરે વર્ણનના અંતે ઈષત્પ્રાગ્ભારાના વર્ણનમાં સિદ્ધોનું વર્ણન છે.

**૨. તંદુલ વૈચારિક પ્રકીર્ણક** - આમાં ભગવાન મહાવીરની વંદના પછી ૧૦૦ વર્ષની આયુવાળાના ૧૦ વિભાગો, ગર્ભસ્થ જીવોના દિવસ-રાત, મુહૂર્ત વગેરે, તિર્યંચોના ઉત્કૃષ્ટ ગર્ભસ્થિતિ કાળ, ગર્ભસ્થ જીવની નરકગતિ વગેરે, ગર્ભાવસ્થા, ત્રણ પ્રકારે પ્રસવ, ગર્ભસ્થ જીવની ૧૦ દશાઓ, અનુક્રમે (૧) બાળદશા, (૨) ક્રીડા દશા, (૩) મંદા દશા (૪) બલા દશા (૫) પ્રજ્ઞા દશા (૬) હાયની દશા (૭) પ્રપંચા દશા (૮) પ્રાગ્ભારા દશા, (૯) ઉન્મુખી દશા અને (૧૦) શાયની દશા - નું વર્ણન, ધર્માચરણ અને અપ્રમાદના ઉપદેશો, અંગોપાંગનું પ્રમાણ વગેરે વર્ણન કરીને અંતે ધર્મનું ફળ બતાવ્યું છે.

**૩. ચંદાવિજય અધ્યયન -**

આ પ્રકીર્ણકમાં આરંભે સિદ્ધ ભગવંતો તેમજ અરિહંત પરમાત્માને નમસ્કાર કરીને વિનય વગેરે ને મોક્ષ માર્ગના દર્શક જિનાગમોના સાર તરીકે બતાવીને પછીની ગાથાઓમાં વિનયના ગુણો, આચાર્યના ગુણો, શિષ્યના ગુણો તેમજ તેની પરીક્ષા તેમજ, વિનયનિગ્રહ ગુણો અને તેના વિશેષ લાભો જ્ઞાન ગુણને ચારિત્રનો હેતુ જણાવી જ્ઞાન ગુણવિશે જ્ઞાન ગુણનો મહિમા બતાવીને સમ્યકક્રિયા અને ચારિત્ર શુદ્ધિ તેમજ તે પછીની ગાથાઓમાં મરણગુણ વિષયક વર્ણનમાં સમ્યક્ત્વ, ચારિત્રશુદ્ધિ અને સમ્યગ્ જ્ઞાનની પ્રશંસા કરીને અંતે બે ગાથાઓમાં ઉપરોક્ત ગુણોને આચારામાં મૂકવાથી મુક્તિ પદ મળે છે એમ ઉપસંહાર કર્યો છે.

**૪. ગણિવિદ્યા પ્રકીર્ણક** - આમાં તિથિ, નક્ષત્ર વગેરે નવ પ્રકારના બળ, તિથિઓના નામ, દીક્ષા વગેરેમાં ગ્રાહ્ય-નિષિદ્ધ તિથિઓ તેમજ જ્ઞાનવૃદ્ધિ, લોચ, ગણિ-વાચકપદ, સ્થિરકાર્ય-શીઘ્રકાર્ય સંપાદન, તપારંભ, મૃદુકાર્ય-સંઘકાર્ય વગેરે માટે શ્રેષ્ઠ નક્ષત્રોના વર્ણન પછી છાયા-મુહૂર્ત, ત્રણ પ્રકારના શુકન અને નિમિત્તના નિરૂપણને અંતે નવ બળોમાં ઉત્તરોત્તર બલવત્તાના વિધાનથી ઉપસંહાર કરવામાં આવ્યો છે.

**૫. મરણસમાધિ પ્રકીર્ણક** - આમાં મંગલાચરણ અને અભ્યુદ્યત મરણના કથન પછી ત્રણ પ્રકારની આરાધના, આહાર ગ્રહણ-અગ્રહણના છ કારણો, પંડિત-મરણ માટે ઉપદેશ, પાંચ સંક્લિષ્ટ ભાવનાઓનો ત્યાગ, આલોચના વગેરે ૧૪ પ્રકારના વિધિ, ઉપસ્થાપનાના ૧૦ સ્થાન, ૧૨ પ્રકારના તપનું આચરણ, નિત્યભોજી જ્ઞાનીની અધિક નિર્જરા, જ્ઞાનમહિમા, સંલેખનાના બે ભેદ, આલોચના વગેરેના વર્ણનને અંતે આ લોકમાં સર્વત્ર સર્વયોનિઓમાં જન્મ-મરણની વાતથી ઉપસંહાર કરવામાં આવ્યો છે.

**૬. આતુર - પ્રત્યાખ્યાન પ્રકીર્ણક** - આમાં બાલ પંડિત મરણની વ્યાખ્યા, દેશવિરતિ, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત, સંલેખના, જિનવંદના, ગણધર-વંદના, ૧૮ પાપોનો ત્યાગ, ત્રણ પ્રકારના મરણ, બોધિ-દુર્લભતા, બોધિ-સુલભતા વગેરે વર્ણન પછી મુક્ત થવાની યોગ્યતાનું વર્ણન છે.

**૭. મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક** - આમાં અરિહંત, સિદ્ધ અને સંયતને વંદના, સર્વવિરતિ, ક્ષમાયાચના, પ્રતિક્રમણ, પંચમહાવ્રત રક્ષા, કર્મક્ષય, ચાર પ્રકારની આરાધના, ધીર-અધીરનું મૃત્યુ, જઘન્ય-ઉત્કૃષ્ટ - સમ્યક્ આરાધનાનું ફળ વગેરે વર્ણવવામાં આવ્યાં છે.

**૮. સંસ્તારક પ્રકીર્ણક** - આમાં પ્રશસ્ત-અપ્રશસ્ત, અનશન (સંસ્તારક), યથાર્થ અનશન, તેનો મહિમા, અનુમોદના, લાભો વગેરે બતાવીને ભૂતકાળમાં અનશન કરનારા મહાત્માઓનાં સંક્ષિપ્ત જીવનચરિત્ર વર્ણવીને, અનશનથી કર્મક્ષય, મોક્ષ વગેરે મહિમા બતાવ્યો છે.


Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**૯. કુશલાનુ બંધિઅધ્યયન (ચતુસ્સરણ પ્રકીર્ણક)** - આમાં છ આવશ્યક, સામાયિક આવશ્યક દ્વારા ચારિત્ર શુદ્ધિ, ચતુર્વિંશતિ જિન-સ્તવદ્વારા દર્શન શુદ્ધિ, વંદના આવશ્યક દ્વારા જ્ઞાનશુદ્ધિ, પ્રતિક્રમણ દ્વારા જ્ઞાન, દર્શન, અને ચારિત્રની શુદ્ધિ, કાયોત્સર્ગ દ્વારા તપશુદ્ધિ, પચ્ચખાણ દ્વાર વીર્યશુદ્ધિ, ૧૪ સ્વપ્નોની ગણના, ત્રણ કર્તવ્યો, ચાર શરણા (ચતુશ્શરણા) અર્હત્ - સિદ્ધ - સાધુ - ધર્મ, દુષ્કૃત નિંદાઅને સુકૃત અનુમોદના ના વિષયો વર્ણિત છે.

**૧૦. ભક્તપરિજ્ઞા પ્રકીર્ણક** - આમાં ભગવાન મહાવીરની વંદના અને જિન શાસનની સ્તુતિ પછી ભક્તપરિજ્ઞાના બે ભેદ, તેનું કથન અને ઉપાદેયતા વગેરે વર્ણન પછી સુખવિવેચન, શીતલ ક્વાયપાન, મધુર વિરેચન, ચાર પ્રકારના પ્રશસ્ત રાગ, દર્શનભ્રષ્ટ અને ચારિત્રભ્રષ્ટમાં અંતર, નવકાર મંત્ર આરાધના ફળ, જ્ઞાનમહિમા, પાંચ મહાવ્રતો, સાધકની ચાર કામનાઓ વગેરે વર્ણનો પછી અંતે ભક્ત પરિજ્ઞાનું ફળ વગેરે વર્ણન છે.

**૧૦. ગચ્છાચાર પ્રકીર્ણક** - આમાં ભગવાન મહાવીરની વંદના પછી ઉન્માર્ગ ગામીઓનું ભવભ્રમણ, શ્રેષ્ઠ ગચ્છ તેમજ શ્રેષ્ઠ - નિકૃષ્ટ આચાર્ય અને શિષ્યના લક્ષણો, આહાર ગ્રહણના છ કારણો, શ્રેષ્ઠ મુનિના લક્ષણ, મૂલગુણ ભ્રષ્ટ મુનિના લક્ષણો, શ્રેષ્ઠ - નિકૃષ્ટ ગચ્છ તેમજ શ્રેષ્ઠ - નિકૃષ્ઠ સાધ્વીના લક્ષણો વગેરે વર્ણન છે.

## આગમ ૩૪

ચરણાનુયોગમય નિશીથસૂત્ર - ૩૪

ઉદ્દેશક ------------------ ૨૦

ઉપલબ્ધ મૂલપાઠ -------- ----૮૧૨ શ્લોક પ્રમાણ

ગદ્યસૂત્ર ------ ---------૧૪૦૫

| ઉદ્દેશક | સૂત્રસંખ્યા | ઉદ્દેશક | સૂત્રસંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૫૮ | ૧૧ | ૯૨ |
| ૨ | ૫૯ | ૧૨ | ૪૨ |
| ૩ | ૭૯ | ૧૩ | ૭૪ |
| ૪ | ૧૧૧ | ૧૪ | ૪૫ |
| ૫ | ૭૭ | ૧૫ | ૧૫૪ |
| ૬ | ૭૭ | ૧૬ | ૫૦ |
| ૭ | ૯૧ | ૧૭ | ૧૫૧ |
| ૮ | ૧૭ | ૧૮ | ૬૪ |
| ૯ | ૨૮ | ૧૯ | ૩૬ |
| ૧૦ | ૪૭ | ૨૦ | ૫૩ |
| | ૬૪૪ | | ૭૬૧ |
| | | | + ૬૪૪ |
| | | | ૧૪૦૫ |

ઉદ્દેશક : ૧

આમાં બ્રહ્મચર્ય મહાવ્રત ભંગ, સુગંધ ગ્રહણ, અન્ય તીર્થિક કે ગૃહસ્થ પાસે કામ કરાવવું જેવાં કે માર્ગ, પાણીની નળી, શીકુ, દોરી, સૂતર કે ઊનના દોરા વગેરે બનાવડાવવા તેમજ સોય, કાતર, નખહરણી, કર્ણ-શોધની, પાત્ર, દંડ, વસ્ત્ર, સદોષ આહાર વગેરે વિષેના પ્રાયશ્ચિત્ત છે.

ઉદ્દેશક : ૨

આમાં પહેલા ઉદ્દેશક પ્રમાણેના કેટલાક તદુપરાંત દ્વિતીય મહાવ્રત, તૃતીય મહાવ્રત, એષણા-સમિતિ અને પરિભોગૈષણા વગેરે જુદા-જુદા પ્રાયશ્ચિત્તો છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદ્દેશક : ૩

આમાં એષણા-સમિતિના પ્રાયશ્ચિત્ત જેવાં કે એક જ ઘરમાં બે વાર ભિક્ષાર્થે જવું, આહારની યાચના વગેરે, પગ ધોવા અને શરીરના સંસ્કાર, વશીકરણ યંત્ર બનાવવું, મળ-મૂળત્યાગ સંબંધી અવિવેક વગેરે બ્રહ્મચર્ય મહાવ્રતના પ્રાયશ્ચિત્ત છે.

ઉદ્દેશક : ૪

આમાં રાજા વગેરેને વશ કરવાથી માંડીને કલહ કરવો, પરસ્પર શરીરસંસ્કાર વગેરે વિવિધ વિષયો જણાવી અંતે પરિહાર કલ્પવાળા સાથે આહાર-વ્યવહારના પ્રાયશ્ચિત્ત છે.

ઉદ્દેશક : ૫

આમાં અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે કામ કરાવવાં, વસ્ત્ર સીવડાવવાં, રજોહરણના અનુચિત ઉપયોગ વગેરે ૧૫ જેટલી બાબતોના પ્રાયશ્ચિત્ત છે.

ઉદ્દેશક : ૬-૭

આ બંનેમાં મૈથુન સંકલ્પે નિર્ગ્રંથી સાથે મર્યાદા બહારના વ્યવહાર માટેના પ્રાયશ્ચિત્ત છે.

ઉદ્દેશક : ૮

આમાં એકલવયાથી સ્ત્રી સાથે મર્યાદા બહારનો વ્યવહાર, સ્ત્રી પરિષદમાં કસમયે ધર્મકથા વગેરે સાત કર્મોના પ્રાયશ્ચિત્ત છે.

ઉદ્દેશક : ૯

આમાં છ દોષાયતનોમાં આવાગમન, સ્ત્રી અંગદર્શન, માંસાહાર, રાજ્યાશ્રિત પરિવાર પાસે આહારગ્રહણ વગેરે માટે જુદા-જુદા પ્રાયશ્ચિત્ત બતાવ્યાં છે.

ઉદ્દેશક : ૧૦

આમાં ગુરુજનો સાથે અવિનય, સદોષ આહાર, દીક્ષાર્થીને મિથ્યા પરામર્શ, દોષાનુસાર પ્રાયશ્ચિત્ત ન કરવા, વર્ષાવાસ સંબંધી નિયમોનો ભંગ વગેરે માટે પ્રાયશ્ચિત્ત બતાવ્યાં છે.

ઉદ્દેશક : ૧૧

આમાં પાત્રસંબંધી મર્યાદાઓનો ભંગ કરવો, ધર્મનિંદા, શરીરસંસ્કાર, દિવાભોજન નિંદા, અયોગ્ય વ્યક્તિ પાસે સેવા કરાવવી કે તેવાની સેવા કરવી, બાલ-મરણ વગેરેના પ્રાયશ્ચિત્ત છે.

ઉદ્દેશક : ૧૨

આમાં પ્રાણિવધ કે પ્રાણિમુક્તિ, પ્રત્યાખ્યાન - ભંગ, છ કાયિકની હિંસા, સદોષ-કાલાતિક્રમ - ક્ષેત્રાતિક્રમ આહારગ્રહણ, મહાનદી વારંવાર ઓળંગવી વગેરેના પ્રાયશ્ચિત્ત છે.

ઉદ્દેશક : ૧૩

આમાં અયોગ્ય સ્થાનમાં કાયોત્સર્ગ, અન્ય તીર્થિક કે ગૃહસ્થોના વિવિધ અનુચિત કાર્ય કરવાં, પાર્શ્વસ્થ વગેરેની વંદના-પ્રશંસા વગેરેના પ્રાયશ્ચિત્ત છે.

ઉદ્દેશક : ૧૪

આમાં પાત્રસંબંધી નિયમોના ભંગ બદલ કરવાના પ્રાયશ્ચિત્તો છે.

ઉદ્દેશક : ૧૫

આમાં ભિક્ષુ-ભિક્ષુણી સાથે અપ્રિય વચન અને વ્યવહાર, અન્ય દ્વારા શરીર સંસ્કાર, નિષિદ્ધ સ્થાનોમાં મળમૂત્ર ત્યાગ, નિષિદ્ધ વસ્ત્ર ગ્રહણ વગેરે માટે પ્રાયશ્ચિત્ત છે.

ઉદ્દેશક : ૧૬

આમાં નિવાસના નિયમોનો ભંગ કરવો, સચિત્ત શેરડી ભક્ષણ, સંયમી સાથે દુર્વ્યવહાર અને અસંયમી સાથે સદ્વ્યવહાર, નિષિદ્ધ સ્થાનો પર આહારગ્રહણ કે મળમૂત્ર ત્યાગ, જરૂરિયાત કરતાં વધારે સાધનો રાખવા વગેરેના પ્રાયશ્ચિત્ત છે.

ઉદ્દેશક : ૧૭

આમાં કુતૂહલાર્થ કાર્ય કરવાં, નિર્ગ્રંથ કે નિર્ગ્રંથીના પરસ્પર શરીરસંસ્કાર, આહાર-જળ સંબંધી નિયમોનો ભંગ, મનોરંજનાર્થ ગાયન, વાજિંત્ર વગેરેનું શ્રવણ જેવા દોષોના પ્રાયશ્ચિત્ત છે.

ઉદ્દેશકા : ૧૮

આમાં નૌકા આરોહણ સંબધી તેમજ વસ્ત્રસંબંધી નિયમોના ભંગ કરવા બદલ પ્રાયશ્ચિત્ત છે.

ઉદ્દેશક : ૧૯

આમાં ખરીદેલી પ્રાસુક વસ્તુગ્રહણ, અધિક આહાર, ચાર સંધ્યામાં સ્વાધ્યાય, ચાર મહોત્સવો તેમજ ચાર પ્રતિપદાઓમાં સ્વાધ્યાય, શ્રુતસ્વાધ્યાય વિષયક નિયમોનો ભંગ વગેરે માટેના પ્રાયશ્ચિત્ત છે.

ઉદ્દેશક : ૨૦

આમાં નિષ્કપટ-સકપટ આલોચના નિમિત્તે કરવાના પ્રાયશ્ચિત્ત બતાવ્યાં છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

# આગમ ૩૫

## મહાનિશીથ શ્રુતસ્કંધ સૂત્ર

**અધ્યયન -----** ૬

**ઉદ્દેશક -----** ૧૬(?)

ઉપલબ્ધ મૂલપાઠ ----- ૪૫૦૪ શ્લોક પ્રમાણ

### (૧) અધ્યયન: શલ્યોદ્ધરણ

આમાં અરિહંતોને નમસ્કાર કરીને શાસ્ત્રોનું પ્રયોજન બતાવીને આવશ્યક નિર્યુક્તિની ઉદ્ધૃત ગાથાઓ અને દશવૈકાલિકની ઉદ્ધૃત ગાથાઓનું વિવરણ કરીને અંતે પોતાનો અપરાધ છુપાવનાર દુર્ગતિ પામે છે એમ જણાવ્યું છે.

### (૨) અધ્યયન : કર્મવિપાકવિવરણ

આના પ્રથમ ઉદ્દેશકમાં જીવોનાં દુ:ખોનું વર્ણન છે.

(ઉદ્દેશકો ૨-૫ લુપ્ત લાગે છે.)

છઠા ઉદ્દેશકમાં શારીરિક તથા અન્ય દુ:ખોનું વર્ણન કરીને આશ્રવદ્વારના નિરોધથી જ દુ:ખોનો અંત થાય છે એમ જણાવ્યું છે.

સાતમાં ઉદ્દેશકમાં સ્ત્રી-વર્ણન સંબંધી ગૌતમ સ્વામી અને ભગવાન મહાવીરનો સંવાદ, પરિગ્રહના દોષ, શ્રમણધર્મ, શ્રાવકધર્મ વગેરે વર્ણન છે.

### (૩) અધ્યયન :

આ અધ્યયનના ઉદ્દેશક ૧ અને ૨ આપવામાં આવ્યા નથી. પણ લખ્યું છે કે ''તે બે નો સમાવેશ સામાન્ય વાચનમાં છે. એ બધું યોગ્ય વ્યક્તિ માટે છે, અયોગ્ય માટે નહિ.'' વળી આગળ જણાવ્યું છે કે.''આ બધું વિચ્છેદ પામ્યું હતું. વજસ્વામીએ ઉદ્ધાર કરીને મૂળ સૂત્રોમાં લખ્યું. આચાર્ય હરિભદ્રે ખંડિત હસ્તપ્રતના આધારે ઉદ્ધાર કર્યો છે. ત્રુટિ જણાય તો દોષ આપતા નહિ.'' વગેરે વગેરે.

### (૪) અધ્યયન :

આમાં કુસંગના દૃષ્ટાંત રૂપે સુમતિની કથા આપીને સારરૂપે જણાવ્યું છે કે કુશીલ સંસર્ગથી અનંત સંસારભ્રમણ અને કુશીલ સંસર્ગ ત્યાગવાથી સિદ્ધિ મળે છે.

અંતે પૂજ્ય આચાર્ય હરિભદ્રસૂરિજીનો મત છે કે ચોથા અધ્યયનના કેટલાક આલાપકો શ્રદ્ધેય નથી, છતાં ય વૃદ્ધવાદના અનુસાર એમાં શંકા કરવી નહિ. વળી આ અધ્યયનની મૂળવાતનું સમર્થન સ્થાનાંગસૂત્ર વગેરેમાં મળતું નથી.

### (૫) અધ્યયન : નવનીતસાર

આ અધ્યયનમાં ગચ્છમાં કેવી રીતે રહેવું એની ચર્ચા કરી તીર્થયાત્રાથી સાધુઓનો અસંયમ, ૧૦ આશ્ચર્યો વગેરેનું વર્ણન છે.

### (૬) અધ્યયન : ગીતાર્થવિહાર

આ અધ્યયનમાં દસ પૂર્વી નંદિષેણનું વેશ્યાગૃહમાં જવું, પ્રાયશ્ચિત્ત વિધિ, મેઘમાલાનું દૃષ્ટાંત, રજ્જા આર્યકાનું દૃષ્ટાંત, અ-ગીતાર્થ વિષયમાં લક્ષણાર્યાનું દૃષ્ટાંત વગેરે વર્ણન છે.

### દ્વિતીય ચૂલિકા :

આમાં વિધિપૂર્વક ધર્માચરણની પ્રશંસા અને ચૈત્યવંદન સંબંધી પ્રાયશ્ચિત્ત, સ્વાધ્યાયમાં બાધા ઉપજાવવા માટેનું પ્રાયશ્ચિત્ત, પ્રાયશ્ચિત્તના સૂત્રોના વિચ્છેદની ચર્ચા, જલ વગેરેમાં રક્ષા કરનારા વિદ્યામંત્રોની ચર્ચા, સુષઢની કથા અને રાજકુળની બાલિકાની કથા પણ ત્તિબેમિ પદથી આ આગમની સમાપ્તિ કરી છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

## આગમ - ૩૬

ચરણાનુયોગમય બૃહત્કલ્પસૂત્ર - ૩૬

ઉદ્દેશક -------------------- ૬
અધિકાર --------------------૮૧
ઉપલબ્ધ મૂલપાઠ ---------------૪૭૩ શ્લોક પ્રમાણ
સૂત્રસંખ્યા ------------------૨૦૬

| ઉદ્દેશક | અધિકાર | સૂત્રસંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૪ | ૫૧ |
| ૨ | ૭ | ૨૫ |
| ૩ | ૧૬ | ૩૧ |
| ૪ | ૧૬ | ૩૭ |
| ૫ | ૧૧ | ૪૨ |
| ૬ | ૭ | ૨૦ |
| | ૮૧ | ૨૦૬ |

ઉદ્દેશક : ૧

આમાં એષણા-સમિતિ અંતર્ગત ગ્રહણૈષણાના આહાર કલ્પ, પરિભોગૈષણાના ઉપાશ્રયકલ્પ, પાત્ર કલ્પ અને વસ્ત્રકલ્પ, સ્થાનૈષણાનો આચાર કલ્પ, ગવેષણાનો વસતિ-ઉપાશ્રય કલ્પ તેમજ પરિભોગૈષણાના વસતિ-કલ્પ વગેરે વિધિ-નિષેધ અને સંઘવ્યવસ્થા જણાવી છે.

ઉદ્દેશક : ૨

આમાં ઉપરના પહેલા ઉદ્દેશકની કેટલીક બાબતો ઉપરાંત વસ્ત્ર પરિભોગૈષણા, રજોહરણ પરિભોગૈષણાના પાંચ-પાંચ પ્રકારો જણાવ્યા છે.

ઉદ્દેશક : ૩

આમાં સંઘવ્યવસ્થા, એષણા-સમિતિ ચર્મકલ્પ, વસ્ત્રકલ્પના ગ્રહણૈષણા અને પરિભોગૈષણા તેમજ એષણા સમિતિ-વસતિ કલ્પ, ભિક્ષાચર્યા ક્ષેત્રની મર્યાદા વગેરે વિધિ-નિષેધ જણાવ્યા છે.

ઉદ્દેશક : ૪

આમાં પ્રાયશ્ચિત્ત વિષયક જુદી-જુદી વાતો જણાવી સંઘવ્યવસ્થા, ગણ-સંક્રમણ, અન્ય ગણનું અધ્યાપન, કલહશાંતિ, વૈયાવૃત્ય વિધિ, વર્ષા-હેમંત-ગ્રીષ્મ ઋતુઓમાં રહેવાના વિધિ જણાવ્યા છે.

ઉદ્દેશક : ૫

આમાં ચતુર્થ મહાવ્રત પ્રાયશ્ચિત્તમાં દેવ-દેવી, પશુ-પક્ષી સ્પર્શ, રોગચિકિત્સા, નિર્ગ્રંથ-નિર્ગ્રંથીઓ, વગેરે માટે વિવિધ વિધિ-નિષેધો છે.

ઉદ્દેશક : ૬

આમાં ભાષા-સમિતિના છ વચનો, પ્રાયશ્ચિત્તના છ પ્રસંગો, કલ્પ-મર્યાદાના છ કારણ, કલ્પસ્થિતિ ચારિત્રના છ પ્રકારો સાથે આ છેદસૂત્રનો ઉપસંહાર કરવામાં આવ્યો છે.

## આગમ - ૩૭

ચરણાનુયોગમય વ્યવહારસૂત્ર - ૩૭

ઉદ્દેશક --------------------૧૦
ઉપલબ્ધ મૂલપાઠ --------------૩૭૩ શ્લોક પ્રમાણ
સૂત્રસંખ્યા -------------------૨૬૭

| ઉદ્દેશક | સૂત્રસંખ્યા |
|---|---|
| ૧ | ૩૪ |
| ૨ | ૩૦ |
| ૩ | ૨૯ |
| ૪ | ૩૨ |
| ૫ | ૨૧ |
| ૬ | ૯ |
| ૭ | ૨૩ |
| ૮ | ૧૪ |
| ૯ | ૪૫ |
| ૧૦ | ૩૦ |
| | ૨૬૭ |

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉદ્દેશક : ૧ - આમાં નિષ્કપટ - સકપટ આલોચનાના** પ્રાયશ્ચિત્ત, ગણપ્રદેશ, પશ્ચાત્તાપીને **પુનઃ દીક્ષા વગેરે વર્ણન છે.**

**ઉદ્દેશક : ૨** - આમાં રુગ્ણ પરિહાર કલ્પસ્થિતના દોષ સેવનનું વર્ણન, ગણાવચ્છેદક પદ, પરિહાર્ય કલ્પ અને આહાર-વ્યવહાર, સ્થવિરસેવા વગેરે વાતો છે.

**ઉદ્દેશક : ૩** - આમાં ગણપ્રમુખ, ઉપાધ્યાય-પદ, આચાર્ય-ઉપાધ્યાય-પદ, ગણાવચ્છેદક-પદ, મૈથુનસેવી અને મૃષાવાદી ભિક્ષુને પ્રમુખ વગેરે વિષે ચર્ચા છે.

**ઉદ્દેશક : ૪** - આમાં વિહાર અને વર્ષાવાસ સંબંધી મર્યાદાઓ, સંઘ સંમેલન, વિવિધ પ્રાયશ્ચિત્તો, વિનયભક્તિ, વંદન વ્યવહાર વગેરેનું વર્ણન છે.

**ઉદ્દેશક : ૫** - આમાં નિર્ગ્રંથીઓની વિહારમર્યાદા, તેમનો વર્ષાવાસ, સંઘસંમેલન, પ્રમુખ-પદ, વૈયાવૃત્ય-સેવા, સર્પ-દંશ ચિકિત્સા વગેરેનું વર્ણન છે.

**ઉદ્દેશક : ૬** - આમાં મોહવિજય અને ગવેષણા, આચાર્ય અને ઉપાધ્યાયના પાંચ તેમજ ગણાવચ્છેદકના બે અતિશયો, અલ્પશ્રુત-બહુશ્રુત, પ્રાયશ્ચિત્ત સૂત્ર વગેરેનું વર્ણન છે.

**ઉદ્દેશક : ૭** - આમાં અન્ય ગણના નિર્ગ્રંથ - નિર્ગ્રંથીઓનો સમાવેશ તથા સંબંધ-વિચ્છેદ, દીક્ષા, વિહાર, ક્ષમાયાચના, સ્વાધ્યાય, તથા વાચના આપવી, સાધ્વીને આચાર્ય-ઉપાધ્યાય-પદ, મૃત શરીરનો વિધિ, રાજ્યપરિવર્તન પ્રસંગે નવા રાજાની આજ્ઞા લેવી વગેરે બાબતો છે.

**ઉદ્દેશક : ૮** - આમાં વસતિ-નિવાસ, શય્યા-સંસ્તારક, સ્થવિરોના ઉપકરણ, ખોવાયેલા-ભૂલાયેલા ઉપકરણો પાછા આપવા, આહાર-પરિભોગૈષણા વગેરે વાતો છે.

**ઉદ્દેશક : ૯** - આમાં ગૃહસ્વામીના ગ્રાહ્ય-અગ્રાહ્ય આહાર, સપ્ત-સપ્તમિકા ભિક્ષુ-પ્રતિમા, ત્રણ પ્રકારના અભિગ્રહ વગેરે વિષયો છે.

**ઉદ્દેશક : ૧૦** -આમાં ભિક્ષુપ્રતિમા, પાંચ પ્રકારના વ્યવહાર, શ્રમણ-પરીક્ષા, આચાર્ય તેમજ શિષ્યની ચતુર્ભંગી, ત્રણ-ત્રણ પ્રકારના સ્થવિરો અને શિષ્યો, આગમોનો અધ્યયન-કાળ, વૈયાવૃત્યના ૧૦ પ્રકાર અને તેનું ફળ જણાવીને આ સૂત્રનો ઉપસંહાર કરવામાં આવ્યો છે.

# આગમ ૩૮

અ) જીતકલ્પ સૂત્ર
બ) પંચકલ્પ સૂત્ર

## અ) જીતકલ્પ સૂત્ર ૩૮ - ૧

૧૦૩ ગાથાના આ આગમમાં દેશના-વંદનાથી આરંભીને અભિધેય પ્રાયશ્ચિત્તનું સંક્ષિપ્ત વર્ણન આપ્યું છે. તે પછી પ્રાયશ્ચિત્તનું માહાત્મ્ય અને તેના દસ ભેદ જણાવ્યા છે.

તે પછી આલોચના અને પ્રતિક્રમણ પ્રાયશ્ચિતના યોગ્ય દોષો, વિવેક અને વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત્તના યોગ્ય દોષો, વળી જ્ઞાનાતિચાર, દર્શનાતિચાર, પંચ મહાવ્રતના અતિચાર અને તેના પ્રાયશ્ચિત્ત, વિવિધ તપના અતિચાર તેમજ દ્રવ્ય, દેશ અને કાલ અનુસાર તપ વિષયક પ્રાયશ્ચિત્ત, જીતયંત્રનો વિધિ, પ્રતિસેવના અનુસાર પ્રાયશ્ચિત્ત વગેરે વર્ણન સુંદર રીતે આ છેદ ગ્રંથમાં મળે છે.

## બ) પંચકલ્પ ૩૮- ૨

પંચકલ્પ મૂળ આગમ હાલમાં ઉપલબ્ધ નથી તેથી ભાષ્ય છપાય છે. આ ગ્રંથમાં સાધુના આચારો અને પાંચ કલ્પ ના પ્રાયશ્ચિત્ત ની વાતો જણાવી છે.

નિષ્કપટીની અને કપટીની આલોચના પ્રાયચ્છિત, ગચ્છમાંથી નીકળેલા નું ફરી ગચ્છ પ્રવેશ પશ્ચાતાપીની ફરીથી દીક્ષા, પારાંચિત પ્રાયચ્છિતવાળાને, ક્રોધી, માની, ઉન્મતિ તેમ જ ઉપસર્ગથી પીડાયેલા મુનિ ને, આચાર્ય ઉપાધ્યાય પદ કોને આપવો ?, એકલ વિહારીને પ્રાયચ્છિત, વંદનવ્યવહાર વિહારની મર્યાદા, સાપ કરડે ત્યારે શું કરવું ?, મોહવિજય, ગવેષણા, આચાર્ય ઉપાધ્યાયના પાંચ અતિશયો, સ્વાધ્યાય તથા વાચના આપવી, મૃતશરીરની વિધિ, શય્યાત્તર ના ઘર નું શું કલ્પે ? શું ન કલ્પે ? માનવમુત્ર સેવન વિધિ, ત્રણ પ્રકારના અભિગ્રહો આગમ ક્યારે વંચાય, દશ પ્રકારની વૈયાવચ્ચ અને તેનું ફળ

Jain Education International 2010_03

For Private & Personal Use Only
www.jainelibrary.org

# આગમ - ૩૯ - ૧

ચરણાનુયોગમય દશાશ્રુતસ્કંધ સૂત્ર - ૩૯
આચાર દશા

દશા --------------------------૧૦
ઉપલબ્ધ મૂલપાઠ --------------૧૮૩૦ શ્લોક પ્રમાણ
ગદ્યસૂત્ર ----------------------૨૧૬
પદ્યસૂત્ર ------------------------૫૨

| દશા | સૂત્રસંખ્યા | દશા | સૂત્રસંખ્યા |
|---|---|---|---|
| પ્રથમા | ૨૧ | ષષ્ઠી | ૨૮ |
| દ્વિતીયા | ૨૨ | સપ્તમી | ૩૪ |
| તૃતીયા | ૩૫ | અષ્ટમી | ૧ |
| ચતુર્થી | ૧૯ | નવમી | ૪૦ |
| પંચમી | ૨૮ | દશમી | ૪૦ |
| | ૧૨૫ | | ૧૪૩ |
| | | | + ૧૨૫ |
| | | | ૨૬૮ |

પ્રથમા દશામાં સ્થવિરો દ્વારા કહેવાયેલાં ૧૦ અસમાધિસ્થાનો જણાવ્યાં છે.

દ્વિતીયા દશામાં સ્થવિરોક્ત (સ્થવિરો દ્વારા કહેવાયેલાં) ૨૧ સબળ દોષો છે.

તૃતીયા દશામાં સ્થવિરોક્ત ૩૩ આશાતનાઓ છે.

ચતુર્થી દશામાં સ્થવિરોક્ત આઠ ગણિસંપદા, વિનયશિક્ષાના ચાર ભેદ, શિષ્ય-વિનયના ચાર ભેદ, તથા ઉપકરણ-ઉત્પાદન, સહાયતા, ગુણાનુવાદ અને ગણભાર વહનના ચાર-ચાર ભેદો છે.

પંચમી દશામાં ભગવાન મહાવીરનું વાણિજ્ય ગ્રામમાં સમવસરણ અને સ્થવિરોક્ત ૧૦ ચિત્ત-સમાધિ સ્થાનોની વાત છે.

ષષ્ઠી દશામાં સ્થવિરોક્ત ૧૧ ઉપાસક પ્રતિમાઓ તેમજ અક્રિયાવાદી અને ક્રિયાવાદીના વર્ણન છે.

સપ્તમી દશામાં સ્થવિરોક્ત ૧૨ ભિક્ષુ પ્રતિમાઓની વાત છે.

અષ્ટમી પર્યૂષણા દશામાં ભગવાન મહાવીરના પાંચ કલ્યાણની વાત છે.

નવમી દશામાં ભગવાન મહાવીરનું ચંપાનગરીમાં સમવસરણ અને ૩૦ મહામોહનીય સ્થાનોનું વર્ણન છે.

દશમી આયતી દશામાં ભગવાન મહાવીરનું રાજગૃહમાં પદાર્પણ, નવનિદાન કર્મો, નિદાન કરનારાઓની ગતિ-ફળ તેમજ નિર્ગ્રંથ-નિર્ગ્રંથીઓની આલોચનાથી માંડીને આરાધના સુધીની વાતો છે.

# આગમ - ૩૯ - ૨

ધર્મકથાનુયોગમય કલ્પસૂત્ર - ૩૯

અધ્યયન -------------------------- ૧
ઉપલબ્ધ મૂલપાઠ --------------૧૨૧૫ શ્લોક પ્રમાણ
ગદ્યસૂત્ર -----------------------૩૧૨
પદ્યસૂત્ર ગાથા ------------------૧૪

આ સૂત્રના એક જ અધ્યયનના આરંભમાં પંચપરમેષ્ઠીને નમસ્કાર કરીને ભગવાન મહાવીરના જીવનચરિત્રમાં ભગવાન મહાવીરનું દેવલોકમાંથી ચ્યવન, માહણકુંડ ગામમાં ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની દેવાનંદાને ૧૪ સ્વપ્ન વગેરે વર્ણન કરીને હરિણગમૈષી દ્વારા ક્ષત્રિયકુંડ ગામમાં રાજા સિદ્ધાર્થની રાણી ત્રિશલામાં ગર્ભપલટો, ત્રિશલાને ૧૪ સ્વપ્નો, સ્વપ્નશાસ્ત્રીઓને આમંત્રણ, તેમના દ્વારા ૭૨ સ્વપ્નો અને તેના ફળ નું કથન, તીર્થંકર અને ચક્રવર્તીને ૧૪ સ્વપ્નો વગેરે વર્ણન કરીને ગર્ભની સ્થિરતાને લીધે ત્રિશલાનો વિલાપ વગેરે વર્ણન છે.

ભગવાન મહાવીરનો અભિગમ અને કાળક્રમે જન્મ, મહોત્સવમાં ૫૬ દિક્કુમારીઓ તેમજ ઈન્દ્રો અને દેવદેવીઓનું આવાગમન, ભગવાનના પરિવારજન જેવાં કે માતા-પિતા, કાકા, ભાઈ વગેરેના નામો સહિત વર્ણન, વર્ધમાન એવું નામકરણ, ભગવાન દ્વારા વર્ષીદાન, દીક્ષા ગ્રહણ તેમજ તેમણે સહન કરેલાં ઘોર ઉપસર્ગોનું વર્ણન, તે પછી કેવળજ્ઞાન, સંઘ સ્થાપના, ચતુર્વિધ સંઘરચના, ભગવાન મહાવીરનો નિર્વાણકાળ વગેરે વર્ણવીને આ કલ્પસૂત્રનો લેખનકાળ જણાવ્યો છે.

તે પછી ભગવાન પાર્શ્વનાથના જીવન ચરિત્રવર્ણન માં તેમના પાંચ કલ્યાણકનું


Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

સંક્ષિપ્ત વર્ણન કરીને વારાણસીમાં રાજા અશ્વસેનની રાણી વામાના ઉદરમાં ભગવાન પાર્શ્વનાથનું ચ્યવન, રાણીને ૧૪ સ્વપ્નો, પ્રભુનો જન્મ, વર્ષીદાન, દીક્ષા અને ૮૩ દિવસના ઉપસર્ગ સહનકાળના અંતે કેવળજ્ઞાન, ચતુર્વિધસંઘ, છદ્મસ્થ સંખ્યા વગેરેના વર્ણન પછી ભગવાન પાર્શ્વનાથનો નિર્વાણકાળ અને સર્વાયુનું વર્ણન છે.

તે પછી ભગવાન અરિષ્ટ નેમિનાથના પાંચ કલ્યાણકો, ભગવાન અરિષ્ટ નેમિનાથના આત્માનું રાજા સમુદ્રવિજયની રાણી શિવાના ઉદરમાં ચ્યવન, ૧૪ સ્વપ્નોનું દર્શન વગેરેથી લઈ સર્વાયુ સુધીનું વર્ણન, તેમજ અંતે ભગવાન અરિષ્ટ નેમિનાથથી માંડીને અજિતનાથ સુધીના ૨૦ તીર્થંકરોના વર્ણન પછી દરેકના વાચનાકાળ આપવામાં આવ્યા છે.

ત્યાર પછી ભગવાન ઋષભદેવના પાંચ કલ્યાણકો, તેમના આત્માનું દેવલોકમાંથી રાજા ભરતની રાણી મરુદેવાના ગર્ભમાં ચ્યવન, ૧૪ સ્વપ્નોનું વર્ણન, જન્મોત્સવ, કુમારજીવન, રાજયકાળ, કળા અને શિલ્પનો ઉપદેશ, ૧૦૦ પુત્રો અને તેમનો રાજ્યાભિષેક, વર્ષીદાન અને પછી અણગાર પ્રવ્રજ્યા, કેવળજ્ઞાન, ચતુર્વિધ સંઘપરિવાર અને નિર્વાણકાળ જણાવી કલ્પસૂત્રનો વાચનાકાળ જણાવ્યો છે.

તે પછી ભગવાન મહાવીરના નવ ગણો અને ૧૧ ગણધરો, તેમના ગોત્ર, આગમજ્ઞાન અને નિર્વાણકાળ બતાવીને સ્થવિરાવલી એટલે કે સ્થવિરોના કુળ, ગોત્ર, શાખા વગેરે (વિશેષ માટે જુઓ - ભગવતી સૂત્રનો ભાવાર્થનું પહેલું પાન) વર્ણન છે.

અંતે સાધુ-સમાચારીમાં ભગવાન મહાવીર સ્વામીનો વર્ષાવાસનો નિશ્ચય, એનો અવગ્રહ ક્ષેત્ર, ભિક્ષાચર્યા ક્ષેત્ર, નદીપારના વિધિ-નિષેધ, વગેરેનું વિસ્તૃત વર્ણન કરીને પાંચ પનક સૂક્ષ્મ, પાંચ બીજસૂક્ષ્મ વગેરે આઠ સૂક્ષ્મ, લોચ અને એનું વિધાન અને વિકલ્પો, ભિક્ષાચર્યાના દિશા અભિગ્રહ જણાવી સમાચારીની આરાધનાથી નિર્વાણ પ્રાપ્તિના કથનથી ઉપસંહાર કરવામાં આવ્યો છે.

श्री कैलाससागरसूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि. ३८२००७

## આગમ - ૪૦

ચરણાનુયોગમય આવશ્યક સૂત્ર - ૪૦

| | | |
|---|---|---|
| અધ્યયન | ૬ | |
| મૂલપાઠ | ૧૦૦ | શ્લોકપ્રમાણ |
| ગદ્યસૂત્ર | ૭૧ | |
| પદ્યસૂત્ર | ૯ | |

**(૧) અધ્યયન : સામાયિક**

આમાં સામાયિક-વ્રત ગ્રહણ કરવાનો પાઠ છે.

**(૨) અધ્યયન : ચતુર્વિંશતિસ્તવ**

આમાં ચતુર્વિંશતિ (૨૪) સ્તવનો પાઠ છે.

**(૩) અધ્યયન : વંદના**

આમાં નમસ્કાર મંત્ર, ગુરુવંદના, દ્વાદશાવર્ત (૧૨ આવર્તન) ગુરુવંદના તેમજ અરિહંત વંદનાના પાઠ છે.

**(૪) અધ્યયન : પ્રતિક્રમણ**

આમાં સંક્ષિપ્ત પ્રતિક્રમણનો પાઠ આપીને શયન, ભિક્ષાચર્યા, કાળપ્રતિલેખના, અસંયમ, દ્વિવિધ-બંધન, ત્રિવિધ દંડ વગેરેથી ૩૩ આશાતના સંબંધી ૪૬ અતિચારોના પાઠ તેમજ સર્વ અતિચારોના પાઠો અને ધર્મારાધનની પ્રતિજ્ઞાનો પાઠ છે.

**(૫) અધ્યયન : કાયોત્સર્ગ**

આમાં કાયોત્સર્ગની પ્રતિજ્ઞા અને કાયોત્સર્ગના આગારોના પાઠ છે.

**(૬) અધ્યયન : પ્રત્યાખ્યાન**

આમાં નમસ્કાર સહિત (નવકારશી) પ્રત્યાખ્યાનનો પાઠ આપીને પૌરુષી, પૂર્વાર્ધ, એકાશન વગેરે નવ પ્રત્યાખ્યાનોના પાઠ આપીને પ્રત્યાખ્યાનના પારણાનો પાઠ છે.

**શ્રમણોપાસક (શ્રાવક)ના આવશ્યક સૂત્ર**

**(૧) આવશ્યક : સામાયિક**

આમાં સામાયિક-વ્રત સ્વીકારનો પાઠ છે.

**(૨) આવશ્યક : ચતુર્વિંશતિ-સ્તવ**

141090



Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**(૩) આવશ્યક : વંદના**

આ બંને આવશ્યકો શ્રમણના આવશ્યકોના સમાન છે.

**(૪) આવશ્યક : પ્રતિક્રમણ**

આમાં જ્ઞાનાતિચાર, દર્શનાતિચાર અને ૧૨ વ્રતાતિચારોના પાઠ તેમજ સંલેખના, ૧૮ પાપસ્થાનકો અને ક્ષમાપનાના પાઠ છે.

**(૫) આવશ્યક : કાયોત્સર્ગ**

આ આવશ્યકનો પાઠ શ્રમણના આવશ્યકના સમાન છે.

**(૬) આવશ્યક : પ્રત્યાખ્યાન**

આમાં સમુચ્ચય-પ્રત્યાખ્યાનના પાઠ છે અને આ સાથે આ આવશ્યક સૂત્રની સમાપ્તિ થાય છે.

## આગમ - ૪૧

### ચરણાનુયોગમય દશવૈકાલિક સૂત્ર - ૪૧

| | | |
|---|---|---|
| અધ્યયન | ૧૦ | |
| ચૂલિકા | ૨ | |
| ઉદ્દેશક | ૧૪ | |
| મૂલપાઠ | ૭૦૦ | શ્લોક પ્રમાણ |
| પદ્યસૂત્ર | ૫૧૪ | |
| ગદ્યસૂત્ર | ૩૧ | |

**(૧) અધ્યયન : દ્રુમપુષ્પિકા**

આમાં ધર્મનું સ્વરૂપ અને લક્ષણ તથા શ્રમણોની માધુકરી વૃત્તિનું વર્ણન છે.

**(૨) અધ્યયન : શ્રામણ્યપૂર્વક**

૧૧ ગાથાના આ અધ્યયનમાં શ્રમણ, ત્યાગી, કામ-રાગ નિવારણ, મનોનિગ્રહના સાધનો, અગંધન કુળના સાપ, રથનેમિનું સંયમમાં સ્થિરીકરણ વગેરે વર્ણન છે.

**(૩) અધ્યયન : ક્ષુલ્લકાચાર - કથા**

આમાં નિર્ગ્રંથના અનાચારોનું નિરૂપણ કરીને નિર્ગ્રંથનું સ્વરૂપ અને ઋતુચર્યા, સંયમ સાધનાનું ફળ વગેરે વર્ણન છે.

**(૪) અધ્યયન : ષડ્ જીવ-નિકાય**

આમાં છ જીવ-નિકાય (જીવસમૂહ) નો નામ નિર્દેશ, પ્રકારો અને લક્ષણ આપીને જીવવધ ન કરવાનો ઉપદેશ, પાંચ મહાવ્રતો અને રાત્રિભોજન- વિરમણ વ્રત, યતના, ઉપદેશો અને ધર્મફળ સંબંધી વર્ણન છે.

**(૫) અધ્યયન : પિંડૈષણ**

(૧) ગવેષણા ઉદ્દેશક - આ ઉદ્દેશકમાં ભોજન, પાણી વગેરેની ગવેષણા (શોધ), ગ્રહણૈષણા માં ભક્તપાન લેવાના વિધિનિષેધ, તથા ભોગૈષણામાં ભોજનની અપવાદવિધિઓ આપીને અંતે મુધા-દાયી અને મુધા-જીવીની દુર્લભતા અને એમની ગતિ વર્ણવી છે.

(૨) પિંડૈષણા ઉદ્દેશક - આ ઉદ્દેશકમાં એઠું ન રાખવાનો આદેશ, અકાળ ભિક્ષાચારી શ્રમણને ઠપકો, આગળો-ભોગળ વગેરેને ઓળંગવાનો નિષેધ તથા રસલોલુપતા અને તેના દુષ્ટ પરિણામો, મદ્યપાન-નિષેધ, ચોરીછુપીથી મદિરાપાનનો નિષેધ, ગુણાનુપ્રેક્ષીની સાધના અને આરાધનાનું નિરૂપણ, તપશ્ચર્યાના બળે માયા-જૂઠાણું વગેરેના નિષેધ અને તે તે કરવાથી હાનિ વગેરે વર્ણવીને સમાચારીને સમ્યક્ પાલનનો ઉપદેશ આપ્યો છે.

**(૬) અધ્યયન : મહાચાર-કથા -**

આ અધ્યયનમાં નિર્ગ્રંથના આચારના ૧૮ સ્થાનોનું વર્ણન કરવામાં આવ્યું છે :- (૧) અહિંસા, (૨) સત્ય, (૩) અચૌર્ય (અસ્તેય - ચોરી ન કરવી), (૪) બ્રહ્મચર્ય, (૫) અપરિગ્રહ, (૬) રાત્રિભોજનનો ત્યાગ, (૭-૧૨) પૃથ્વી - અપ્(જલ) - તેજ - વાયુ - વનસ્પતિ - ત્રસકાયિકોની યતના, (૧૩) અકલ્પ્ય (અકલ્પનીય વસ્તુ લેવાનો નિષેધ), (૧૪) ગૃહિ-ભોજન (ગૃહસ્થના પાત્ર), (૧૫) પર્યંક (આસન, પલંગ વગેરે), (૧૬) નિષદ્યા, (૧૭) સ્નાન અને (૧૮) વિભૂષા (આભૂષણ) વર્જન વગેરેનું વર્ણન છે. અંતે આચારનિષ્ઠ શ્રમણની ગતિ વર્ણવીને ઉપસંહાર કરવામાં આવ્યો છે.

**(૭) અધ્યયન : વાક્યશુદ્ધિ (ભાષા-વિવેક)**

આમાં અવાચ્ય સત્ય, સત્યાસત્ય, મૃષા અને અનાચીર્ણ વ્યવહાર ભાષાના ચાર પ્રકારોના વિધિ-નિષેધ તેમજ ગાય, વૃક્ષ, ઓષધિ (અનાજ), શંખડી વગેરે વિષે સાવદ્ય પ્રવૃત્તિથી બોલવાનો નિષેધ, મેઘ, આકાશ, રાજા અને પવન માટે અભિલાષાત્મક ભાષા બોલવાનો નિષેધ, આમ ભાષાવિષયક વિધિ-નિષેધો આપીને અંતે પરીક્ષ્યભાષી (વિચારીને બોલનાર) ને પ્રાપ્ત થતા ફળનું વર્ણન છે.

Jain Education International 2010_03

For Private & Personal Use Only
www.jainelibrary.org

**(૮) અધ્યયન : આચાર-પ્રણિધિ**

આમાં ષડ્જીવ-નિકાયની યતનાવિધિ, આઠ સૂક્ષ્મ સ્થાનો, પ્રતિલેખન અને પ્રતિષ્ઠાપનનો વિવેક, ખાન-પાન સંગ્રહનો નિષેધ, ભોજન-લોભ અને અપ્રાસુક-ભોજનનો નિષેધ, કષાયના પ્રકારો અને તેનો ત્યાગ, વિનય આચાર, ચાર ઈન્દ્રિય સંયમ, સ્ત્રીની ભયાનકતા, પુરાકૃત મલવિશોધન ઉપાય વગેરે આચારોનું પ્રણિધાન કરવામાં આવ્યું છે.

**(૯) અધ્યયન : વિનય / સમાધિ**

(૧) વિનય ઉદ્દેશક - આ ઉદ્દેશકમાં વિનયથી પ્રાપ્ત થતી માનસિક સ્વસ્થતાનું વર્ણન છે.

(૨) સમાધિ ઉદ્દેશક - આમાં અવિનીત (અવિનયી)ની આપત્તિઓ અને સુવિનીત (વિનયી)ની સંપદાઓ જણાવી અંતે અવિનયીને મોક્ષ અશક્ય ,જયારે વિનય-કોવિદ (વિનય ને જાણનાર)ને મોક્ષની સુલભતા દર્શાવી છે.

(૩) વિનય-સમાધિ ઉદ્દેશક - આમાં પૂજ્યના લક્ષણ, તેમની અર્હતા (યોગ્યતા)નો ઉપદેશ, તેમના પ્રત્યે નમ્રતા, વંદનશીલતા, આજ્ઞાપાલકતા વગેરે બાબતો જણાવીને અંતે ગુરુની પરિચર્યા અને તેનું ફળ બતાવવામાં આવ્યું છે.

(૪) ઉદ્દેશક -આમાં સમાધિના વિનય, શ્રુત, તપ અને આચાર એમ ચાર પ્રકારો તેમજ તે પ્રકારના ચાર-ચાર પેટા પ્રકારો વર્ણવીને તે બધાની આરાધના અને તેનું ફળ બતાવવામાં આવ્યાં છે.

**(૧૦) અધ્યયન : સભિક્ષુ**

આ અધ્યયનના આરંભમાં ચિત્તસમાધિ, સ્ત્રી-મુક્તતા, ભોગોનું અનાસેવન, કષાય-ત્યાગ, ધ્રુવ-યોગિતા, અકિંચનતા, શ્રામણ્ય-રતતા, નિ:સંગતા, ઉંછચારિતા (વીણીને ખાવું) વગેરેનું વર્ણન કરી અંતે ભિક્ષુની ગતિનું નિરૂપણ છે.

**(૧) રતિવાક્યા ચૂલિકા :**

તેની પ્રથમ ચૂલિકામાં સંયમમાં અસ્થિર થયેલાને સ્થિર કરનારો ૧૮ સ્થાનોનું અવલોકનનો ઉપદેશ, ભોગના માટે સંયમ-ત્યાગ કરનારના ભવિષ્યની અનિશ્ચિતતા, પશ્ચાત્તાપપૂર્ણ મનોવૃત્તિનું નિરૂપણ, ભોગાસક્તિથી નીપજતા કુફળ, સંયમમાં મનને સ્થિર કરવાનું ચિંતનસૂત્ર અને અંતે માનસિક સંકલ્પનું નિરૂપણ છે.

**(૨) વિવિક્તચર્યા ચૂલિકા :**

આ ચૂલિકામાં વિવિક્ત (અલગ-અલગ) ચર્યાનો ઉપદેશ છે. સાધુને માટે ચર્યા તેમજ ગુણો અને આવશ્યકતા, અનિકેતવાસ વગેરેની ચર્યા, ભિક્ષા-વિશુદ્ધિના અંગો, એકાકી વિહાર, ચાતુર્માસ અને માસકલ્પ, આત્મનિરીક્ષણ આત્મરક્ષાનો ઉપદેશ તેમજ અરક્ષિત અને સુરક્ષિત આત્માની ગતિનું નિરૂપણ છે.

## આગમ - ૪૨

### સર્વાનુયોગમય ઉત્તરાધ્યયન સૂત્ર - ૪૨

| | | |
|---|---|---|
| અધ્યયન | ૩૬ | |
| ઉપલબ્ધ મૂલપાઠ | ૨૧૦૦ | શ્લોક પ્રમાણ |
| પદ્યસૂત્ર | ૧૬૫૬ | |
| ગદ્યસૂત્ર | ૮૯ | |

૩૬ અધ્યયનોનાં નામ

| | |
|---|---|
| ૧. વિનયશ્રુત | ૧૯. મૃગાપુત્રીય |
| ૨. પરિષહ ★ | ૨૦. મહાનિર્ગ્રંથીય |
| ૩. ચાતુરંગીય | ૨૧. સમુદ્રપાલીય |
| ૪. અસંસ્કૃત/પ્રમાદાપ્રમાદ | ૨૨. રહનેમીય |
| ૫. અકામ મરણ | ૨૩. કેશી-ગૌતમીય |
| ૬. ક્ષુલ્લક નિર્ગ્રંથીય/પુરુષવિદ્યા ★ | ૨૪. સમિતિ |
| ૭. ઔરભ્રીય | ૨૫. યજ્ઞીય |
| ૮. કાપિલીય | ૨૬. સમાચારી |
| ૯. નમિ-પ્રવ્રજ્યા | ૨૭. ખલુંકીય |
| ૧૦. દ્રુમ-પત્રક | ૨૮. મોક્ષમાર્ગ ગતિ |
| ૧૧. બહુશ્રુત પૂજ્ય | ૨૯. સમ્યક્ત્વ-પરાક્રમ ★ |
| ૧૨. હરિકેશીય | ૩૦. તપમાર્ગ |
| ૧૩. ચિત્તસંભૂતીય | ૩૧. ચરણ-વિધિ |
| ૧૪. ઈષુકારીય | ૩૨. પ્રમાદસ્થાન |
| ૧૫. સભિક્ષુ | ૩૩. કર્મ-પ્રકૃતિ |
| ૧૬. બ્રહ્મચર્ય સમાધિ ★ | ૩૪. લેશ્યા વર્ણન |
| ૧૭. પાપશ્રમણીય | ૩૫. અણગાર |
| ૧૮. સંયતીય | ૩૬. જીવાજીવવિભક્તિ |

★ ૨-૬-૧૬-૨૯ અધ્યયનોમાં અનુક્રમે ૪-૧-૧૦-૭૪ ગદ્યસૂત્રો પણ છે. બાકીનામાં પદ્યસૂત્રો જ છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**(૧) અધ્યયન : વિનય**

આમાં વિનીત-અવિનીતના લક્ષણ, વિનીતને અશ્વની અને અવિનીતને અડિયલ ટટ્ટુની ઉપમા તેમજ આત્મ-દમન-નિગ્રહનો ઉપદેશ, ભાષા તથા ગવેષણા, ગ્રહણૈષણા અને ગ્રાસૈષણા સંબંધી વિવેક અને અંતે વિનયની સર્વત્ર પ્રશંસા થાય છે એ કથનથી ઉપસંહાર કરવામાં આવ્યો છે.

**(૨) અધ્યયન : પરિષહ**

આમાં ભગવાન મહાવીર દ્વારા ક્ષુધા (ભૂખ), પિપાસા (તરસ), શીત, ઉષ્ણ વગેરે ૨૨ પરિષહોના વર્ણન કરીને તે સહન કરવા પ્રેરણા કરી છે.

**(૩) અધ્યયન : ચાતુરંગીય**

આમાં (૧) મનુષ્યભવ, (૨) શ્રુતિ(ધર્મ-શ્રવણ), (૩) શ્રદ્ધા અને (૪) વીર્ય(આચરણ) એ ચાર અંગોની દુર્લભતા અને તે ચાર અંગોની પ્રાપ્તિથી આ લોક અને પરલોકના ફળ અને સિદ્ધગતિ થાય છે તેનું વર્ણન છે.

**(૪) અધ્યયન : અસંસ્કૃત / પ્રમાદાપ્રમાદ**

આમાં પ્રમાદના ઉપદેશમાં ચોર અને દીપકનું ઉદાહરણ તેમજ અપ્રમાદના ઉદાહરણમાં ભારંડ પક્ષીનું ઉદાહરણ આપીને રાગ-દ્વેષ કષાયની નિવૃત્તિ અને સમભાવ-સાધનાનો ઉપદેશ છે.

**(૫) અધ્યયન : અકામ-મરણ**

આમાં મરણ-વિષયક પ્રશ્નો, મરણના બાલ-મરણ તેમજ પંડિત-મરણ એમ બે પ્રકારો બતાવીને અળશિયાનું, ગાડાવાળા (શાકટિક)નું તેમજ જુગારી (દ્યૂતકાર) નું એમ ત્રણ ઉદાહરણો આપીને બાલ-વ્યક્તિઓના અકામ-મરણ તેમજ સંયમીઓનું પંડિત-મરણ બતાવ્યાં છે. ગૃહસ્થ અને ભિક્ષુની પ્રકારાનુસાર મરણ-ગતિ બતાવીને અંતે પંડિતોના ત્રણ સકામ-મરણની વાત કરી છે.

**(૬) અધ્યયન : ક્ષુલ્લક નિર્ગ્રંથ / પુરુષવિદ્યા**

આમાં અજ્ઞાનીઓનું દુ:ખમય જીવન, મૈત્રી-ભાવના, અશરણ ભાવના, હિંસા અને અદત્તાદાન (ચોરી)નો નિષેધ તેમજ પક્ષીનું ઉદાહરણ આપીને ગવેષણાનો ઉપદેશ છે.

**(૭) અધ્યયન : ઔરભ્રીય**

આમાં મહેમાનોના નિમિત્તે પાળવામાં આવતા ઘેટાંનું ઉદાહરણ તેમજ કાકિણી, આમ્ર (કેરી), ત્રણ વાણિયા અને સમુદ્રના ઉદાહરણ, દેવો અને મનુષ્યોના કામ-ભોગોની તુલના તેમજ ધર્મ અધર્મની તુલના આપવામાં આવી છે.

**(૮) અધ્યયન : કાપિલીય**

આમાં ભિક્ષુના લક્ષણ, દુર્ગતિ રોકવાના ઉપાયની જિજ્ઞાસા, તેમજ માખી, સાંયાત્રિક અને પાણીના પ્રવાહના ઉદાહરણો, કપિલનું આખ્યાન અને અંતે ધર્મઆરાધકોની ઉભય લોક-આરાધનાનું વર્ણન છે.

**(૯) અધ્યયન : નમિ-પ્રવ્રજ્યા**

આમાં નમિ-રાજાનું જાતિસ્મરણ, એનો ગૃહત્યાગ, બ્રાહ્મણરૂપે શક્રેન્દ્ર દ્વારા નગરજનો, રાણીઓ વગેરે પર ધ્યાન દેવાની પ્રાર્થના, નમિ-રાજાના સચોટ ઉત્તરો, ઈન્દ્રનું પ્રાકટ્ય, નમિ-રાજાની પ્રવ્રજ્યા વર્ણવીને અંતે પ્રબુદ્ધ પુરુષોએ નમિ-રાજાની માફક ભોગોમાંથી નિવૃત્તિ લેવી એવો ઉપદેશ છે.

**(૧૦) અધ્યયન : દ્રુમ-પત્રક**

આમાં મનુષ્ય જીવનને ઝાડના પાનની અને કુશ-ઘાસની ટોચે ચોંટેલા પાણીના ટીપાની ઉપમા આપીને મનુષ્ય જીવનની દુર્લભતા બતાવી છે. પૂર્વકર્મોની રજ દૂર કરવાનો ઉપદેશ તેમજ શરદ્ ઋતુના કમળ, માર્ગ, ભારવાહક અને સમુદ્ર-તટના ઉદાહરણો આપીને અંતે રાગ-દ્વેષનો ક્ષય કરવાનો ઉપદેશ છે.

**(૧૧) અધ્યયન : બહુશ્રુત-પૂજ્ય**

આમાં અણગારના આચાર-કથનની પ્રતિજ્ઞા કરીને અવિનીત તેમજ જિજ્ઞાસુના લક્ષણ, જિજ્ઞાસુના પાંચ દોષ અને આઠ ગુણ બતાવને યોગ્ય જિજ્ઞાસુનું લક્ષણ આપવામાં આવ્યું છે. તે યોગ્ય જિજ્ઞાસુ - બહુશ્રુતને શંખનું જળ, અશ્વ, અશ્વારોહી વીર વગેરે જુદા જુદા ૧૭ ઉપમાન - વસ્તુઓ સાથે સરખાવી અંતે શ્રુતના અધ્યયનથી શિવપદ મળે છે એવો ઉપદેશ છે.

**(૧૨) અધ્યયન : હરિકેશીય**

આમાં ચંડાળકુળમાં જન્મેલો હરિકેશી શ્રમણ ભિક્ષા લેવા બ્રહ્મયજ્ઞમાં જાય છે અને ત્યાં બ્રાહ્મણો દ્વારા અનાદર પામે છે, તિંદુક યક્ષનો કોપ અને બ્રહ્મકુમારોની દુર્દશા, યજ્ઞ-પ્રમુખ દ્વારા ક્ષમાયાચના અને હરિકેશીને ભિક્ષાદાન અને અંતે હરિકેશી દ્વારા અધ્યાત્મસ્નાન અને અધ્યાત્મ યજ્ઞનું પ્રતિપાદન છે.

**(૧૩) અધ્યયન : ચિત્ત-સંભૂતિ**

આમાં પુરિમતાલમાં જન્મેલા ચિત્ત અને સંભૂતિની હસ્તિનાપુરથી ચ્યવન પછી કાંપિલ્યપુરની રાણી ચુલિની દેવીમાં જન્મેલા બ્રહ્મદત્તનું મિલન, ચિત્તદ્વારા અશરણ ભાવનાનો ઉપદેશ અને આર્ય કર્મોની પ્રેરણા, કાદવમાં ફસાયેલા હાથીની જેમ બ્રહ્મદત્તની ભોગોમાં આસક્તિ અને તેને લીધે મૃત્યુ પછી નરકમાં ઉત્પત્તિ અને ચિત્તને મુક્તિ વગેરે વર્ણન છે.

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

**(૧૪) અધ્યયન : ઈષુકારીય**

આમાં રાજા ઈષુકુમાર અને રાણી કમલાવતી તેમજ પુરોહિત ભૃગુ અને તેની પત્ની જસા, તેમના બે પુત્રો મળી કુલ્લે છ જણાનો પુરોહિતના પુત્રો તરીકેનો બીજો ભવ, તેમાં પૂર્વભવ-સ્મરણ અને પિતાને પ્રવ્રજ્યા માટે અનુમતિ- યાચના, પિતા-પુત્રોનો ગૃહસ્થ જીવન, આત્મા વગેરે વિષય પર ચર્ચાને અંતે છ જણા દ્વારા દીક્ષા ગ્રહણ વગેરે વર્ણન છે.

**(૧૫) અધ્યયન : સ ભિક્ષુ**

આમાં ભિક્ષુના લક્ષણ તેમજ નિયાણું, પ્રશંસા, કામ-ભોગોની ચાહના, એષણા વગેરેના નિષેધ, વિરક્તિ, અનાસક્તિ અને અત્યલ્પ સાધનો રાખવાના વિધિ વગેરે જેવા વિધિનિષેધો આપવામાં આવ્યા છે.

**(૧૬) અધ્યયન : બ્રહ્મચર્ય-સમાધિ**

આમાં ભગવાન મહાવીર દ્વારા બ્રહ્મચર્ય-સમાધિના સ્ત્રી-વિષયક પાંચ, ભોગ-વિષયક ચાર અને મનોજ્ઞ-શબ્દ-શ્રવણ મળીને કુલ્લે દસ સ્થાનોનું નિરૂપણ, તે બધાથી દૂર રહેવા ઉપદેશ અને બ્રહ્મચર્યના મહિમા તથા તેનાથી શિવપદ પ્રાપ્તિ વગેરે વર્ણન છે.

**(૧૭) અધ્યયન : પાપશ્રમણીય**

આમાં નિર્ગ્રંથ-ધર્મને જાણતો હોવા છતાં સ્વચ્છંદ-ચારી, પ્રમાદી, અધ્યયન-વિમુખ, અધિક-આહારી, અધિક-નિદ્રા લેનાર, અવિવેકી, માયાવી, બહુભાષી, અભિમાની, લોભી, વિષય-લોલુપ, દ્વેષી, ચંચળ, અનિયમિત ભોજન કરવાવાળો, દુરાચારી, વિદ્યોપજીવી વગેરે દુર્ગુણોનું અને અંતે પંચાશ્રવનું સેવન કરનાર શ્રમણ ભ્રષ્ટ થાય છે વગેરે વર્ણન છે.

**(૧૮) અધ્યયન : સંયતીય**

કાંપિલ્યપુરના રાજા સંયતનું શિકાર માટે ગમન, મૃગને બાણથી વીંધવું, બાણ-હત મૃગનું અણગાર ગદ્દભાલી પાસે જવું, રાજાનું આગમન અને પશ્ચાત્તાપ, રાજા અને મુનિનો ધર્મ-સંવાદ, રાજા દ્વારા દીક્ષા ગ્રહણ અને ભરત, સગર, મઘવ વગેરે ૧૯ રાજાઓએ લીધેલી પ્રવ્રજ્યા વગેરે વર્ણન પછી અંતે જે સર્વથા પરિગ્રહથી મુક્ત છે તેને મુક્તિ મળે છે તેવો ઉપદેશ છે.

**(૧૯) અધ્યયન : મૃગાપુત્રીય**

આમાં સુગ્રીવ નગરના રાજા બળભદ્ર અને રાણી મૃગાના પુત્ર મૃગાની કથા છે. મૃગા પુત્રને મુનિનું દર્શન થવાથી પૂર્વ-જન્મ-સ્મૃતિ, માતાપિતા સાથે પ્રવ્રજ્યાની અનુમતિ પ્રાર્થના, ભોગો અને શ્રમણ-જીવનની કઠણતા વિષયક ચર્ચા, અંતે પ્રવજ્યા, એક માસની સંલેખના અને શિવપદ પ્રાપ્તિ વગેરે વર્ણન છે.

**(૨૦) અધ્યયન : મહાનિર્ગ્રંથીય**

આમાં આરંભે સિદ્ધો અને સંયતોને નમસ્કાર કરીને સત્ય ધર્મકથાની પ્રેરણા કરવામાં આવી છે. મગધના રાજા શ્રેણિક અને અનાથી મુનિનો સુંદર વાર્તાલાપ છે. અનાથતાના વિવિધ પ્રકારો જણાવી મહાનિર્ગ્રંથના જીવનનું વિસ્તૃત વર્ણન છે. આમાં મુનિ જીવનની તુલના પક્ષિ-જીવન સાથે કરવામાં આવી છે.

**(૨૧) અધ્યયન : સમુદ્રપાલીય**

આમાં ભગવાન મહાવીરના ચંપા નગરીવાસી શિષ્ય પાલિત શ્રાવક અને તેની પત્નીના પિહુડ નગરથી પરત આવતી વખતે સમુદ્રમાં પુત્ર જન્મ, પુત્રનું નામ સમુદ્રપાલ, કાળક્રમે કોઈ ચોરને વધ્યભૂમિ પર લઈ જવાતો જોઈને વૈરાગ્ય, પછી પ્રવ્રજ્યા, સંયમ સાધના અને કેવળજ્ઞાન વગેરે વર્ણનના અંતે સમુદ્રપાલ સંસાર-સમુદ્રને પાર કરી ગયાનો ઉપસંહાર છે.

**(૨૨) અધ્યયન : રહનેમીય (રથનેમીય)**

આમાં શૌરીપુરના રાજા વસુદેવની પત્ની શિવાના પુત્ર અરિષ્ટનેમિ દ્વારા વિવાહમંડપમાં વધમાટે રાખેલા પક્ષીઓને ઉડાડી મૂકવા, દીક્ષા અને રૈવતક-પર્વત પર તપ, રાજીમતી કુમારીની પ્રવ્રજ્યા અને અરિષ્ટનેમિના દર્શનાર્થે રૈવતક-પર્વત પર જતા માર્ગમાં વરસાદમાં ભીંજાઈ જવું, ભીના વસ્ત્રો સૂકવવા ગુફામાં જવું, ત્યાં તપ કરતા રથનેમિનું સંયમથી વિચલિત થવું, રાજીમતીનો ઉપદેશ, રથનેમિની સંયમમાં સ્થિરતા અને બંનેને કેવળજ્ઞાન અને નિર્વાણ વગેરે વર્ણન છે.

**(૨૩) અધ્યયન : કેશી-ગૌતમીય**

આમાં ભગવાન પાર્શ્વનાથના શ્રાવસ્તીના કેશીશ્રમણ અને ભગવાન મહાવીરના શિષ્ય ભગવાન ગૌતમ ગણધરનું મિલન, ભગવાન ગૌતમ ગણધર દ્વારા કેશીના ચતુર્યામધર્મ, અનુયાયી-શ્રમણ, વિજય-પ્રાપ્તિક્રમ વગેરે ૧૨ પ્રશ્નોના ઉત્તર અને સમાધાન અને કેશી શ્રમણ વડે પંચ મહાવ્રત ધારણ વગેરે વર્ણન છે.

**(૨૪) અધ્યયન : સમિતિ**

આમાં આઠ પ્રવચન-માતામાં પાંચ સમિતિઓ ઈર્યા, ભાષા, એષણા, આદાન અને પરિષ્ઠાપનિકા તેમજ ત્રણ ગુપ્તિ-મન, વચન અને કર્મ, તે બધાનાં ભેદોનું વર્ણન કરીને આ આઠ પ્રવચન-માતાની સમ્યક્ આરાધનાથી મુક્તિની વાત છે.

**(૨૫) અધ્યયન : યજ્ઞીય**

આમાં વારાણસી બહાર ઉદ્યાનમાં ઉતારો કરી રહેલા જયઘોષ મુનિનું યજ્ઞ કરી રહેલા વિજય ઘોષના યજ્ઞમાં ભિક્ષાર્થે જવું, ભિક્ષા ન આપવી, વિજયઘોષના પ્રશ્નોના જયઘોષ દ્વારા ઉત્તર, સાચા બ્રાહ્મણ અને વેદ-વિહિત યજ્ઞનું વર્ણન તેમજ શ્રમણ, બ્રાહ્મણ,

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિ અને તાપસની વ્યાખ્યાઓને અંતે વિજયઘોષની ભિક્ષા ગ્રહણ માટે પ્રાર્થના, જયઘોષ મુનિ દ્વારા વિરતિનો ઉપદેશ, વિજયઘોષની પ્રવ્રજ્યા વગેરે વર્ણન છે.

**(૨૬) અધ્યયન : સમાચારી**

આમાં સમાચારી ના ૧૦ ભેદ અને ૧૦ કર્તવ્ય, દિવસ-સમાચારી અને તેને માટે દિવસના ચાર ભાગ અનુસાર શ્રમણ-કૃત્ય તેમજ રાત્રિ-સમાચારી અને તેને માટે રાત્રિના ચાર ભાગ અનુસાર શ્રમણ-કૃત્ય, સિદ્ધસ્તુતિ અને અંતે સમાચારીની આરાધનાથી શિવપદ પ્રાપ્તિની વાત જણાવી છે.

**(૨૭) અધ્યયન : ખલુંકીય**

આમાં ગર્ગાચાર્યના આધ્યાત્મિક પરિચય પછી તેમનું ચિંતન, દુષ્ટ શિષ્યોની દુષ્ટ આખલા સાથે તુલના અને તેને વહન કરનાર સારથિની પોતાની સાથે તુલના, દુષ્ટ શિષ્ય ત્યાગ અને એકાકી વિહારનું કથાનક છે.

**(૨૮) અધ્યયન : મોક્ષમાર્ગ-ગતિ**

આમાં મોક્ષમાર્ગના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એમ ચાર કારણ જણાવી દરેકના ભેદો અને તેની પરિભાષા તથા કર્તવ્યો વગેરે ચર્ચા કરીને તપ-સંયમ દ્વારા કર્મક્ષય થાય છે તેમ ઉપસંહાર કર્યો છે.

**(૨૯) અધ્યયન : સમ્યક્ત્વ - પરાક્રમ**

આમાં સંવેગ, નિર્વેદ, શ્રદ્ધા, શુશ્રૂષા (સેવા) વગેરે ૭૪ બાબતોના ફળની ચર્ચાને અંતે આ નિરૂપણ ભગવાન મહાવીર દ્વારા કરવામાં આવ્યું છે તેમ ઉપસંહાર કર્યો છે.

**(૩૦) અધ્યયન : તપ-માર્ગ**

આમાં તપશ્ચર્યાથી કર્મક્ષય થાય છે તેમ આરંભે જણાવીને છ પ્રકારના બાહ્ય તપ અને છ પ્રકારના આભ્યંતર તપ તેમના ભેદો અને લક્ષણો આપીને અંતે તપશ્ચર્યાથી નિર્વાણ મળે છે તેમ ઉપસંહાર કર્યો છે.

**(૩૧) અધ્યયન : ચરણ-વિધિ**

આમાં ચારિત્રથી ભવ-મુક્તિની વાત જણાવી, પ્રવૃત્તિ અને નિવૃત્તિની વ્યાખ્યા, રાગ દ્વેષ વગેરેમાંથી નિવૃત્તિ અને વ્રત-સમિતિઓ વગેરેમાં પ્રવૃત્તિ વગેરે વર્ણન પછી પિંડ-અવગ્રહ પ્રતિમા, બ્રહ્મચર્ય-ગુપ્તિ, ઉપાસક, ભિક્ષુ-પ્રતિમા વગેરેમાં પ્રવૃત્તિનું વિસ્તૃત વર્ણન કરી વિવિધ પ્રવૃત્તિ-નિવૃત્તિ જણાવી છે. ચરણ-વિધિની આરાધનાનું ફળ ભવ-મુક્તિ છે એવો ઉપસંહાર છે.

**(૩૨) અધ્યયન : પ્રમાદ સ્થાન**

આમાં સમાધિ-મરણનાં સાધનો, દુ:ખના કારણ અને તેમનો સમૂળો નાશ, પાંચ ઇન્દ્રિય-વિષયોથી વિરક્ત થવાનો ઉપદેશ, તેમજ વિરક્ત, વીતરાગ, જીવન્મુક્ત, મુક્તાત્મા વગેરેનું વર્ણન છે.

**(૩૩) અધ્યયન : કર્મ-પ્રકૃતિ**

આમાં (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુ, (૬) નામ, (૭) ગોત્ર અને (૮) અંતરાય- એમ કર્મની આઠ પ્રકૃતિઓ, જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિઓ અને તે કર્મોના અનુભાગ એવા રસ વગેરેનું વર્ણન છે.

**(૩૪) અધ્યયન : લેશ્યા-વર્ણન**

આમાં લેશ્યા સંબંધી ૧૧ અધિકાર, દરેક લેશ્યાના નામ, વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, પરિણામ, લક્ષણ, સ્થાન, સ્થિતિ અને ગતિ વગેરેનું વર્ણન છે.

**(૩૫) અધ્યયન : અણગાર**

આમાં સાધુ-નિવાસના અયોગ્ય સ્થાન, ભોજન રાંધવાનો નિષેધ, ભિક્ષાવૃત્તિ-વિધાન, સાધના-વિધિ વગેરે વર્ણન છે.

**(૩૬) અધ્યયન : જીવાજીવ વિભક્તિ**

આમાં જીવ-અજીવ વિભક્તિના જ્ઞાન દ્વારા સંયમ સાધનાની વાત જણાવીને લોક-અલોકનું સ્વરૂપ, જીવ-અજીવના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું નિરૂપણ કરીને અજીવના રૂપી-અરૂપી ભેદ-પ્રભેદો, લક્ષણ સ્થિતિ, પરિણામ વગેરે આપ્યાં છે.

જીવવિભાગમાં જીવના બે પ્રકાર- સિદ્ધ અને સંસારી, સંસારીના ભેદ-પ્રભેદો તેમજ તેમના લક્ષણ, સ્થિતિ, પરિણામ વગેરે વર્ણનને અંતે ઉપસંહારમાં જણાવ્યું છે કે આ છત્રીસ અધ્યયનોનું કથન કર્યા પછી ભગવાન મહાવીરને નિર્વાણ પ્રાપ્ત થયું હતું.

## આગમ - ૪૩

### ઓઘનિર્યુક્તિ : ૪૩ / ૧

અરિહંત પરમાત્માને નમસ્કાર કરી ચૌદપૂર્વી, દશપૂર્વી અગ્યાર અંગ ના ધારક (સાર્થ) સર્વસાધૂઓ ને વંદીને સંક્ષેપથી પણ વિસ્તૃત અર્થ ને ધારણ કરનારી ઓઘ નિર્યુક્તિ હું કહું છું.

ચરણસિત્તરી અને કરણસિત્તરી ના ભેદ કહી સાત દ્વાર જણાવે છે.

૧) પ્રતિલેખના ૨) પિંડ ૩) ઉપધિપ્રમાણ ૪) અનાયતન વર્જન ૫) પ્રતિસેવના ૬) આલોચના ૭) વિશુદ્ધિ

સાધૂ એકલા ક્યારે વિહાર કરી શકે તેની જુદી જુદી સમજણો આપી છે. રસ્તામા છકાયની જયણા કેવી રીતે કરવી, પગ પોંજવાનું, ગૌચરી કેવી રીતે વહોરવી, ક્યાં વાપરવી, માસકલ્પ,ચોમાસું ક્યાં કરવું ?

શય્યાત્તર પાસેથી શું કલ્પે :- કાલગ્રહણ કેવી રીતે લે, ઠલ્લુ, માત્રુ ક્યાં કરવું, ચોરો ઉપધિવિ ઉપાડી જાય તો પછી શું કરવું. ભીંતને ટેકો ક્યારે આપવું, ગ્લાન, બાલ, તપસ્વી માટે કેટલીવાર ગૌચરી જવાય, આહાર વધ્યો હોય તો શું કરવું ? દોષ લાગ્યા હોય તો કેવી રીતે પ્રાયશ્ચિત લેવું, વિગેરે વાતો કરીને આરાધના માં તત્પર ૩ જે ભવે મોક્ષે જાય અને આ સમાચારી સંયમની વૃદ્ધિ માટે જણાવી છે.

### પિંડ-નિર્યુક્તિ - ૪૩ /૨

(દશ વૈકાલિકના પાંચમા અધ્યયન પિંડેષણા ઉપર રચાયેલી નિર્યુક્તિ)

ગાથા ------ -------------- ૬૭૧

ઉપલબ્ધ પાઠ -------------- ૮૩૫ શ્લોક પ્રમાણ

આ પિંડ નિર્યુક્તિમાં મુખ્યતયા સાધુ-સાધ્વીના આહાર વગેરે સંબંધી વિસ્તૃત વર્ણન પદ્યગાથાઓમાં કરવામાં આવ્યું છે.

પહેલી ગાથામાં પિંડ નિર્યુક્તિના નામ, સ્થાપના, દ્રવ્ય વગેરે આઠ ભેદો-પ્રભેદો બતાવીને પૃથ્વી, અપ્(જળ), તેજ, વાયુ, વનસ્પતિ વગેરેના શુદ્ધ-મિશ્ર વગેરે ભેદોનું વર્ણન છે.

તે પછી ૧૬ ઉદ્ગમ દોષના વર્ણનમાં આધાકર્મ વગેરે ૪૨ દોષોનું નિરૂપણ કરીને પાંચ પ્રકારના વનીપક, પાંચ પ્રકારના શ્રમણો તેમજ ક્રોધ વગેરે ચાર પિંડ અને તેના ઉદાહરણો, ઉદ્ગમ દોષો તથા તેના ૪૩૨ અવાંતર ભંગો વગેરેનું વિસ્તૃત વર્ણન છે.

અંતે આહારનું પ્રમાણ, અલ્પ આહારના ગુણ, મિતાહાર, આહાર-પ્રયોજન, આહાર કરવાના અને ન કરવાના છ-છ દોષો અને તેનું વિવેચન કરીને એષણાના ૪૭ દોષો સાથે ઉપસંહાર કરવામાં આવ્યો છે.

## આગમ - ૪૪

### દ્રવ્યાનુયોગમય નન્દીસૂત્ર - ૪૪

અધ્યયન ------------------ ૧

ઉપલબ્ધ મૂલપાઠ ---------- ૭૦૦ શ્લોક પ્રમાણ

ગદ્યસૂત્ર ------------------ ૫૭

પદ્યગાથા ------ ------------ ૯૭

આ ગ્રંથના આરંભે પરમાત્મા વીરપ્રભુની સ્તુતિ કરીને ૪-૧૯ ગાથાઓમાં સંઘને નગર, ચક્ર, રથ, કમળ, ચંદ્ર, સૂર્ય, સમુદ્ર અને મેરુની ઉપમાઓ આપીને સ્તુતિ કરવામાં આવી છે. ૨૦-૨૧ ગાથાઓમાં ૨૪ જિનેશ્વરોની વંદના, ૨૩-૨૪ ગાથાઓમાં અનુક્રમે ૧૧ ગણધર અને જિનશાસનની સ્તુતિ છે.

૨૫-૫૦ ગાથાઓમાં સ્થવિરાવલી, ૫૧ મી ગાથામાં શ્રોતાઓને ૧૪ ઉપમાઓ આપી છે. ૫૨-૫૪ માં ત્રણ પ્રકારની પરિષદનું વર્ણન છે.

તે પછી ૧-૧૨ સૂત્રોમાં જ્ઞાનના ભેદો-પ્રભેદો અને તેની વ્યાખ્યા આપવામાં આવી છે,

૫૫-૬૨ ગાથાઓમાં અવધિજ્ઞાનના વ્યાખ્યા, ક્ષેત્ર, ભેદ વગેરે આપ્યા છે.

તે પછી ૧૩-૧૬ સૂત્રો અને ૬૩-૬૪ ગાથાઓમાં અવધિજ્ઞાનીઓની વાત કરીને ૧૭-૧૮ સૂત્રોમાં તેમજ ૬૫મી ગાથામાં મનઃપર્યવજ્ઞાન વિષે વાત છે.

તે પછી ૧૯-૨૩ સૂત્રોમાં અને ૬૬-૬૭ ગાથામાં કેવળજ્ઞાનના ભેદ-પ્રભેદો અને તેની નિત્યતા, ૨૪-૨૫ સૂત્રોમાં અને ૬૮-૮૧ ગાથાઓમાં પરોક્ષ જ્ઞાનના તેમજ

Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધિના ભેદો, પ્રકારો અને ઉદાહરણો આપ્યાં છે.

તે પછી ૨૬-૩૬ સૂત્રોમાં અને ૮૨-૮૭ ગાથાઓમાં મતિજ્ઞાનના ભેદ-પ્રભેદો, દષ્ટાંત અને સ્થિતિનું વર્ણન છે. ૩૭-૫૭ સૂત્રોમાં અને ૮૮-૯૩ ગાથાઓમાં શ્રુતજ્ઞાનના ભેદ-પ્રભેદો, વ્યાખ્યા, વિવિધ ઉદાહરણો, આચારાંગથી માંડીને વિપાક સુધી નિરૂપણ તેમજ દષ્ટિવાદ અને પરિકર્મના વિભાગ, સૂત્રના ૨૨ વિભાગ, ગણિપિટકની આરાધના-વિરાધનાનું ફળ અને અંતે શાસ્ત્રશ્રવણ કરનારના સાત કર્તવ્યોનું વર્ણન છે.

## આગમ - ૪૫

### દ્રવ્યાનુયોગપ્રધાન અનુયોગદ્વારસૂત્ર - ૪૫

| | | |
|---|---|---|
| દ્વાર | ૪ | |
| ઉપલબ્ધ મૂલપાઠ | ૧૮૯૯ | શ્લોક પ્રમાણ |
| ગદ્યસૂત્ર | ૧૫૨ | |
| પદ્યસૂત્ર | ૧૪૩ | |

આ આગમમાં પાંચ પ્રકારના જ્ઞાનથી શરૂઆત કરીને સૂત્રના ચાર નિક્ષેપ, સ્કંધના ચાર નિક્ષેપ, આવશ્યકના છ અધ્યયન તેમજ ઉપક્રમના છ નિક્ષેપોની વાત જણાવી છે.

આનુપૂર્વીના ૧૦ વેધ અને એના વિવિધ વિષયો જણાવીને દ્રવ્યપ્રમાણના છ ભેદ, સમાસના સાત ભેદ, તદ્ધિતના આઠ અને ધાતુના અનેક ભેદ જણાવી નિર્યુક્તિની વ્યાખ્યા આપી છે.

તે પછી પ્રમાદના ચાર ભેદ, કાલ-પ્રભાવના બે ભેદ તેમજ સમયની વ્યાખ્યા, આવલિકાથી માંડીને શીર્ષપ્રહેલિકા સુધીના ઔપમિક પલ્યોપમ વગેરે ભેદ-પ્રભેદો અને તેની વ્યાખ્યાઓ આપી છે.

૨૪ દંડકોમાં જીવોની સ્થિતિ, પાંચ શરીરોની વિચારણા, નયપ્રમાણના ત્રણ ભેદ સમજાવવા પ્રસ્થક, વસતિ અને પ્રવેશના દષ્ટાંતો, સંખ્યા-પ્રમાણના આઠ ભેદો અને તેની વ્યાખ્યા, સંખ્યાત, અસંખ્યાત અને અનંતની વ્યાખ્યા આપવામાં આવી છે.

સ્વ-સમય, પર-સમય અને ઉભય-સમયના નયોની વ્યાખ્યા, આવશ્યકના છ અર્થાધિકાર અને છ સમવતાર જણાવી અંતે સાત નયોની વ્યાખ્યાથી ઉપસંહાર કરવામાં આવ્યો છે.

**ઈતિ ૪૫ આગમોનો ભાવાર્થ સંપૂર્ણ.**



Jain Education International 2010_03 For Private & Personal Use Only www.jainelibrary.org